છુપી પોલીસની કેળવાયેલ ખરું કરનારી વાર્તા

લાલસાનો ભોગ યાને

વીર કુંવર ચાર સુંદર ચિત્રો સાથે



સુંદરલાલ ત્રાંગના વિલાસીકાન તથા વધુ માટે પૃષ્ઠ ૭ વાંચો

૧૧૫ મૂલ્ય માત્ર **આઠ આના.**

શ્રી પરમાત્મને નમઃ ! -:૦:- શ્રી સરસ્વત્યૈ નમઃ !

ડિટેકટીવ વાર્તામાળા. -શ્રી- ..."પુષ્પ" ૩ જું.

લાલનો એક્કો

અથવા

"વીર-લૂટારૂ !"

[એક બળવાન લુટારૂના અલૌકિક વીરત્વે ભરપૂર નવલકથા.]

પ્રયોજકઃ—"પુષ્પ"

સતીના શ્રાપ લાગે છે, વિષયી ! એ વાત નહિ ખોટી,
સતી-સ્હાયે સદા તૈયાર રે'છે ઇશ્વરી-સોટી !

પ્રકાશકઃ—

હરિલાલ અને પ્રાણલાલ બુકસેલરો.

તાર ઓફિસ સ્હામે-સુરત.

પ્રથમાવૃત્તિ. ઇ. સ. ૧૯૨૪ પ્રત ૨૦૦૦

મૂલ્ય રૂ. ૦-૮-૦

બે બોલ !

આ પ્રકારની ડિટેકટીવ નવલકથા લખવા પ્રતિ આ મ્હારો દ્વિતિય પ્રયાસ હેવી. શારદાની આ સાતમી સેવા. (કૃતિ) પ્રથમ પ્રયત્ને ડિ. નવલકથા નામે "ખૂની કોણ ?" લખ્યા બાદ જનસમાજના પ્રોત્સાહને પ્રેરાઇ આ દ્વિતીય પગલું ભર્યું છે. પ્રત્યેક પુસ્તક લખવામાં પ્રત્યેક લેખકનો કંઇ ને કંઇ પણ ઉદ્દેશ હોવોજ જોઇએ, અને હોય છે, તદ્ અનુસાર આ વાર્તા ડિટેકટીવ હોવા છતાં, અને એ'વી વાર્તાઓમાં છળ, બળ, કળ સાથે ભેદ ભયંકરતાજ પ્રાધાન્ય ભોગવતાં હોવા છતાં, એ'માં એક મહાન ઉદ્દેશ ઉપરાંત અપાર સદ્‌ગુણો સંમિશ્ર થઇ સચવાયલાં છે. "લાલનો એકકો." એક લુટારૂ હોવા છતાં તેની અપૂર્વ વીરતાનો ગુણ, અર્થાત્ વીર રસ પ્રધાનપણે હોઇ, તે ઉપરજ વાર્તાનો પ્રવાહ અંતિમ પૃષ્ઠ લગી ગુંથાયલો છે. તદુપરાંત ડિટેકટીવ દવેનું બુદ્ધિ-કૌશલ્ય, અને વેશ-પરિધાનની ખુબી, શેરીની સહનશિલતા, સુન્દરીનું સ્ત્રી-ચરિત્ર, મુદ્રિકાનો દિવ્ય-પ્રેમ, તથા મહંત અને બીમાની સ્વામીભક્તિ સાથે વફાદારી સ્પષ્ટ તરી આવે છે. વીરનું ભૂષણ શું ? "સમશેર અને ક્ષમા." તેમજ વચન પાલકતા એ ત્રણ મહાન સદ્‌ગુણો પણ આ'માં સમાયલા છે. એક બળવાન બ્હાદુર બ્હારવટીયાને મૃત્યુ-દંડની સજા દઇ, તેની ઇશ્વર-અર્પિત અમોઘ શક્તિને નિરર્થક જવા દેવી, એ કરતાં એ'વા વીર લુટારૂઓને સમજાવી, સુધારી, તેમની એ શક્તિનો સદુપયોગ કરવામા આવે ; તો અત્યુત્તમ ! એમ કર્તા માને છે.

પ્રભો ! એ'વાં આદર્શ અને અનુકરણીય ઉદ્દેશો ! અને ઇચ્છાઓ ! પાર પાડો ! અને સદાય સન્મતિ અર્પી સન્માર્ગે પ્રેરો ! એજ એક માત્ર અભ્યર્થના ! ઇત્યલમ્ !

સુરત. વાડીફળીઆ પગથીઆ શેરી.	ભવદીય સાહિત્ય-સેવક ગમનલાલ હીરાલાલ બદામી	સંવત્ ૧૯૮૧. મહા વદ અમાસ.

— ૭ —

શ્રી
સમર્પણ.

ભાઇ શ્રીઃ—

બાબુભાઇ પુરૂષોત્તમદાસ શેઠ.

ચિખલી નિવાસી.

પ્રિય સ્નેહીઃ—

ત્હારા સરળ સ્વભાવ! અને નિર્મળ સ્નેહથી

પ્રેરાઇ, મુગ્ધ થઇ,

આ શ્રી શારદા–સેવા મ્હારા એક

સદાના

" સ્મરણુ ચિહ્ન. "

તરીકે! 'સાહિત્ય–પ્રેમી થાવ!' એવી શુભેચ્છા સહીત

ત્હારા કરકમળમાં

સમર્પણુ!

સમર્પનારઃ—સદાનો ત્હારોજ " બદામી. "

— અનુક્રમણિકા. —

લાલનો એક્કો

એક

"વીર–લુટારૂ."

પ્રકરણ ૧ લું.

"મહંતની મુદ્રિકા."

જો આંખ છે તો સર્વ છે! આંખો ગઈ તો સહુ ગયું,
આંખો વિનાના અંધનું આખું જીવન નિષ્ફળ થયું.

"કોણ?" એક નિર્જન જંગલમાં આવેલી ઝુંપડીના અંદરના ભાગમાંથી પ્રશ્ન પૂછાયો.

"કોઇ નહિ! એ તો હું!" જવાબ મળ્યો.

"હું તે કોણ?" શબ્દ અપરિચિત લાગતાં અંદરથી પુનઃ સ્પષ્ટ પ્રત્યુત્તર મંગાયો.

કારણ? આ વખતે સમય રાત્રિના બારનો હતો, સ્થાન જંગલ હતું, શબ્દ અપરિચિત અને લુટારૂઓની બહુ બ્હીક હતી.

"ગુણવંત !" બ્હાર ઉભેલા માણસે ઠંડીથી ધ્રૂજતા મંદ સ્વરે પોતાનું નામ ઉચ્ચાર્યું.

થોડીજ વારમાં ઝુંપડીનું દ્વાર ખુલ્યું, દ્વાર ઠોકનાર વ્યક્તિ ઝુંપડીમાં દાખલ થઇ. આવનારે ડિટેકટીવને શોભે એવો પોશાક પહેર્યો હતો. તેના કમરપટ્ટામાં પિસ્તોલ હતી. ઠંડીથી બચવા તેણે તે ઉપર લાંબો ઓવરકોટ ઓઢી લીધો હતો.

જ્યારે ઝુંપડીમાં એક ન્હાનું સરખું સુવ્યવસ્થિત ગૃહજ રચાયલું હતું. પાસેજ એક દીવી ઉપર દીપકનું કોડીયું મંદ મંદ પ્રકાશ નાખી રહ્યું હતું. પાસેના ખંડમાં ઝીણું ફાનસ બળી રહ્યું હતું. દ્વાર આગળજ એક પલંગ હતો, જેમાં એક વયોવૃદ્ધ ફકીર–મહંત ઓશીકાને અઢેલી બેઠેલો હતો. તેને થોડે છેટે એક બારથી તેર વર્ષની બાળા તે વયોવૃદ્ધ પુરૂષને શ્રીમદ્ ભાગવત્ વાંચી, તેનું શ્રવણ કરાવી રહી હતી. એટલામાં મહંતે દ્વાર ખોલ્યું, અને તે બાર વર્ષની લજ્જાશિલ બાળા પાસેના ખંડમાં ચાલી ગઇ.

આવનારે એક વાર ચોતરફ ઝુંપડામાં નજર નાંખી લીધી. અજાણ્યાની પેઠે તે પ્રત્યેક ચીજ પ્રતિ ધારી ધારીને જોવા લાગ્યો. પરન્તુ તેને ખબર ન હતી કે ત્હેની આ હીલચાલ પાસેના ખંડમાં છુપાયલી પેલી બાળા જોઇ રહી હતી. ગુણવંતનું મુખ-દર્શન કરવાને તેને મનોભાવ હતો.

"આવ ગુણવંત !" અંધ મહંતે બેઠાં બેઠાંજ મોઢેથી આવનારને આવકાર આપતાં કહ્યું, "હું ધારૂં છું કે તું કંઇક વ્હેલો આવ્યો ખરો ! નહિ વારૂ ?"

"હા ! કારણ મોડી રાત્રે ઠંડી વિશેષ પડે છે."

વૃદ્ધને ગુણવંતના હંમેશના અને આજના સાદમાં ઘણો ફેર લાગ્યો. પોતાની ખાત્રી કરવા તે બોલ્યો, " ગુણવંત ! ત્હારો ઘાટો આજ આમ બદલાઈ કેમ ગયો ?"

આવનાર ! વૃદ્ધ મહંતના આ અણધાર્યા પ્રશ્નને ફરી એકાએક ચોંક્યો, છતાં હિમ્મતપૂર્વક બોલ્યો, " આપને એમ લાગે એ બનવા જોગ છે, કારણ કાલ સાંજે ભોજનમાં મ્હારા એક મશ્કરા મિત્રે મ્હને વિનોદ ખાતર કંઈક ખવડાવી દીધું છે. અને તેથીજ સાદ જરા ભારી થઈ ગયો છે. "

"વારૂ ! મ્હારો પત્ર ત્હને ક્યારે મળ્યો ?"

"આજે સાંજે !"

"ગુણવંત ! મ્હેં ત્હને આજે આટલી મોડી રાત્રે શા માટે બોલાવ્યો, તે તો તું જાણે છે. છતાં મ્હારે ત્હને જણાવવું જોઈએ કે આજ કેટલાક દિન થયા લાલના એકકાના માણસો કોઈ કારણસર ગુપ્ત તપાસ કરવા અત્રે ફરી રહ્યા છે. આંખો વિનાનો હું અંધ હવે આ અવશેષ રત્નને એ લુટારૂઓના હાથમાંથી સંરક્ષવા અશક્ત છું. તેમજ એ'ના ભાગ્યમાં ગાંધર્વ–લગ્ન નિર્માણ થયાં હોવાથી, દિવસે અને ધામધૂમથી એ પરણી શકે એમ નથી. માટે શુભસ્ય શીઘ્રમ્ ! હવે નાહકનો સમય ગુમાવવામાં કશોજ સાર નથી. હા ! જો હું દેખતો હોત ? તો વળી સારૂં ! પરન્તુ તેમ નથી ! આ બે આંખો તો મ્હેં વફાદારી જાળવવા વેચી છે."

અનાથ બાળા આજ હું...સોંપુ ત્હારે હાથ,
નરાધાર એ'નો હવે...રહ્યો એક તું નાથ.
સ્નેહે સંધી પ્રેમથી...નિભાવજે સંસાર,

મ્હાવાં સ્વર્ગીય સુરતાં...તરી જજો ભવ-પાર.

"ગૌરી ! બેટા ! અહીં આવ !" વૃદ્ધે હાંક મારી. અનાથ આશ્રમની બાળા ગૌરી ઘુંઘટ તાણી પોતાના ધર્મ-પિતા પાસે આવી ઉભી. ગુણવંતના હાથમાં તેનો હાથ મૂકતાં મહંત વદ્યા, "ગુણવંત ! આજ બાર બાર વર્ષો થયાં મ્હારા પેટના પુત્રી ગણી મ્હેં એને ઉછેરી છે. તેમજ એણે પણ મ્હને પોતાના સગા તાત માની પ્રત્યેક આજ્ઞા અને પડતા બોલ ઝીલાવ્યા છે, પુત્રી-ધર્મ યથેચ્છ બજાવ્યો છે. આજ એ અણમૂલાં રત્નને, માતા પિતાહીન વત્સને હું ત્હારા હાથમાં સોંપી મ્હારે માથેથી એક મ્હોટો ભાર ઓછો કરૂં છું. નિર્મળ હૃદયથી ચાહી એ'ને જીવનભર સુખી કરજે."

"તે માટે આપ બેફિકર રહો ! એ'ને સુખી કરવા હું મ્હારાથી બનતું બધુંય અવશ્ય કરીશ.

દેવી વાણી ! મ્હારે ગૃહે એ સૂર મીઠાં આપશે,
નિજ સદ્ગુણે સંસાર એ મમ સ્વર્ગ સમ શોભાવશે.
મરતા લગી ગુણવંતને હૃદયે અને જીહ્વે વસે,
ગુણવંતની ગૌરી થશે. ગુણવંત ગૌરીનો થશે.

મહંત ! વધારામાં

દેવી બની ગૃહ-આંગણું મ્હારાં પરમ દીપાવશે;
ગૃહ-રાજ્યની રાણી બની સંસાર મમ શોભાવશે.
કુ-પથ જતાં કાન્તને તમ કન્યકા અટકાવશે,
સુધારશે, આનન્દ-સાગર મ્હાલશે; ઉદ્ધારશે.

માટેજ કહું છું કે એક સદ્ગુણી સતી-રત્ન મુજ સંસાર, અને જનેતાની કૂખ શોભાવે, એવાં આશિર્વચન આપો."

"કલ્યાણમસ્તુ ! ગૌરી ! બેટા ! ભિન્ન વહેતાં પ્રેમના પ્રવાહો ગુપ્ત રીતે એકાકાર થતાં મ્હેં ઘણી વાર જોયાં હતાં. આજ એનેં સાક્ષાત્ કરી હું હર્ષિત થાઉં છું. ત્હારી તેમજ ગુણવંતની–બંનેની સંમતિથીજ હું આજે મ્હારા ઋણથી મૂક્ત થાઉં છું" કહી એ બન્નેનો હસ્તમિલાપ કરી દીધો.

નમ્ર, દયાળુ, નેક થઇ કરજો રૂડાં કામ,
યશ અંકત ઇતિહાસમાં અમર કરાવો નામ.

બેટા ! તું રડે છે ? રડ ! આંસુડા સારે તો હર્ષના સાર ! કારણ ?

પુત્રી પરાયું ધન ! નક્કી પરણી પતિ–ગૃહ જાય છે,
હોયે સુતા સમ્રાટની પણ સાસરે શોભાય તે.
પ્હેલે પગથીએ નવ–વધૂ જ્યાં સાસરામાં જાય છે,
માબાપને પુત્રી–નયનથી આંસુડાં ઉભરાય છે.
પગલાં ભરે છે, મંદ ધીમી ધરતી ખણતી જાય છે,
ઉંચુ જુએ ના ! ઘુંઘટે મુખ–ચંદ્ર સંતાડાય છે.

બેટા ! સરજનહારના એ સ્વાભાવિક નિયમો સર્વને માટે સમાન છે. મ્હને તો નથી પેટનો પુત્ર ! કે નથી પુત્રી ! જેમાં ગણું તે'માં એક તુંજ ! મ્હારા માલીક ! અન્નદાતાની અનાથ બાળકી !

તું પુત્રી–ધન છે પારકું જે નક્કી ન્યારૂં થાય છે,
માતા પિતાથી ક્યાં સુધી ફૂલો સાચવ્યું સચવાય એ.
જે પુત્ર–જન્મે જગતમાં હર્ષિત થવાની રીત છે,
કારણ ? કુંવારી પુત્રી એ તો પારકાની ચીજ છે.

ન રડ ! બેટા ન રડ ! મહિયર મૂકી સાસરે સિધાવતી સર્વ

બાળાઓને પ્રથમ તો ત્હારી માફકજ રોવું આવે. પરન્તુ થોડા દિવસ પછી એ અઘરૂં ન લાગે. હા...આજ ત્હારાં માત પિતા... હોત... તો ત્હને શી ધામધુમથી વિદાય કરત ! પરન્તુ નહિ ! પ્રત્યેકના ભાગ્યમાં હમેશને માટે સુખનોજ સૂર્યોદય જોવાનું ક્યાંથી હોય ! સુખ અને દુઃખ, હર્ષ અને શોક, ચડતી અને પડતી તેમજ તડકા અને છાંયા મનુષ્ય જીવનમાં પલટયાંજ કરે છે.

સ્થિતિ કોઇની એક સરખી ન રે'તી,
ન જીવન-સરિતા દિશે એક વ્હેતી.
હસે હાલ... તે ક્ષણ પછીથી રડે છે,
ઉમંગે ચડે જે પલકમાં પડે છે.

માટે આ મંગળ પ્રસંગે આંસુ ન શોભે !" વૃદ્ધની આંખોમાં આટલું વદતાં વાત્સલ્યે કરી ઝળહળીયાં ભરાઇ આવ્યાં.

"પિતાજી ! હું મ્હારે માટે નહિ ! પરન્તુ આપને માટે રડું છું. મ્હારાં ગયા પછી આપની સેવા-ચાકરી કોણ કરશે ? મ્હારા અંધ-બાપૂની સંભાળ કોણ લેશે ?

ફળ-મૂળ આપૂ અપને, આણી દેશે કોણ ?
તરસ્યાં થતાં....કંઇને...પાણી દેશે કોણ ?
પિતા કહી મ્હારા વિના... પુકાર કરશે કોણ ?
ઘરડે ઘડપણ ચાકરી-સેવા કરશે કોણ ?

મ્હને તો એજ બહુ લાગે છે. એ'નીજ ચિન્તા થયા કરે છે." નવ-વધુ શૌરીની ગળગળી વાચા ખુલી.

"એ ચિન્તાનો ભાર મ્હારે માથે ! આપના પિતાની સેવાને અર્થે હું આજેજ એક માણસ નિયુક્ત કરીશ." ગુણવંત બોલ્યો.

"પ્રભુ! દંપતિ-યુગલને દીર્ઘાયુ કરો !"

દેહલગ્ન થઇ ચુક્યાં. ગૌરી અને ગુણવંત પતિ-પત્નીના પંવિત્ર બંધનથી સંસાર રંગભૂમિ ઉપર અર્ધાંગ, અને અર્ધાંગનાની ભૂમિકા ભજવવા બંધાઇ ચુક્યા. ગૌરી અને વૃદ્ધ મહંતની આંખોમાંથી દડ દડ આંસુના ટીપાંઓ સરવા લાગ્યાં. જતાં જતાં ગૌરી ધર્મ-પિતાને ભેટી. તેના ઉષ્ણ આંસુઓએ વૃદ્ધની છાતી અને હૃદય બંને પલાળ્યાં. ભગ્ન કંઠે તે બોલ્યો, "ગુણવંત ! મ્હારી ગરીબડી ગાયને રીતે જરાય ઓછું ન આવવા દેશો."

"આપની આજ્ઞાનું યથેચ્છ પાલન અવશ્ય કરીશ." ગુણવંતે દ્વાર બ્હાર પગ મૂક્યો.

"બાપૂ ! જાઉં છું." પ્રેમાળ પિતાને તજી જતી ગૌરી આંસુ ભરી આંખે છેવટના બે બોલ બોલી.

"સુખેથી સિધાવો. બેટા ! તન, મન અને વચનથી સ્વામીની સેવા કરી કુળ, કૂખ સાથે માતા પિતા ઉભયના નામ દીપાવજો."

બ્હાર ગાડી ઉભેલી હતી. પતિ-પત્ની તેમાં બેઠા. જોતજોતામાં: ગાડી ઝુંપડી ન દેખાય એટલે દુર નીકળી ગઇ. ગાડીને ગયાને ભાગ્યેજ થોડી વાર થઇ હશે, અને વૃદ્ધ મહંતની આર્દ્ર આંખો હજુ નજીવીજ સુકાઇ હશે, ત્યાં તો પુનઃ દ્વાર પર પ્રહાર થયો.

" મહંત ! મહંત ! દ્વાર ખોલો ! "

આશ્ચર્યમાં ગર્ક થયેલ મહંતે માંહેથી સવાલ કર્યો, " કોણ ? "

" એ તો હું ! દવે. "

દવેનું નામ અને તેનો હરહંમેશનો પરિચિત સાદ મહંતને પારખતાં વાર ન લાગી. ધડકતા હૃદયે ને કંપતા કરે અંધ મહંતે

દ્વાર ખોલ્યું. "ડિટેક્ટીવ દવે ઉર્ફે ગુણવંત" હોંસભેર અંદર દાખલ થયો. પરન્તુ મહંતની ગમગીન તથા આંસુભરી મુખમુદ્રા અવલોકતાંજ તે દીઙ્મુઢ થઇ ગયો.

"મહંત! મહંત! આ શું? આપની આંખમાં આંસુ કેમ? આપ કેમ કાંઇ બોલતાં નથી?"

"દવે! જો કે ત્હારા સાદ ઉપરથી હું ત્હનેજ સાચા ગુણવંત તરીકે માનું છું. પરન્તુ ત્યારે......"

"શું?"

"ગૌરીને પાંચ મિનિટ પ્હેલાં પરણી જનાર ગુણવંત કોણ?"

"શુ?" દવે ગૌરીને પરણી લઇ જવાની વાત સાંભળતાંજ ચોંકી ઉઠ્યો.

"ધીરો પડ! પ્રથમ તુંજ સાચો ગુણવંત છે, એમ મ્હારી ખાત્રી કર. તે પછી હું ત્હને બનેલા બનાવથી પરિચિત કરૂં." મહંત બોલ્યા.

ગૌરી ગયાના વિચારમાં ઘેલો બનેલો આશક ગુણવંત મહંતને પોતાની સત્યતાની પ્રતિતિ દેવા આજ સુધી છુપાવેલો ભેદ ખોલવા લાગ્યો.

"આજથી......વરસ પર...લુટારૂના હાથમાંથી બચાવેલ સુન્દરીની વાત યાદ કરો."

"બસ! મ્હને ખાત્રી થઇ ચુકી."

"વિશેષમાં આ રહ્યો આપનો અત્રે આવવા મળેલો પત્ર, અને સંકેત શબ્દ "મહંતની મુદ્રિકા."

"દોડ! દવે! ત્યારે તો જલ્દી કર!

કાચી બાજી હોડમાં... મૂક્યો કરતાં ઘાવ,
અન્ય સમુદ્રે ભૂલથી... છોડી દીધી નાવ.

કોઇ બદમાશ ત્હારા નામે ! અને વેશે ગૌરીને ઉઠાવી જવામાં ફાવ્યો છે. અફસોસ ! હવે ! હું અંધ હોવાથી એને જોઇ શકયો ન હતો ! એના બદલાયલા સાદ ઉપર મ્હને શંકા જતાં મ્હેં એ વિષે એને પૂછયું હતું, પરન્તુ એણે એ બુદ્ધિપૂર્વક બ્હાનુ બતાવી ઉડાવી હતી."

"દગો !" પોતાનો પત્ર તથા સંકેત-શબ્દ ફૂટયો તે ઉપર વિચાર કરતો ગુણવંત બોલ્યો.

"ગુણવંત ! ગુણવંત ! હું અંધ હોવાથી આ ગંભીર ગોટાળો થવા પામ્યો છે. તેમજ ત્હારા સિવાય મ્હેં અન્ય એકેને મ્હારો સંકેત-શબ્દ કહ્યો નથી. તો પછી અવશ્ય એ ભેદ ત્હારા ગૃહમાંથીજ કોઇ દગાખોરને હાથે ફૂટેલો હોવો જોઇએ."

"ઠીક ! આપ બેફિકર રહો ! હું આપની ગૌરીને જરૂર પાછી લાવી દઇશ."

"ડિટેકટીવનું બુદ્ધિ કૌશલ્ય તો હવે બતાવવાનું છે !" મહંતે ઉચ્ચાર્યું.

"અને તે બતાવીશ ! ગૌરીને છોડાવીશ, ત્યારેજ તમને મોઢું બતાવીશ."

કહી ડિટેકટીવ હવે ઉર્ફે ગુણવંત " હવે કયો રસ્તો લેવો ?" એ ઉપર વિચારના ઘોડા દોડાવતો ઘર તરફ વળ્યો.

પ્રકરણ ૨ જું.

" નાથ નહિ પણ નરપિશાચ ! "

સતી નારને સંતાપવી ! એ શક્તિ કૂહો શા કામની ?
સ્ત્રીઓ ઉપર ઉગામવી ! શમશેર એ શા કામની ?
અબળા ઉપર જુલ્મી થવું ! એ વીરતા શા કામની ?
મહિલા કને મૂછ તાણવી ! શુરવીરતા એ નામની.

" નાથ ! શું આપણે અહીં રહીએ છીએ ?"

ગૌરીએ ભયંકર ગુફા કને ગાડી ઉભી રહેલી જોઇ અંદરથી ઉતરતાં ઉતરતાં અને બ્હીતાં બ્હીતાં મંદ સ્વરે સ્વામીને સવાલ કર્યો.

" હા ! કેમ વારૂ ? અહીંજ મ્હારૂં હમેશનું નિવાસ સ્થાન છે. " બનાવટી ગુણવંત હરખાતે હૈયે બોલ્યો.

" મ્હને તો અહીં આ'વા નિર્જન જંગલમાં...આ'વા ભયાનક સ્થળમાં...બહુજ બ્હીક લાગે છે. "

" જંગલની ઝુંપડીમાં આજ દિન સુધી રહી, ત્યારે એ ભયંકરતા, નિર્જનતા અને બ્હીક...એ બધાં ન લાગ્યાં ? વ્હાલી ! મ્હારા જેવા શૂરવીર સ્વામીના પડખામાં ત્હને ડર શાનો ?

કાયર નથી હું વીર છું. ને વીરનો સંતાન છું,
યમરાજ સુજથી થરથરે ! ને મ્હોતનો મ્હેમાન છું.
આપત્તિ આવે લાખ ! તોયે સ્હેજ પણ રોતો નથી,
મુજ સાથ ! બીડે બાથ ! એ'વો એક હું જોતો નથી.

ગૌરી ! મ્હારી ગુણીયલ ગૌરી ! ન ડર ! ડરને દીલમાંથી દૂર કર.

છે વીર સાચો તેજ પરવા પ્રાણની કરતો નથી,
સૌ શત્રુઓ સાથે પડે તૂટી છતાં ડરતો નથી.
માથું રહે કે ના રહે! તે ધ્યાન એ ધરતો નથી,
એ આત્મભોગી વીર ઇતિહાસે કદી મરતો નથી.

"પરન્તુ પતાજી તો કે'તા...હતા...કે..."

"શું?"

"કે તમે શહેરમાં, અને ઘણાજ સુંદર મકાનમાં રહો છો."

"ખરી વાત! પરન્તુ શું કરીએ? પ્રિયા! અમારે ડિટેકટીવનો જીવલેણ ધંધો પડયો, એટલે ન છૂટકે હાલમાં થોડા વખતને માટે અહીંજ નિવાસ કરવો પડયો છે."

"કંઇ કારણ?"

"કારણ પૂછે છે? ત્હારાજ લાભનું છે."

"મ્હારા લાભનું?"

"હા!"

"હું નથી સમજી શકતી."

"સમજાવું! જો ત્હારા માબાપની શોધખોળ કરવા ઉપરાંત પેલા વીર લુટારૂ લાલના એકકાને કેદ કરવાનું ફરમાન સરકાર તરફથી મ્હને થયું હોવાથી મ્હારે છેવટે આજ માર્ગ ગ્રહણ કરવો પડયો છે. અંદર તો આવ! અને જરા જો તો ખરી! શહેરના સુન્દર મકાનોને પણ ઘડીભર તું ભૂલી જશે. તેને ટક્કર મારે એવો ઠાઠમાઠ તું હમણાંજ જોશે. તદુપરાંત ત્હારા ગુણવંતે પોતાની કામનાંગી નવ વધૂને માટે દાસ દાસીઓ પણ પૂરતા રાખેલ છે."

હસતી કંપતી ગૌરી કંઇક શંકાશિલ મને પોતાના પતિનો હસ્ત પકડી ગુફાની અંદર આંધળાની માફક દોરાવા લાગી. બનાવટી ગુણ-

વંતની વાતો પાયા વગરની ન હતી. ગુફાની અંદર થોડોજ અંધારો માર્ગ કાપ્યા પછી ભવ્ય અને રોનકદાર એ'વા દીપકોના પ્રકાશથી ઝળહળી રહેલો એક સુન્દર ઓરડો આવ્યો, માંહે કેટલાક દાસદાસીઓ આમ તેમ આંટા મારી રહ્યા હતા. પ્રવેશદ્વાર ઉપર બે રાક્ષસી કદના માણસો ખુલ્લી તલવારે પ્હેરો ભરી રહ્યા હતા. તેમને જોઇ ગૌરી કે જે આગળ ચાલતી હતી, તે આગળ પગલું ભરતાં અંચાઇ, અટકીને ઉભી રહી, એટલામાં તો પાછળ ચાલનાર વેશધારી ગુણવંત આવી લાગ્યો. એકજ ઇસારતે નમન કરતા પ્હેરેગીરોએ દ્વાર ખોલી નાખ્યા.

તે પછી પોતાના મુખ બ્હાર પડતા બોલ ઉપાડી લેવા સજ્જ એ'વી બંને દાસીઓ પ્રતિ જોઇ વેશધારી બોલ્યો, " જુઓ ! આ તમારાં શેઠાણી થાય. એમનો એકેએક હુકમ વિનાવિલંબે ઉઠાવજો."

દાસીઓએ મસ્તક ઝૂકાવ્યાં. ગૌરીનો નાથ જવાને ઉભો થયો. તે જતાં જતાં બોલ્યો, " ગૌરી ! વ્હાલી ! હું એક અગત્યના કારણ માટે અત્યારેજ જાઉં છું. હમણાં થોડી વારમાંજ અત્રે પાછો ફરૂં છું. જે દરમ્યાન મનગમતા વસ્ત્રપરિધાન કરી તું મ્હારી રાહ જોજે. ત્હને જે કંઇ જોઇએ, તે અહીં બેઠાં બેઠાંજ હુકમ કર્યાથી મળી શકશે, કોઇ વાતે સંકોચાતી કે શરમાતી નહિ."

ગૌરીને " ઉભા રહો. " એટલુંયે કહેવાનો વખત ન મળ્યો. " મ્હને થાક લાગવાથી હું અત્યારે સૂઇ જવા માગું છું. માટે તમે બ્હાર જઇ બેસો." એમ કહી તેણે પોતાની પ્રત્યેક હીલચાલ ઉપર બારીક નજર રાખવા મૂકાએલી બંને ચતુર દાસીઓને ત્યાંથી દૂર કરી. એકાન્ત મળતાં જમણો કર લમણે ટેકવી તે વિચાર કરવા લાગી.

" શું એ મ્હારા ગુણુવંત હશે ? "

કોઇ દિવસ નહિ ને આજે પ્રથમજ ગૌરીને પોતાના પ્રિયકર ગુણુવંતના ગુણુમાં, વર્તનમાં, અને વાણીમાં ફેર જણાયો. તેનું મન મંગળ અમંગળ વિવિધ તર્કો બાંધવા લાગ્યું. અશુભ શંકાઓ તેના હૃદયપ્રદેશમાં ઉદ્‌ભવવા લાગી. પોતે એક લજ્જાશિલ નવ-વધૂ હોવાથી હજુ ઘુંઘટ તદ્દન દૂર કરી પોતાના પ્રિય પતિનું મુખારવિંદ જોવા ન્હોતી પામી. જો કે લગ્ન પ્હેલાં તેણે ગુણુવંતને સેંકડો વાર જોયો હતો! છતાંય આટલી અધીરાઇ!

ગૌરી જ્યારે આવા આવા તરંગો ઉરમાં દોડાવી રહી હતી; ત્યારે બદમાશની યોજેલ ગૌરીની બે ચતુર દાસીઓએ 'પોતાની નવી શેઠાણીએ પોતાને દૂર કરી' તે ખબર ભીમા નામના વફાદાર સેવક સાથે એકાન્તમાં બેસી ગુપ્ત વાતો કરતાં પોતાના સ્વામી-વેશધારી ગુણુવંતને કરી. વ્હેમી વેશધારી દાસીની વાત સાંભળતાંજ ગૌરીના ઓરડામાં આવી પહોંચ્યો.

પરોઢ પૂરેપૂરું ફાટી ચૂક્યું હતું. ખંડના તમામ દીપકો બુઝાવી નાખવામાં આવ્યા હતા. ગુફા છતાં ઉપરનો ભાગ એવી સફાઇથી કોતરી કાઢવામાં આવ્યો હતો, કે માંહેના સુવ્યવસ્થિત ઓરડાઓમાં પૂરતો સૂર્ય-પ્રકાશ પડતો હતો. વિચારમાળાના મણકા ફેરવવામાં એકચિત્ત થએલી ગૌરીએ પોતાનો પતિ પોતાની પાછળ આવી ઉભો રહ્યો, છતાં તેનો પદધ્વનિ સરખોયે ન સાંભળ્યો. એટલામાં તો પાસેજ કોઇના બોલવાનો અવાજ તેને કાને પડયો. તે એકાએક ઝબકી ઉઠી. તેની અર્ધ પરોવાયલી વિચારમાળા એજ વેળા પુનઃ વેરાઇ ગઇ. મોતીઓ બિચારા વિખૂટાં પડી ગયાં.

"ગૌરી તને બહુ પરિશ્રમ લાગ્યો છે ?"

" હા ! પરન્તુ તમે તો અત્યારે કામ પ્રસંગે બ્હાર જવાનું કહી ગયા હતા, ને વળી એટલામાં પાછા ક્યાંથી પધાર્યા ?" શરમાળ બાળાએ શશિવદન ઘુંઘટમાં છૂપાવતાં પતિ સાથે પ્રથમ વાતચીતનો લાભ લીધો.

" ત્હારે ખાતર કામને પણ એક બાજુ મૂકી દીધું. વ્હાલી ! એ તે શા હિસાબમાં ?

કામ તો શું કાય પણ ત્હારા ઉપર કૂરબાન છે,
બસ એક ત્હારા બોલ પર ! તૈયાર મ્હારો જાન છે.
છે તેજ સાચી સુન્દરી જે સ્વામીને માટે મરે,
છે તેજ સાચો કાન્ત કાન્તા કાજ જે માથું ધરે.

ગૌરી ! વ્હાલી ! એટલું તો સત્યજ છે કે:—

જુદાઇ ના તલભાર છે, સાચાં પતિ-પત્ની વિષે,
છો કાય જુદી ! દીસતી પણ પ્રાણ તો એકજ દિસે.
સાચી સતીનો પ્રાણ ! સ્વામીના જતાં રે'તો નથી,
સાચો પતી સ્ત્રી-મ્હોલ પૂંઠે શ્વાસ ! પણ લેતો નથી.

ગૌરી ! હૃદયવલ્લભે ! હવે આ ઘુંઘટ શા માટે ?"

વેશધારી ગુણવંતે કોઇ પણ પ્રકારનો વિચાર કર્યા વિના ગૌરીનો ઘુંઘટ-પટ સ્વહસ્તે દૂર કરી તેનું શશિવદન નિહાળ્યું. ચૂમી કરવા અધરો ગૌર ગાલો તરફ વાળ્યા. પણ અરે આશું ! એકજ ક્ષણ ! પતિ-મુખદર્શન થયું. અને " ઓ પ્રભુ ! મ્હારી શંકા આખરે સત્ય નિવડી ! " કે'તાંજ ગૌરી એક પગલું પાછળ હઠી ગઇ. પતિ-વ્રતનો ભંગ થતાં એને પ્રભુએ અણી સમયે બચાવી લીધી. " પોતે ગુણવંતના વેશમાં કોઇ અન્ય વેશધારીનેજ વરી ઠગાઇ છે. " એ જાણતાંજ કાચાં હૈયાની બાળા એકાએક હૃદયાઘાતે અને પ્રેમા-

મારે કરી દેહશુદ્ધિ ભૂલી બીજીજ પળે બેશુદ્ધ થઇ ધરણી ઉપર ઢળી પડી. વેશધારી ગુણવંત ! ચુંબનનો લ્હાવો હૃદયમાંજ રહી જતાં આશ્ચર્ય–મુદ્રાએ તે બેશુદ્ધ બાળા પ્રતિ જોઇ રહ્યો.

અત્યાર સુધી વેશધારી એમ સમજતો હતો, કે ગૌરીએ ગુણવંતનું ફક્ત નામજ સાંભળ્યું હશે, મુખદર્શનનો લાભ તેણે નહિ મેળવ્યો હોય! પરન્તુ તેની એ ધારણામાં એ પોતે ઠગાયો હતો. ગૌરીએ ગુણવંતને એક વખત નહિ પણ વધુ વાર જોયો હતો. એટલુંજ નહિ પણ બંને લગ્ન–સંબંધ નક્કી થયા અગાઉ ઘણી વાર એકાન્તમાં મળ્યા પણ હતા. અને એનેજ પરિણામે આ પ્રેમી વિશુદ્ધ હૃદયોના પ્રેમ-તંતુઓ ભવિષ્યના ભામા–ભરથાર તરીકે ગુંથાવા પામ્યા હતા.

વેશધારી ગુણવંતની આંખો હવે ખુલી. ગૌરી પોતાને દુષ્ટ અને દગાખોર તરીકે ઓળખી ગઇ, એ પામી જતાં તેને વાર ન લાગી. વેશધારીની આજ્ઞાથી ગૌરીની સારવારમાં પેલી બે દાસીઓ કયારનીય લાગી ગઇ હતી. અર્ધશુદ્ધિમાં આવેલ ગૌરીના મુખમાંથી બેભાનીમાં જે નિમ્નલિખિત અધોંપર્ધાં ઉદ્દગારો સરી રહ્યા હતાં, તેજ વેશધારીને ભાન કરાવવાં બસ હતાં.

" ના...... ન્હોય......... મ્હારા......... નાથ...આ...... ગુણવંત......... વ્હાલા....... આ'વા...... છેજ...... ના...... ઓ... પ્રભુ.... લજ્જા..............."

ગૌરીના વદન કમળ ઉપર સુગંધીદાર પાણીનો એક સરખો મારો અર્ધ ઘટિકા પર્યંત ચાલુ રાખ્યા પછી તે સંપૂર્ણ શુદ્ધિમા આવી. ભાનમાં આવતાંજ બેબાકળી બની તે હાંફળીફાંફળી સ્થિતિમાં જમીન

ઉપરથી ઉઠી બેઠી થઇ ગઇ. વેશધારીના આંખને અનુસારે દાસીઓ ત્યાંથી ચાલી ગઇ. થોડી વાર સુધી બંનેમાંથી કોઇ અક્ષર માત્ર ન બોલ્યુ. આખરે ગૌરીથી રડી દેવાયું. તેનું હૈયું ભરાઇ આવ્યું. તેની આંખોમાંથી અવિરામ અશ્રુધારા વહી રહી હતી. બેઉ હાથ જોડી આંખો બંધ કરી, તેણે હૃદયમાં દીનદયાળ દામોદરનું ધ્યાન ધર્યું. તે ઘુંટણીએ પડી પ્રભુને વિનવી રહી હતી.

સહાય થા ! હે શ્રી હરી ! સતની પત તું રાખ,
દુષ્ટોને દાબી થઇ, દયા દીન પર દાખ.

સ્તુતિ થઇ રહી. બાળાની આંખો પોતાના ઠગારા પ્રાણેશ પ્રતિ ફરી. આ વેળા તેની ઓઢણીનો માથાવટીનો ભાગ શિરોભાગ ઉપરથી, તથા પાલવ વક્ષઃસ્થાન ઉપરથી ખસી જઇ, અવ્યવસ્થિતપણે વિખરાઇ ગયો હતો. જેને બરાબર કરતી, વસ્ત્રોને સંકોચતી, દીન અને ગદ્‌ગદ્ સ્વરે તે કે'વા લાગી. "કહો ! કહો ! કે તમે કોણ છો ? મ્હને આ'વી રીતે પ્રપંચથી ઠગી અત્રે શા માટે લાવ્યા છો ? પ્રપંચ પ્રભુને પ્રિય નથી, તેમજ પ્રપંચી ઉપર પ્રભુ રાજી પણ નથી રે'તો. ભાઇ મ્હારા પતિદેવ ક્યાં છે ?

મળવું મ્હને ! દયો મેળવી ! મમ નાથ ક્યાં છે કહો મ્હને !
બે હાથ જોડી વિનવું ચરણે પડું છું આપને.
સંતોષશો સ્ત્રી-હૃદય ! તો સંતોષ ! સુખડાં પામશો,
નહિતો તમે કડવાં ફળો ! કુકર્મ કેરા વામશો.
તમને ખબર તો હશે કે:—
જેવું કરો ! તેવું ભરો ! અવિચળ નિયમ છે ઇશનો,
કરણી પ્રમાણે છે શુભાશુભ ન્યાય શ્રી જગદીશનો.

કૈં પુણ્ય યા તો પાપ! કરતાં માનવી! સંસારમાં,
નહિ ભૂલતાં! દિન એક! ઉત્તર આપવો! દરબારમાં.

બાઇ! સન્મતિ ધાર! તજી દે આ ક્ષણિક જગતના મોહ, માયા, ને વિકાર!"

"ગૌરી! ગૌરી! તું આ શું બોલે છે? પરણ્યા ભરથારને બાઇ કે'તા શર્મ નથી આવતી? જીભ્હે કાંટા નથી વાગતાં? ત્હારી બુદ્ધિ આજ બ્હેર મારી ગઇ છે. શું તું એટલી બધી પલટાઇ ગઇ, કે પોતાના પતિને પણ પિછાની શકતી નથી?

ભ્રમિત મગજ–મન તાહરૂં, ભમણે ભૂલી ભાન,
વામાનો વિશ્વાસ શું? પલટે પળે જબાન.
આજ સુધી આપ્યો મ્હને, હસી હસ્ત, વિશ્વાસ,
હવે ફળી કો અન્યને, દેવા જાય સુવાસ.

શું સ્ત્રીઓના વચન તે કમળપત્ર પરના ઝાકળ-બિન્દુઓ જેવાં? સંસારની સુશીલ સ્ત્રીઓના વ્હાલ અને વિશ્વાસ પણ શું બાજારી વેશ્યાઓ જેવા ચંચળ? ના... ના....

કાજળ યા તો શીલનો કદી ન ફીટે ડાઘ,
પ્રતિ તે મરતાંય હા! ઘટે નહિ અનુરાગ.

અમ દેશના નર–નારમાં નહિ પ્રેમ, પ્રીતિ, વ્હાલ છે,
આજે વદે કાલે ફરે, એ'વાં અમારાં હાલ છે.
વ્હાવું, વ્હવાવું ચીજ શું? પત્ની પતિ જાણે નહિ,
માબાપથી સંધાય સાંધા! તાર ત્યાં તાણે નહિ.
બાકી ખરૂં પૂછો તો!

મોંઘા પ્રીતિના મૂલ છે, સાચા ઝવેરી પારખે,
ખોટા હીરા તો સેંકડો ! પણ કોહીનૂર તો એક બે.
કકો ન જાણે પ્રેમનો...દાવો છતાં એ'નો કરે,
એ'વા અમારા દેશમાં...આજે જુઓ લાખો ફરે.

અને તે'માંની એક તુંયે ! ગૌરી ! આ'વી અને આટલી હદ પર્યંતની છેતરપિન્ડી ? ખરેખર ! ત્યારે તો ભર્તૃહરિયે ખોટું નથીજ કહ્યું, કેઃ—

વિશ્વાસ વામાના વચન પર મૂકતાં વીચારજો,
વિશ્વાસ એ'ના વ્હાલ પર કરતાં પ્રથમ વીચારજો;
અકેકેક પગલું જોઇને, સંભાળીને સા મૂકજો,
ગફલત વિષે મા ચૂકજો ! જોયા વિના ના ઝૂકજો.

અને ઝૂક્યાં ! તો પછી ગયાંજ સમજજો ! પસ્તાવાનું કર્મે લખાઇ ચૂકશે ! વનિતા (ખાસ કરીને વેશ્યા) ના વ્હાલ, વચન ને આંસુડા એ ત્રણેય પાકાં પીપળ–પાનની ગરજ સારે એમ છે ! એને પલટતાં–ખરતા શી વાર ?"

"બસ કર ! મ્હારા ગુણવંતમાં ને ત્હારામાં આસમાન જમીનનો ફરક છે. ક્યાં તા'રૂં દગાબાજ દીલ ? અને ક્યાં તેમનું સરળ સ્નેહાળ હૃદય ! કદી નહિ...તું કોઇ વેશધારી છે...

આંખો જરી નવ ઓળખે...અંતર કબૂલે સ્હેજ ના,
તુજ વદન, વાણી કહી રહ્યાં...કે નાથ તું મમ છેજ ના.
નિર્લજ્જ મ્હારા નાથ...ત્હારા સમ જરાયે છે નહિ,
કારણ વિના આ નેત્ર જમણું કદાપી ફરકે નહિ.

ભય-ભણકારા હૃદયમાં......ઘડીએ ઘડીએ થાય,
ચિહ્‌ન અમંગળતા તણા ! એજ બધાં સમજાય."

વેશધારી:—

"ભમાવી કોઇએ ભોળી ! હવે એવું મ્હને લાગે,
અગર તો બુદ્ધિમાં મ્હોટું પરિવર્તન થયું લાગે.
નથી બુદ્ધિ-મગજ આજે, જરાયે જાણુ ઠેકાણે,
પડળ શાં આંખ પર આવ્યા ! પતિ ના ઓળખી જાણે ?

મ્હને તો લાગે છે કે ત્હને ચિત્તભ્રમનો રોગ થયો છે, અને તેથીજ તા'રી આંખો, મગજ અને બુદ્ધિ પોતપોતાના કાર્યો કરી શકતા નથી." વેશધારીએ ગૌરીને ગાંડી અર્થાત દિવાની ઠરાવી.

"નહિ ! એમાનું મ્હને કશુંય નથી. હું સ્વપ્નમાં નહિ પરન્તુ સંપૂર્ણ શુદ્ધિમાં છું. છતાં જો તુંજ સાચો ગુણવંત હોય તો મ્હારા જીવનની ગુપ્ત વાત કે જેનાથી ત્હને વાકેફ કરેલો છે, તે તું જાણતો હોવો જોઇએ.!"

"જરૂર !"

"તો કહે આજથી તેર ચૌદ વર્ષ ઉપર શો ભયંકર બનાવ બન્યો હતો ?"

ગૌરી કોણ છે ? તે આ વેશધારી ન્હોતો જાણતો, અને તેથી જો ગૌરીએ પોતાના જીવનનો ઇતિહાસ એને પૂછયો હોત, તો એ જવાબ ન દઇ શકત, અને તુર્તજ પકડાઇ આવત. પરન્તુ ભાવિના ભૂલાવાએ ગૌરીએ કંઇ વિચિત્રજ પ્રશ્ન પૂછયો. "તેર-ચૌદ વર્ષનો બનાવ." ગૌરીના આ પ્રશ્ને વેશધારી ચોંકયો. તેર વર્ષ ઉપર પોતે જે ભયંકર પાપ કર્યું હતું, તેની સ્મૃતિ નજર સન્મુખ આવી. એક વેળા તેને

એ વિચાર પણ આવી ગયો, કે ગૌરીને એ બનાવ સાથે શો સંબંધ હશે? પોતે આ બનાવથી માહિતગાર હોવા છતાં તે કશુંય બોલ્યો નહિ.

"કેમ? ગુણવંતને વળી એમાં તે આટલી વાર અને આટલા વિચાર શાં કરવાના હોય?"

"ગૌરી! એટલા વર્ષ અગાઉ તો ત્હારો જન્મ પણ ન હતો. તો પછી એ વાતની ત્હને શી ખબર? તથા એની સાથે ત્હને શું સંબંધ છે?"

"મ્હને બધી ખબર છે. મ્હારા વૃદ્ધ ધર્મ–પિતાએ મ્હને બાળપણથી મ્હારા જન્મ આગળની બહુ બહુ વાતો કરી છે."

"ગૌરીને કદાચ એ લૂટ અને આગની વાત કે'વાથીજ નિવેડો આવી જતો હોય, અને ખાત્રી થઇ ચૂકતી હોય! તો વળી ઉત્તમ!" એમ ધારી વેશધારી ગુણવંત બોલ્યો... "સાંભળ! આજથી તેર વર્ષ પર વિલાસપુરના એક પ્રખ્યાત જમીનદારના મકાનને એક વીર લૂટારૂએ આગ લગાડી હતી. જેમાં તે જમીનદાર તથા તેની પત્ની સળગી ગયા હતા. બાકીના બચી ન્હાઠા હતા. જેમાં શેઠની પુત્ર–વધુનો પત્તો ન હતો. ત્રણ વર્ષના સખ્ત કેદની સજામાંથી એકજ વરસે જેલ તોડી ન્હાસનાર તે કેદીએ એ વીર લૂટારૂની ભૂમિકા ભજવી ઉપરોક્ત કાર્ય કર્યું હતું."

"બસ થયું... હવે મ્હને તમારા પર શ્રદ્ધા બેઠી." ગૌરીએ સંબોધન ફેરવતાં કહ્યું, "હુંજ ભૂલું છું. હવે કેવળ એકજ વાત કહો."

"પુછ!"

"તે વીર–લુટારનું નામ?"

ગૌરી બદમાશને, તેની તમામ વાત મળતી આવતાં, અને સાચી પડતાં, પોતાના પતિ ગુણવંત માની લેવામાં છેતરાઇ. છેવટનો ખરો જવાબ મળે, અને પતિને ભેટી પડું, તથા ભૂલચુકની પગે પડી માફી માંગું, એજ લક્ષ રાખતી ગૌરી અધીર બની ઉભી હતી, ત્યાં તો કિનારે વહાણુ આવી લાગ્યું, જાણી ઉત્સાહ અને આનન્દથી છલકાતા હૃદયે વેશધારી વીર-લુટારૂ બોલી પડયો..."લાલનો એકકો !"

શંકા ભાંગી ગઇ. ક્ષમા-યાચનાની ઇંતેજાર ગૌરી વેશધારીના ચરણુ પકડવા દોડી. પરન્તુ તેજ સમયે એક ચમત્કાર થયો, અને તેને લીધે વેશધારીનું કિનારે આવેલું વ્હાણુ એકાએક ડૂબી ગયું.

પિસ્તોલનો બ્હાર થયો. ગૌરી બીધી, અને પાછળ હઠી ગઇ. ડિટેકટીવ દવે ત્યાં આવી ઉભો રહ્યો. તેના મુખમાંથી એજ શબ્દો બ્હાર પડયા કે:-"અને એ લાલનો એકકો! યાને વીર-લુટારૂ તે તુંજ !"

ગૌરીના હૃદયની સ્થિતિ કલ્પવી મુશ્કેલ હતી. સાચા પતિનું આગમન! અને વેશ ધારીનું વીર-લુટારૂ નિકળવું! કેટલું અજાયબી ભર્યું!

ગુણવંતઃ—શિકાર સપડાયો હવે, આબાદ મ્હારા હાથમાં,
કંઇ વર્ષની મ્હેનત પછી વનરાજ આવ્યો નાથમાં;
બે પક્ષીઓ આજે ઉડે છે! ફક્ત એકજ કાંકરે,
લુટારૂઃ—કંકર તણા આઘાતથી વીર-કેશરી આ નહિ મરે.
સમશેર-બ્હાદુરો સમરમાં વિજય પામી આવતા,
ગૌરવ ભર્યાં જે શપ...સાચાં વીર-રત્નો કાં'વતા.

એ'વા કંઇ નર–વીર પગની ઠોકરે રોળાઇ ગયા,
મુજ એક હાકે થરથરી ચપટી વિષે ચોળાઇ ગયા.
આ વીર–વનરાજને જીવતો પકડવો આકાશકુસુમવત્ છે."

"તો...લે..."

મરણીયા ડિટેકટીવ ગુણવંતે બાર બાર વર્ષના પરિશ્રમે હાથે ચઢેલા શિકારને ઘાયલ સ્થિતિમાં પણ પકડવાના ઇરાદે પિસ્તોલનો બ્હાર કર્યો. આ બાજુ ગૌરી પતિને ભેટવા આગળ વધી. ત્યાંજ ચાંપ દબાઇ. ડિટેકટીવ દવે અને ગૌરી તથા લૂટારૂની વચ્ચે એક આડી લોખંડી જાળી આવી ગઇ. દવેનું હવે કશું ચાલે એમ ન્હોતું. બાર નિષ્ફળ ગયો. બીજી બાજુથી લુટારૂના માણસો દવેને પકડવા આવતા જણાયા. સમય અને વિપરિત સંજોગ વિચારી પોતાની કેદી પ્રાણવલ્લભાનું મુખ જોતો જોતો તે ગુફામાંથી આવેલે રસ્તે બ્હાર ચાલ્યો ગયો.

ડિટેકટીવ દવે! ગાડીના પૈંડાની નિશાનીએ વેશધારી લુટારૂની ગુફા શોધવા પામ્યો હતો. નાસીપાસ થઇ તે પોતાના મનમાં 'પોલીસોની મદદ લઇ અત્રે આવવું!' એ વિચારે થાણા પ્રતિ જઇ રહ્યો હતો. એટલામાં પાછળથી કોઇએ તેને બૂમ પાડી.

"ગુણવંત! ઓ ગુણવંત!"

"કોણ," પાછું જોઇ ગુણવંતે પ્રશ્ન કર્યો.

"ઉભા રહો! ઉભા રહો! ડિટેકટીવ સાહેબ! મહેરબાન! જરા નીધા રખો આ ગરીબ દોસ્ત પર!"

"કેમરે અલ્યા વિહારી! તું અહીં ક્યાંથી?"

"આપ મહેરબાન ક્યાંથી?"

"હું તો એક ખાનગી કામસર આવ્યો હતો."

"ત્યારે સેવક એક જાહેર કામસર આવ્યા હતા."

"ત્હારા કામનું નામ ?"

"ઘેર ચાલો ! પછી બધી પૂછપરછ થઇ રહેશે."

"પણ મ્હારે તો થાણે જવું છે, તેનું કેમ ?"

"ચાહ પાણી પિવડાવ્યા વિના તે કંઇ એકદમ જવાય ? ચાલો."

"ચાહ પિવાનેજ દોસ્તી બાંધી છે કે શું ?"

"તે તો વખત આવે જણાઇ રહેશે."

વિહારી ગુણવંતનો સ્નેહી હતો. બંને સરખે સરખા મશ્કરા મિત્રો વાતો કરતાં ગુણવંતને ઘેર ગયાં.

પ્રકરણ ૩ જું.

"ગુણવન્તની ગુણવન્તી."

સ્ત્રી-વેશમાં, સ્ત્રી-રૂપમાં, એ'વાં અજબ જાદુ ભર્યાં,
રણધીરને શૂરવીર પણ અંજાઇ એ'માં કંઇ મર્યાં.
જગ દેખતું, ને આંધળું...કરનાર બંને પ્રેમદા,
તારેછ કો, મારેછ કો...સૌન્દર્ય શત્રુ સર્વદા.

પોતાનું ઘર આવતાં વિહારી ગુણવંતથી છૂટો પડયો. ચાહ પાણી પીવાની વાત તેણે યુક્તિપૂર્વક ઉરાડી દીધી. ગુણવંત એકલો પોતાના એક ખાનગી ઓરડામાં બેઠો બેઠો પોલીસની મદદ લઇ

ગુફામાં જવું કે નહિ ? તે ઉપર વિચારના અશ્વો દોડાવી રહ્યો હતો. અંતે તેના કાબેલ ભેજાએ એ સાહસ ખેડવા તેને ના પાડી. નિર્ણય થઇ ચૂક્યો. માથાની પરવા મૂકી પુનઃ એક વાર એકલાંજ ગુફામાં જઇ આવવું, એવા દ્દઢ નીશ્ચય પર અંતે તે આવ્યો.

એટલામાંજ તેના ઓરડાનું પ્રવેશદ્વાર એકાએક ઉઘડી ગયું. એક પ્રોઢ સ્ત્રી અંદર પ્રવેશી. ગુણવંતની નજર પડે એમ એક પોટલી અને એક પત્ર ટેબલ ઉપર મૂકી તે જોતજોતામાં ચાલી ગઇ. અવાચક્ હવે પત્થરના પૂતળાની પેઠે તેને જતી જોઇ રહ્યો.

એક વાર તેને તે સ્ત્રીની પૂંઠ પકડવાનો વિચાર થયો, પરન્તુ પાછળથી તે માંડી વાળ્યો. પોટલી છોડી. તેમાં શું હતું ? હવેને તે જોઇ બહૂજ નવાઇ લાગી. પોટલીમાં એક તરૂણ સુન્દરીને યોગ્ય ચોળી, ચણીયો, અને સાળુ ઉપરાંત, હાથ, પગ, કાન તથા નાકના તમામ અલંકારો હતાં. હવે આશ્ચર્યની સાથે તેને ઘડીભર જોઇ રહ્યો. બીજીજ પળે તેણે કવર ફોડયું. ચિઠ્ઠીમાં નીચે પ્રમાણે લખ્યું હતું.

"પ્રાણેશ !"

મોકલેલો વેશ પરિધાન કરી વેશ્યા વિલાસીકાના બંગલા આગળ રાત્રના નવ દશને શુમારે પધારજો. મ્હારી વફાદાર દાસી બનશે તો પુનઃ આપને મ્હારો મેળાપ કરાવી આપશે. તે સાથે એક નજીવી ભેટ પણ તમને તેજ વેળા મળશે." "મહંતની મુદ્રિકા."

લી૦ ચર્ણરજ " ગૌરી. "

પત્રિકા વાંચી. પોતાનો ભેદી સંકેત–શબ્દ નીચે જોતાંજ હવેએ ત્યાં જવા નિશ્ચય કર્યો.

ઘડીયાળમાં અત્યારે બરાબર છના ટકોરા વાગી રહ્યા હતા. પોટલી લઇ તે પાસેના ખંડમાં ગયો. પ્રેમાંધ ઉતાવળમાં પેલો પત્ર ટેબલ ઉપરજ ભૂલી ગયો. થોડી વારે ત્યાં એક પુરૂષ વ્યક્તિ આવી પેલું કવર ઉપાડી ગજવામાં ઘાલી ત્યાંજ સંતાઇ ગઇ.

પાસેના ખંડમાંથી થોડી વારે કર-કંકણો ખખડાવતી એક સુન્દરી આયનામાં પોતાનું મુખારવિંદ ઘડી ઘડી અવલોકતી, વગર મ્હાવરાને લઇ અણુખત કરતી નથનીને ઘડીએ ઘડીએ ઉંચી કરતી, તથા માથા પરથી ઉડી જતા છેડાને વારંવાર ઓઢતી,હસતી હસતી બ્હાર આવી. દિવાનખાનાના મ્હોટા આરસામાં તે પોતાનું સુન્દર વદનકમળ નિહાળી રહી હતી. એવામાં તેણીએ તેની અંદર કોઇ પુરૂષ વ્યક્તિનું પ્રતિબિંબ જોયું. તે પાછી ફરી. આવનાર વિહારી હતો.

પ્રથમ તો વિહારી ગુણવંતના ઘરમાં આ નવયુવાન સૌન્દર્ય-શાલિની સ્રીને જોતાંજ વ્હેમાયો. પરન્તુ પછી તો તેણે હિંમત પૂર્વક તેને પૂછ્યું... "શું તમે ગુણવંતને મળવા આવ્યા છો ?"

વાંચક ! આ સુન્દરી તે અન્ય કોઇ નહિ પરન્તુ ગુણવન્ત ઉર્ફે ડિટેકટીવ દવે પોતેજ હતો.

"જી...ના...અમે તો એમનાં ઘરવાળાં છીએ."

વિહારી ચોંકયો. નકકી ગુણવંત કોઇ વેશ્યાના પ્યારમાં ફસાયો છે, એમ તેણે એક વાર ધારી લીધું. પરન્તુ એટલામાં એકાએક તેની નજર છેડો ઉડી જતા તે સુન્દરીના કાળા ચોટલા ઉપર પડી. તે ખોટો છે, (વીગ) એમ તેને ખાત્રી થતાં, અને ચાલ પણ પુરૂષ વ્યક્તિ અનુસાર ન લાગતાં તે બાહોશ અને ચતુર મૂર્તિ પોતાના વેશ ધારી મિત્રને ઓળખી ગઇ.

ગમે એવો પણ આખરે એક ડિટેક્ટીવનો દોસ્તને !

"કોણ ! તમે મ્હારાં ભાભી !"

"હા !"

"તમારા ભાઇ ક્યાં પધાર્યા છે ? "

"તે તમે જાણો."

"હવે ચાલાકી જવા દે ! ગુણવંત ! વિહારીની આટલાં વર્ષોની મ્હારી મિત્રતા ત્હને ન ઓળખી શકે, તો પછી ડિટેક્ટીવની દોસ્તી કરી શું કામની !"

"સાબાશ ! સાબાશ ! "

"ઉભા રહો ! હું તમારાં ઓવારણાં લઉં !"

"મ્હારાં નયન સલુણાં બ્હેન...

.... તમને શું કહીને બોલાવું ? "

"ત્હને ગમે તે !"

"ગુણવન્ત + ઇ=ગુણવન્તી."

"એમ તો એમ ! હવે તો રાજી !"

"બેશુમાર ! હા—હા—હા..." વિહારી હસવા લાગ્યો.

"તું જ્યાં ને ત્યાં પુઠે તૈયારજ હોય ! અત્યારે ક્યાંથી આવી લાગ્યો ?"

"મૃત્યુપુરીના માનવ-વર્ગમાંથી. મ્હેરબાન. પણ હાં ! બ્હેન ! જરા એ તો બતાવો કે મ્હારાં ગુણીયલ ગુણવન્તી બ્હેન આજે ક્યા સદ્‌ભાગીનું ઘર માંડવા સિધાવે છે ?"

"માડવા નહિ. પરન્તુ ભાંગવા ! એમ બોલ" દવેએ ભૂલ સુધારી.

"એમ કેમ વારૂ ?"

"સ્યાણી સલુણી સુન્દરી જો સાંપડે તો ઠીક છે,
નારી નહારીથી નકી ઘર ભાંગવાની બ્હીક છે."

"ત્યારે તમે તો એ બેમાંના એકેય નથી."

"નહિજ.

"વનિતા ન સાચી ! વેશધારી વીર આ ગુણવન્ત છે.
મુજ મોહ જાળે જે ફસાયે ! જાણુ તેનો અંત છે."

"વાહ્ વાહ્ ! સખી ગુણવંતી ! શું કહું !

શોભી રહી ! આબાદ મનહર વેશમાં, મહિલા તણા,
તુજ વેશધારીની કળામાં આજ મુદલ નહિ મણા.
સૌન્દર્ય ત્હારૂં જોઇ થાશે સુન્દરી ! ઘાયલ ઘણા,
અફસોસ ! એ લ્હાવો લખાયો છે ન કર્મે આપણા.

ગુણવન્ત ! મ્હને લાગે છે કે બ્રહ્માએ એક મ્હોટી ભૂલ કરી !"

"તે શું ? "

"ત્હને સ્ત્રી ઘડવાને બદલે પુરૂષ ઘડી દીધો."

"કેમ બહુ ફાટયો કે ?"

"ખરૂં કહું છું... બાકી...

સૌન્દર્ય ત્હારૂં સ્વર્ગની એ ઉર્વશીને તોલ છે,
રંભા સરીખું રૂપ...મીઠાં કોકિલા સમ બોલ છે.
ગુણવન્તી ! વારી જાઉં વારંવાર ત્હારા રૂપને,
જો નાર નક્કી હોત તું તો પરણતે બંદા ત્હને."

અને એ છેવટના શબ્દોની સાથેજ વિહારીએ ગુણવન્તીને બળા-

ત્હારે બાથમાં લઇ એક મીઠી ચુમી ભરી લીધી. ગુણવંત કરતાં વિહારીના શરીરનો બાંધો જરા વધુ સશક્ત હતો. કંઇક ક્રોધમિશ્રિત સ્વરે ગુણવંતે વિખરાયલો વેશ ઠીક કરતાં વિહારીને ઠપકો આપ્યો.

"જા...વિહારી ! ત્હારે આ'વું કરવું હોય, તો આજથી મ્હને બોલાવતો નહિ. હા."

"પણ એ'માં એકદમ એ શું થઇ ગયું ? શું ઘટી ગયું ? ને શું બગડી ગયું ? હોય ! મ્હારા ભાઇ ! એ તો હું તમારાં ભાભી (પોતાની વહુ) વરસે બે વરસે આવે, ને કદાચ કામ પડે તો ? ત્યારે તેની પ્રેકટીશ કરી જોઇ. એ'માં આમ શરમાય છે શાનો ?"

"ચાલ મ્હારે ત્હારી એ'વી નાગી વાતો નથી સાંભળવી. હું તો હવે જઇશ."

"પણ તમે ઘર ભાંગવાની વાત કરો છો, તે તમારાં પગલાં સા'રા ન કહેવાય !"

"જરા તો કહે ! ડિટેકટીવ બંદા જેની પુંઠે પડે. તેના નવ્વાણુ ટકા ભોગજ લાગે !"

"પ્રભુ બચાવે મ્હને સૌથી પ્હેલાં એ'વાં ડિટેકટીવોના ત્રાસથી !"

"બહુ સારૂ ! લે બેસ. વિહારી ! અમે તો હવે જઇશું !"

"તમે...આ...વન્ને મહાશ્વેતાના ગાયનની અધુરી કડી વિહારી મનમાં ગણગણ્યો. "

"ક્યાં ?" વિહારીએ પ્રકટ પૂછ્યું.

"અમારા દરરોજના ઠામેજ તો ! વળી બીજે ક્યાં ?"

"કેમ આવવાનું સ્થળ કદાચ એક હોય, બાકી જવાના તો જોઇએ એટલા. હા...પણ...જો...જો મ્હારાં ગુણીયલ ગુણવન્તી

હા...પણ...જો...જો મ્હારાં શુણીયલ ગુણુવન્તી બ્હેન! આંખલડીના અણુસારાં જરાં ઓછાં મારજો. નહિ તો રખેને કોઇ રસ્તે જતો લ્હેરીલાલ તમારા આ ફૂટડા રૂપ પર આશક પડશે."

"બહુ સારૂ! હોં!" ગુણુવન્તથી એટલું બોલતાં હસાઇ ગયું.

"પધારો ત્યારે ગુણુવન્તી બ્હેન!"

"સાહેબજી!"

"રામરામ! હાં! પણ હવે દેવીના દર્શન ફરી પાછાં ક્યારે થશે?"

"બનતાં લગી તો સાંજનાજ."

"ઇશ્વર તમારી મનોકામના સફળ કરે! અને દંપતિ યુગલ દીર્ઘાયુ ભોગવો!" વિહારીએ ગુણુવન્તીને શુભાશિર્વાદ દીધા.

કેમ જાણે તે પરણુવા ન જતી હોય?

વિહારી તુર્તજ ઘેર જવા છૂટો પડયો. મકાનના દ્વારને તાળુ મારવા ગુણુવંત ટેબલ ઉપરથી તાળુ લેવા ગયો. ત્યાંજ તેને પેલો પત્ર સાંભર્યો. ટેબલ ઉપર પડેલું ફાડેલું કવર હજુ એમને એમ હતું. ગુણુવન્તે તે ઉપાડયું. અંદર જોયું. તે ખાલી હતું. તેમાં પત્ર ન હતો.

પ્રકરણ ૪ થું.

"લાલનો એકકો."

જે વીરતાનો ગુણુ! એ તો વિભુની બક્ષાસ છે,
વીરો વિષે શક્તિ રૂપે...વ્યાપી રહ્યો જગદીશ છે.

સત્કાર્યમાં વપરાય જો...તો દિન દિને વૃદ્ધિ થશે,
દુર્વ્યય કરે તો એજ બળ! દીવસ જતાં ઘટતું જશે.

શ્રીમતી ગુણવન્તી દેવીના મુખનું હાસ્ય અને નૂર ટેબલ ઉપર પડેલા કવરમાં પત્ર ન જોતાંજ ઉડી ગયાં. ગંભીર મુખમુદ્રા થતાં તે ખુરસીમાં બેસી ગઇ. "ઘરમાં વિહારી સિવાય અન્ય કોઇ આવ્યું નથી. તો પછી પત્ર ગયો ક્યાં? તેમજ વિહારી મ્હારો જૂનો વિશ્વાસુ અને પરમ મિત્ર હોઇ કદી મ્હારી પરવાનગી સિવાય એ લેવાની કે વાંચવાની હિમ્મત ન કરે એની મ્હને પૂર્ણ ખાત્રી છે. એના ઉપરની મ્હોરા અસ્થાને છે. તો પછી એ ગયો ક્યાં?"

પુનઃ એકવાર ગુણવન્તે કવરમાં બરાબર નિહાળ્યું. આ વેળા તેને કવરના છેક નીચેના ભાગમાંથી પૈસા જેવડો એક ગોળ કાગળ મળી આવ્યો. તે કોઇ વ્યકિતના શિરોભાગનો ફોટો હતો. થોડી વાર તેને જોયા પછી ગુણવંતે તેને બીજી બાજુ ઉથલાવ્યો. પાછલી કોરી બાજુએ ઝીણા અક્ષરે જે નામ લખેલું દવેએ વાંચ્યું, તે ખરેખર દવેને ચોંકાવવાને બસ હતું. એની પાછલી બાજુએ **"લાલનો એકકો! એક વીર લુટારૂ!"** એમ લખેલુ હતું.

પત્ર ઉપાડી જનાર પુરૂષ વ્યકિત તે **લાલનો એકકો** પોતેજ હોઇ, દવેને પોતાની વીરતાનું ભાન કરાવવા તેણે પોતાનો આ ન્હાનકડો લોકેટ–ફોટો કવરમા મૂકયો હતો.

બાર બાર વર્ષ થયા હાથમાં ન આવતા, અને ગઇ કાલેજ છટકી ગયેલ શિકાર લાલના એકકાનું નામ દવેની મુખમુદ્રાના ભાવ પલટાવવા બસ હતું. ફોટો પાછો કવરમાં મૂકી, તે પોતાના ચોળીના ગજવામાં મૂકયુ. ઘડીયાળમાં આઠના ટકોરા પડયા. ઝાંઝર ઝમકાવતી

ગુણુવન્તી લાંબો ઘુંમટ તાણી ધારેલે સ્થળે જવા બ્હાર નિકળી ગઇ.

દવેના જવા પછી પેલી પત્ર લઇ જનાર પુરૂષ વ્યક્તિ ઉર્ફે લાલનો એકકો ત્યાં આવ્યો. તેણે એક વાર દવેની મૂર્ખાઇ ઉપર અટ્ટહાસ્ય કર્યું. બીજીજ પળે દવેના ટેબલ નીચેનું કોઇ ગુપ્ત દ્વાર ઉઘાડી તે અદ્રશ્ય થઇ ગયો.

પોતાના ઘરમાંની તમામ ચર્ચા જોવા બદમાસોએ સુરંગ ખોદેલી છે. એ વાતથી ગુણુવન્ત આજ બાર બાર વર્ષો થયાં સર્વથા અજ્ઞાન હતો. અને એજ સુરંગને લઇને લાલનો એકકો દવેની આંટીમાં આવી શકતો ન હતો. કારણ પ્રતિદિન તે ગુણુવન્તના તમામ વિચારો સાંભળી જતો હતો.

પ્રકરણ ૫ મું.

"ભેદી મદદગાર!"

છઠ્ઠી તણા જે લેખ તે છેકયાં નહિ છેકાય છે,
વાકયો વિધાતાના કદી છેદ્યાં નહિ છેદાય છે;
કર્મો પ્રમાણે શુભ અશુભ નિર્માણ ભાવી થાય છે,
ત્યાં દેવના દરબારમાં બિનપક્ષપાતી ન્યાય છે.

વૃદ્ધ મહંતના ઝુંપડામાં એક અપરિચિત સ્ત્રી વ્યક્તિ તથા એક પુરૂષ વ્યક્તિ અત્યારે બેઠાં હતા. પુરૂષ વ્યક્તિનું નામ ગોવિન્દ અને સ્ત્રી-વ્યક્તિનું નામ મુદ્રિકા હતું મહંત તેની સાથે વાર્તાલાપ કરી

રહ્યા હતાં. બે માંહેની એક વ્યક્તિ અત્યારે પોતાનો ઇતિહાસ કહી રહી હતી. "કાકા! સાંભળો!"

(હરિગીત.)

વર્ષો વિત્યાં છે તેર આજે, આ બનેલી વાતને,
પરદેશ હું જ્યારે ગયો, મૂકી પ્રિયા, મા, બાપને;
નારી સગર્ભા, મમ હતી તે વખ્ત નામે સુંદરી,
ને એક સાચો દાસ! મ્હારો ખાસ! નામે નરહરી;
વર્ષો વિત્યાં જ્યાં બાર ત્યાં મમ નગ્રમાં આવ્યો ફરી,
માતા પિતા ને પત્નીની પ્રેમી-ત્રિપૂટી સાંભરી;
પણ જ્યાં પધાર્યો ઘેર ત્યાં આશ્ચર્ય અવલોક્યું મહા!
નહિ ઘર! બળેલાં લાકડાં! શો કોપ કુદરતનો અહા!
માતા પિતા પત્ની અને પ્રેમાળ સેવક ના મળે,
બહુ બહુ ચલાવી શોધ પણ પ્રારબ્ધ હીનનું શું વળે?

વળી એ બાર વર્ષ પરની વાત પૂરી યાદ પણ કો'ને? અને હોય તોપણ મ્હારા જોવાને કે'વા કોણ તસ્દી લે?

પાગલ બની ભટક્યો પછી, એ સ્નેહીઓની શોધમા,
નિશ્ચય કર્યો! જીવન હવે! ઝૂકાવવું જળધોધમાં.
વીત્યું વરસ પણ ભાળ એકેની નહિ! લાગી જરા,
અફસોસ! પુનર્મિલનતણી તત્ર આશ ત્યાગી સર્વથા.
ગિરિ, ગહ્વરે, ને સરવરે, સિન્ધુ સરિતે શોધતો,
જંગલ તણા પશુ પક્ષીને! "વ્હાલી" કહી સંબોધતો.
તાપે કરીને કંઠ સૂકાયો નહિ પાણી જડે,
આવ્યો તૃષાથી-કંઠ તરપડતો તમારે ઝુંપડે.

વાત કહેનાર વ્યક્તિ અહીં થોભી. તે પછી મહંતે પેલી સ્ત્રી વ્યક્તિ પ્રતિ જોઇ કહ્યું, "મુદ્રિકા! હવે એ પછી બનેલો બનાવ હું તમને કહું છું."

"કહો કાકા!" મુદ્રિકા બોલી.

તેર વર્ષની પરની છે વાત, જ્યારે તુજ માબાપ હયાત,
વીર–લૂટારૂ તોડી જેલ, નાઠો! પકડાવો મુશ્કેલ.
લેવા એણે જૂનું વેર, વર્તાવ્યો શું કાળો કેર.
લ્હાય લગાડી કીધી લૂટ; કીધું ઘરને ભસ્મિભૂત.
માત તાત તેમાં બે મર્યાં, પ્રપંચ શત્રુના સૌ સર્યાં.
પણ જે સેવક નરહરી નામ, તેણે બીડી જબરી હામ.
પુત્રવધૂ જે ઘરમાં સૂતી, ખબર ન જેને આ નહિ હતી.
તેને ઉંચકી નાઠો વીર, વફાદારીમાં મૂક્યું શીર.
વીર–લુટારૂ શોધી વળ્યો, સુન્દરીનો નહિ પત્તો મળ્યો.
નરહરિ નાર ઉપાડી ગયો, પુત્રી પેઠે પાળી રહ્યો.
હતી સગર્ભા સુન્દરીસતી, પ્રસૂતી–પીડા તેને થતી.
કાન્તિવાન શું? કન્યા એક, પામી હર્ષ તણો નહિ લેખ.
થઇ ખટ માસ તણી એ સુતા, દુઃખ પાછાં ત્યાં આગળ હતાં.

મુદ્રિકા! મહંતના વેશમાં એ સુન્દરીને લઇ આ ઝુંપડામાં રે'નાર એજ આ અંધ વફાદાર નરહરિ."

"વારૂ! પછી એ સુન્દરી ઉપર શું દુઃખ આવ્યું?"

"તેજ કહું છું. પરન્તુ તે પહેલાં તું જાણી લેજે કે અમારાં આ દુઃખમાં અમારો પરમ મદદગાર, તથા મને ન્હાસી જવા રસ્તો કરી આપનાર, સાચો સલાહકાર ડિટેકટીવ દવે ઉર્ફે યુવાન વીર ગુણવંત હતો."

"તો શું લૂટારૂ એના હાથમાંયે ન આવ્યો?"

"ના."

એક દિવસ શું બન્યો બનાવ? હૈયામાં જે'નો છે ઘાવ.
સુખે બાળા સૂતી હતી, રૂમાલ ગુંથે સુન્દરી સતી.
હતો રેશમી શ્વેત રૂમાલ, ચિત્ર-ગુંથણી એકકો-લાલ.
બતાવવા દોડી જ્યાં મ્હને, આવ્યો દુષ્ટ ધસી તે ક્ષણે.
રૂમાલ સુન્દરી-કરથી સર્યો, તે તો મ્હારી દ્રષ્ટે પડયો.
દુષ્ટ સુન્દરીને લઇ ગયો, હું પુત્રીને સાચવી રહ્યો.

મહા પરિશ્રમે ગૌરીના શરીર ઉપર મ્હેં કપડું ઓઢાડી દીધું. દુષ્ટની નજર એ બાળા ઉપર ન પડી. છ માસની એ માતા પિતા હીન બાળાથી મન વાળી છેવટે હું રડીને રહ્યો. જ્યારે ગુણવંત આવ્યો, ત્યારે મ્હેં તેને સુન્દરીના હરણની વાત કહી. તેણે મ્હને એ બાળાને સાચવી રાખવાનું કહી સુન્દરીની શોધાર્થે જવા જણાવ્યું. તેજ દિવસથી મ્હેં જીવના જોખમે પેલા રૂમાલ અને એ બાળાનું આજ લગી જતન કર્યું.

"અને પછી એ બાળા કયાં ગઇ?" મુદ્રિકાએ સવાલ કર્યો.

"તે હું ત્હને પછી કહીશ. જા...સમય થઇ ગયો છે...સોંપેલું કામ જલ્દી કરી આવ."

વાત અધૂરી રહી. જિજ્ઞાસુ મુદ્રિકા મહંતને આગ્રહ ન કરી શકી. એકજ શબ્દની સાથે તે મહંતનું સોંપેલું કાર્ય કરવા જવા ઉભી થઇ. જતાં જતાં તેણે પૂછ્યું....

"ભલે! કાકા! એ વાત નહિ કહો પણ એટલું તો કહો કે એ છોકરી તમારા હાથમાંથી કેમ ગઇ? ને કયારે ગઇ?"

"બાર વર્ષની થયા પછી મ્હેં પણ મ્હારા અંધાપાએ એને ગુમાવી. સુન્દરીને હરી જનાર બદમાશ વીર-લુટારૂ લાલસનો એકકોજ મ્હારી સામે દગો રમી એને લઇ ગયો."

"અફસોસ ! વારૂ લાલસના એકકાએ આપને કેમ જીવવા દીધા ?"

"કારણ હું વૃદ્ધ હોવાથી કશું કરી શકું એમ ન હતું. તેમાં વળી હવે તો અંધ ! એટલે શું પૂછવું ? અને ધારો કે કદાચ હું એની સા'મે કાલે ઉઠીને માથું ઉંચકું તોય મ્હારૂં શું ચાલે ?"

મુદ્રિકાની શંકા ભાંગી. તે પછી તે વૃદ્ધની આજ્ઞાનુસાર પેલી સ્ત્રી–વેશની પોટલી તથા પત્ર દવેને ત્યાં પ્હોંચાડી આવી, એ આપણે વાંચી ગયા. કલાક થયો, વળી પાછું મહંતનું દ્વાર ઠોકાયું. ગોવિન્દે ઉઘાડયું.

"કેમ કામ કરી આવી ?" મહંતે સવાલ કર્યો.

"હા !" આવનાર મુદ્રિકાએ કહ્યું.

"તો જો હવે બરાબર સાત વાગે અહીંથી નીકળી આ વસ્તુ એને એજ જગ્યાએ જઇ પહોંચતી કર. સાથે કે'જે કે ગૌરી જાતે મળવા આવવાની વાત ખોટીજ હતી. એ તો તમે અહીં આવો એટલા પૂરતુંજ તમારી હૃદયવલ્લભાનું નામ લખ્યું હતું."

"કાકા આ બધું શું બોલો છો ? વળી એ ગૌરી કોણ ?"

"એ બધું હું ત્હને પછી કહીશ."

"અને પેલી અધૂરી વાત."

"એ પણ હમણા નહિ."

"ત્યારે ક્યારે ?"

"તું "બેદી મદદગાર" ની ભૂમિકા સફળ રીતે બજવી બતાવી એજ ગોરીને અને સુન્દરીને છોડવી આણે ત્યારે."

"કબુલ! કાકા! કબુલ!"

"તે પછી મુદ્રિકા દૃઢ મહંતની આપેલ વસ્તુ લઇ ચાલતી થઇ.

પ્રકરણ ૬ ઠું.

"રેશમી રૂમાલ."

ગાયન.

જોબન ઝોલાં ખાય......
                    વસન્તે જોબન ઝોલાં ખાય....
પ્રેમી પ્રિયતમ...નાર નવોઢા...
                    રતિ–રસમાં ભિંજાય...વસન્તે.
કોયલ ટહુકે...આમ્ર તરૂએ...
                    કિલ્‌કિલ પક્ષી ગાય...વસન્તે.
પુષ્પ પ્રફુલ્લે પચરંગી બહુ...
                    પરિમલ મધ મધ થાય...વસન્તે.
ફૂલના ગજરા....ફૂલની શય્યા...
                    શિતળતા ન જરાય...વસન્તે.
વ્હાલમ્ આવો! વ્હેલાં વ્હેલાં,
                    વસન્ત વીતી જાય...વસન્તે.
મદન પીડે જુઓ! પતિહીન પ્રમદા–(ને)

લ્હાય! ખમાય! ન હાય...વસન્તે.
રૂડી ઋતુ...વિરહીની! વિધવા....
બેનાં દિલ દુભાય...વસન્તે.

વારાંગના વિલાસિકાના મકાનમાં ઉપરોક્ત સંગીતધારા વહી રહી હતી. વિલાસિકાની સ્વરૂપવાન દાસી દમયંતી હાથમાં સિતાર લઇ ઉપરનું ગાયન ગાઇ રહી હતી, જ્યારે વેસ્યા વિલાસિકા બારીએ ઉભી ઉભી કોઇની વાટ જોઇ રહી હતી. તેના હાથમાં એક કાગળ હતો. જે તે વારંવાર વાંચી રહી હતી.

"વ્હાલી વિલાસિકા."

આજ સાંજે ત્હારા મકાન આગળ પ્રથમ આવનાર સ્ત્રી વ્યક્તિને પ્રપંચથી છેતરી કોઇ ચીજ આપી બુદ્ધિપૂર્વક વિદાય કરજે, અને તેની જગ્યાએ તું ગોઠવાઇ જજે. તે પછી ત્હને કોઇ એક સ્ત્રી આવી, ક્યાંય લઇ જાય, તો તું ત્યાં જજે, અગર તો કંઇ આપે તો તે તું લઇ લેજે."

"લાલનો એક્કો"

થોડી વાર થઇ. વિલાસિકા જેની વાટ જોઇ રહી હતી, એવી એક સ્ત્રી-વ્યક્તિ વિલાસીકાના મકાન આગળ આવી ઉભી. વેશ્યા વિલાસિકાએ પોતાની ચતુર દાસી દમયંતીને અણુસારો કર્યો. પોતે નીચે ઉતરી. નીચેજ દત્તે ગુણુવન્તીના વેશમાં આવી ઉભો હતો.

"બ્હેન! તમે પેલી દાસીને શોધો છો કે?"

"હા! તમે એ ક્યાંથી જાણો?" આશ્ચર્ય પામતી ગુણુવન્તી બોલી.

"આવો! તે ઉપરજ છે. તમારી ક્યારની વાટ જોઇ રહી છે."

ચુપચુપ ગુણવન્તી વિલાસિકાની સાથે ઉપર ગઇ. જો કે વેશ્યા વિલાસિકાએ સૌભાગ્યના શૃંગારો ધારણ કર્યાં હતાં, છતાં તે બહુ મુલ્ય ન હતાં. ખરૂં જોતાં તે પહેરવેશમાં ઘણીજ સાદી હતી. એક વેશ્યા છતાં તેના મુખનું નૂર, અને તેની ઝળહળતી જ્યોતી, તેની પવિત્રતાનો પ્રતાપ બતાવી રહી હતી. વેશ્યાના જેવા હાવ, ભાવ તથા વસ્ત્રપરિધાનની ઢબ સાથે બોલે છતાં તેનું દિલ એક દિવ્યાંગના સમાન નમ્ર, ઉદાર અને મૃદુ હતું. તેની ઉમર ત્રીસથી ઉપરની હોવા છતાં એક અપ્સરા સમાન તેનાં દેહની કાન્તિ હતી.

"વારૂં ! આપનું નામ ?" વિલાસિકાએ પૂછ્યું.

"ગુણવન્તી."

"વારૂં ! તો ગુણવન્તી બ્હેન ! તમે જેને મળવા આવ્યા છો, તેનું નામ જાણો છો ?"

"નામની મ્હને ખબર નથી. તેમજ હું ત્હેને ઓળખતીયે નથી."

ચતુર વેશ્યાને ગુણવન્તીના વસ્ત્ર-પરિધાનની ઢબછબ તથા બોલ ઉપરથી પામી જતા વાર ન લાગી, કે આ કોઇ સ્ત્રી-વેશધારી પુરૂષ છે. નક્કી એના મેળાપમાં કોઇ ગુપ્ત ભેદ હોવો જોઇએ.

"ત્યારે લ્યો ઘડીવાર બેસો ! હું એમને નીચેથી મોકલું." વિલાસિકા ગઇ. સંતાઇને સાંભળતી દાસી દમયંતીના કાનમાં ફૂંક મારી. તે ગુણવન્તીના ઓરડામાં પ્રવેશી.

"ઓહો ! તમે આવી પ્હોંચ્યા ?"

આશ્ચર્ય પામતી ગુણવન્તી બોલી, "શું મ્હને મળવા બોલાવનાર "ભેદી મદદગાર" તે તમે ?"

"જી...ના."

"તો પછી વસ્ત્રની પોટલી ને પત્ર પ્હોંચાડનાર દાસી કોણ?"

"તે અન્ય કામસર ન આવી શકવાથી હું આવી છું."

"તમારૂં નામ?"

"દમયંતી!"

"તમારાં શેઠાણી ગૌરી કેમ જણાતા નથી?"

"એકાને અમારી યુક્તિની ખબર પડી જતાં, તેણે સખ્ત પ્હેરો મૂકી દીધો છે, એટલે આજ તો લાચાર!"

"વારૂં! એણે શું મોકલાવવાનું લખ્યું હતું, તે તમે લાવ્યા?"

"હા લ્યો."

તે એક હીરાજડિત મુદ્રિકા હતી. ગુણવંતી વીંટી જોવામાં રોકાઇ. દમયંતી આજ વખતે નજર ચુકાવી પોબારા ગણી ગઇ. આ દરમ્યાન નીચે શું બન્યું? તે જોઇએ.

ગુણવંતીની જગ્યાએ વેશ્યા વિલાસિકાને છળ કરીને ઉભા રહે પૂરી બે મીનીટ નહિ થઇ હોય, ત્યાં તો મહંતે મોકલેલી મુદ્રિકા આવી લાગી. અંધારામાં વગર જોયે વિલાસિકાનેજ ગુણવન્તી ધારી તેણે તને રેશમી-રૂમાલ આપી દીધો.

"લ્યો! ફક્ત આજ મોકલાવ્યો છે."

"બીજું?" વિલાસિકાએ પ્રશ્ન કર્યો.

"કંઇજ નહિ."

"તમારૂં નામ?"

"સેવી મદદગાર!" મુદ્રિકા બોલી.

"અને તમારૂં?"

"ગુણવન્તી !" વિલાસિકા જુઠું બોલી. તે પછી મુદ્રિકા ચાલતી થઇ. રૂમાલ ગજવામાં મૂકી વિલાસિકા ઉપર ગઇ. ત્યાં દમયંતી ન્હોતી. ગુણવંતી તેને શોધવા ફાંફાં મારી રહી હતી.

"તમે કો'ને શોધો છો ?" વિલાસિકાએ પૂછ્યું.

"મ્હને મળવા આવનાર પેલી દમયંતીને."

"તે તો હમણાજ મ્હને નીચે મળી. આ બાજુ ગઇ." વિલાસિકાએ ગુણુવન્તીને આડે રસ્તે દોરવવા મુદ્રિકા જે રસ્તે ગઇ હતી, તેજ રસ્તો દેખાડયો.

ગુણવન્તીના વેશમાં દવે તુર્તજ નીચે ઉતર્યો. દૂરથી તેણે ન્હાસી જતી મુદ્રિકાને જોઇ. તેનેજ વિલાસિકાના કે'વાથી પોતાને ઠગી જનાર દમયંતી ધારી તે તેને પકડવા તેની પુઠે પડયો. હોશિયાર ડિટેકટીવ એક વેશ્યાને હાથે આબાદ ઠગાયો.

થોડીવાર વિતતાં ત્યાં લાલનો એકકો આવી લાગ્યો. ?"

"વિલાસિકા ! શિકાર સપડાયો ?"

"ના ! દમયંતીની ગફલતે છટકી ગયો."

"તો શું પેલી સ્ત્રી જે વસ્તુ મેળવવા આવી હતી, તે ત્હારાથી ન મેળવાઇ ?"

"ના....શક પડતાંની સાથેજ તેઓ બંને કોઇ અન્ય સ્થળે વાર્તાલાપ કરવા ચાલ્યા ગયા."

વિલાસિકાએ જુઠું બોલી લાલના એકકાને ઉડાવ્યો. તેના ગયા પછી તરતજ દમયંતી નીચેના ખંડમાંથી આવી લાગી.

"બા ! વીંટીમાંજ સમજાવી નાખી."

"વીંટી !" ઉચ્ચારની સાથેજ વિલાસિકાને તે સાંભરી. ઉતાવળમાં

ને ઉતાવળમાં તે કે'વી ગંભીર ભૂલ કરી બેઠી હતી, તેનું હેને સ્મરણ થયું. વિલાસિકાને એ વીંટી તેના પ્રિયતમ તરફથી મળી હતી. અને તે તેને બહુ વ્હાલથી સંભાળી રાખતી હતી. આજ ઉતાવળમાં અચાનક તેણે તે ગુણવન્તીને આપવા દમયંતીને કાઢી આપી હતી.

અફસોસ! ભરાયલા અને દીલગીર હૃદયે તેણે પાસેની ખુરસીમાં પડતું નાંખ્યું. એટલામાં તેને પેલો રૂમાલ સાભર્યો. દીવાનો પ્રકાશ વધારી તેણે તે જોયો. તેમાં લાલનો એકકો ઉનના લાલ દોરાથી ગુંથાયલો હતો. છેડે ન્હાનું નામ હતું "સુન્દરી!"

રૂમાલ જોતાંજ તે "ઓ પ્રભુ! હું આ શું જોઉં છું?" કહી બેશુદ્ધ થઇ ગઇ. દમયંતી તેને શુદ્ધિમાં આણવા ઉપચારો કરવા લાગી.

પ્રકરણ ૭ મું.

"અફસોસ!"

હું એક છું આ વિશ્વમાં...એ'વું દીલે ધરવું નહિ,
મ્હારી બરાબર કોણ છે? એ વાકય ઉચરવું નહિ.
અભિમાનથી અવિચારી પગલું કોઇ દિન ભરવું નહિ,
"હું એક છું" એ બોલવા...સાહસ કદી કરવું નહિ.
પૃથ્વિ વિષે કંઇ કંઇ મણિ, રત્નો પડેલાં છે હજી,
છે શેરને માથે સવાશેરો ન ભૂલો એ કદી.

ભૂલમાં ને ભૂલમાં દગાબાજ દાસી દમયંતીની પૂંઠે પડેલો

ગુણવન્તીના વેશમાં ગુણવંત! ઘડીએ અને પળે હાથમાં આવેલ મુદ્રિકાને ફેરવી ફેરવીને જોયા કરતો હતો. મુદ્રિકા પણ પોતાની પાછળ કોઇ દુષ્ટનો ગુપ્તચર્યા જોનાર માણસ પડયો જાણી સત્વર રસ્તો કાપી રહી હતી. એટલામાં મહંતની પર્ણકૂટી આવી. મુદ્રિકાએ મ્હોટેથી બૂમ મારી.

"ગોવિન્દ! ઓ ગોવિન્દ!"

ગોવિન્દે દ્વાર ખોલ્યાં. મુદ્રિકા અંદર ચાલી ગઇ. પાછળ આવતી ગુણવન્તી દમયંતીને મહંતની પર્ણકૂટીમાં ગયેલી જોઇ આશ્ચર્ય પામ્યો. સંતાઈને દ્વારે કાન માંડી તે માંહે ચાલતી વાત સાંભળવા લાગ્યો.

"કેમ? આવી પ્હોંચી?" મહંતે પૂછ્યું.

"હા!"

"કામ કરી આવી?"

"સહેલાઇથી!"

"તે કશું બોલ્યો હતો?"

"ના."

"પરન્તુ ત્યારે તું આટલી શ્વાસભેર દોડતી કેમ આવી?"

"મ્હારી પાછળ કોઇ બદમાશ પડેલો છે. બોલો હવે મ્હને આજ્ઞા."

"શત્રુને ત્યાં જઇ નોકરી સ્વીકારી, કેદીનો છુટકારો કરો." મહંત બોલ્યા.

"અને કદાચ ધાર્યા કરતાં વિપરિત પરિણામ આવે તો? પકડાયાં તો પછી?"

"દેહં પાતયામિ! કિંવા કાર્યં સાધયામિ!"

ધરો માથું ઝૂકો ભયમાં...મૂકો માથા તણી પરવા,
વિજય અંતે તમારો છે, બનો તૈયાર જો મરવા.
નથી સ્હેલી ! કદાપી કાર્યસિદ્ધિ શીષને સાટે,
"થશે શું ?" બાયલા બોલે, બધાં એ કાયરો માટે.

બાકીઃ–મરદ બચ્ચો તો,

મર્દ સચ્ચા કામ કરનેસે કભી ડરતા નહિ,
ચાહે તુટે યે આસમાં પીછે કદમ ભરતા નહિ.
મર્દ સચ્ચા વોહી ! અપના બોલસે ફીરતા નહિ,
ઠોકર લગાતે ! થુંકતે ! ધનસે કભી ગીરતા નહિ.
જો જાંન ભી અપની કરે કુરબાન સચ્ચાઇકે લીયે,
મય તો કહું...બસ એક ! વોહી ! વોહી ! સચ્ચા મર્દ હૈ
જો શિર દે ખુદ... ધર્મ ગરતો પ્રેમિયોંકે બાસ્તે,
મૃત્યુ પિછે વહ વીર જાતા અમરપુરીકે રાસ્તે."

"જો એમજ છે, તો આપની આજ્ઞાનુસાર સિંહની ગુફામાં જાઉં છું. ક્યાં તો જાન દઉં છું, ક્યાં તો જાન લઉં છું.

હવે રસ્તા બ્હ્યા છે બે, રફું ! ક્યાં તો થવું રાજી,
અગર ક્યાં હારના દાવો ! અગર ક્યાં જીતની બાજી.
નથી નક્કી ! થશે શું ? ને થવાનું શું ? લખ્યું ભાલે,
છતાં નક્કી થવાનું છે, નવુ જુનું કંઇ કાલે.

કાકા ! ધરભેદુ થઇશ. "ખાવું તેનું ગાવું" એ પ્રચલિત નિયમને ઉંધો ફેરવી "ખાઇશ તેનું ખોદીશ." ક્યાં તો શત્રુનુ શિષ–છેદન ! ક્યાં તો આત્મ–વિસર્જન ! બસ એજ અચળ નિશ્ચય !"

"સિધાવો ! વિજયી થઇ ! વ્હેલાં આવો !"

પ્રતિજ્ઞાધારી વીરાંગના મુદ્રિકા જેવી બ્હાર નીકળી, તેવીજ તેને દમયંતી ધારી ગુણવંતીએ ઝાલી. ચીસ ન પાડે માટે એક હાથ તેના મોઢા ઉપર સજ્જડ દબાવ્યો. રાત્રિ હોવાથી જો કે અંધારૂં હતું, છતાં પૂર્ણિમાનો ચંદ્રમા શ્વેત ચાંદનીથી દેવી વસુંધરાને દીપાવી રહયો હતો. તેના પ્રકાશમાં ગુણવંતીએ મુદ્રિકાનું મુખ જોયું. જોતાંજ તેને ખાત્રી થઇ કે પોતાના હાથમાં આવનાર સ્ત્રી દમયંતી નથી. ગુણવંતીનો હાથ ઢીલો પડયો. ચતુર ને ચાલાક મુદ્રિકા એજ વખતે એક આંચકો મારી છટકી ન્હાસી ગઇ. આંચકા સાથેજ ઠગાયલી ગુણવંતીના હાથમાંથી પેલી મુદ્રિકા નીચે પડી ગઇ. ન્હાસતી ને પાછું ફરી જોતી મુદ્રિકાએ એ ચમકારો જોઇ લીધો, પરન્તુ ગુણવન્તીને એ ધ્યાન ન રહ્યું. તેને તો દમયંતી પોતાને બનાવી ન્હાસી ગઇ, એજ બહુ લાગ્યા કરતું હતું.

મુદ્રિકાની પૂંઠ પકડવી છોડી એ ન્હાસનાર પ્રૌઢ સ્ત્રી (દમયંતી યુવાન હતી.) કોણ હતી? એ મહંત પાસેથી જાણવા ગુણવન્તી ઝુંપડીમાં ગઇ.

થોડીવારે મુદ્રિકા ઝુપડી પાસે પાછી આવી. તેણે પેલી મુદ્રિકા ઉપાડી. જે જોતાંજ તેના મોઢામાંથી એક તીણી ચીસ નીકળી ગઇ. બીજીજ પળે તે બેભાન બની જમીન ઉપર પડી ગઇ.

ચીસનો અવાજ અંદર બેઠેલાં મહંતે તેમજ ગુણવન્તીએ સાંભળ્યો. "ઉભા રહો! હું તપાસ કરી આવું" કહી તે બ્હાર નિકળી. દ્વાર પાસેજ તેણે મુદ્રિકાને પડેલી જોઇ.

વાંચક! હવેના વેશમાં ગુણવન્તીએ મુદ્રિકાને પુનઃ જોઇ, તે પ્હેલાં મહંત સાથે તેણે શી વાત કરી તે આપણે જાણી લઇએ.

પોતે ગુણવન્તીના વેશમાં હવે આવેલો છે, એમ મહંતને કહ્યા પછી, પોતે શા માટે, અને કે'વી રીતે ઝુંપડી આગળ આવ્યો, તે તમામ બીના તેણે વૃદ્ધને કહી સંભળાવી.

" તો શું ગુણવન્ત! તું એમ કે'વા માગે છે, કે ત્હને પત્ર તથા પોટલી પ્હોંચાડનાર આ વિલાસિકાના મકાને આવીજ ન્હોતી ?"

" ના આવી હતી! પરન્તુ તેણે મ્હને રૂમાલ આપ્યો નથી."

" ત્યારે ? "

" ફક્ત એક વીંટી! "

" આપનારનું નામ ત્હેં પૂછ્યું હતું ? "

" હા ! "

" શું ? "

"દમયંતી !"

"હેં ! એ દમયંતી કોણ ? મ્હેં એ નામની કોઇ વ્યક્તિને વીંટી કે અન્ય કંઇ આપવા મોકલીજ નથી." મહંત આશ્ચર્ય મુદ્રાથી બોલ્યા.

"તો પછી તમે રૂમાલ આપવા કો'ને મોકલી હતી ?"

"ત્હારી ભેદી મદદગાર મુદ્રિકાને, કે જેને દમયંતી ધારી, તું પુંઠ પકડી અહીં સુધી આવ્યો."

"તો એ મુદ્રિકા! રૂમાલ કો'ને આપી આવી ?"

"પ્રભુ જાણે ! એ શું ગોટાળો થયો છે ?"

જરાવારમાંજ દવેની બુદ્ધિ આ ગોટાળો સમજી ગઇ. "બરાબર છે," તે બોલ્યો, "થયું એમ કે વેશ્યા વિલાસિકાએ એ રૂમાલ મ્હારી જગ્યાએ રહી હસ્તગત કરેલો છે. તમારી મુદ્રિકા વિલાસિકાને ગુણવંતી ધારી, રૂમાલ આપી આવી છે. અને મ્હને એજ

વેશ્યાએ પોતાની કોઇ દમયંતી નામક દાસી વડે નકામી વીંટી આપાવી છેતર્યો છે."

"પરન્તુ એ બધી વાત એ ક્યાંથી જાણે?"

"થયું એમ છે કે તમારો મોકલેલો પત્ર મ્હારા ઓરડામાંથી થોડીજ વાર પછી કોઇ ઉપાડી ગયું હતું, અને એની મદદથીજ આ વાત જાણી લઇ આ કાવત્રું રચાયું છે. હા! હવેજ સમજાયું. લાલના એકકાનો ફોટો પણ કવરમાં હતો. એજ એ પત્ર ઉપાડી ગયો. તેણેજ વિલાસિકાને ચેતાવી, રૂમાલ હાથ કર્યો."

"તો પછી જા! પકડ એ વેશ્યા તથા ત્હેની દાસીને, અને મેળવ પત્તો."

"જરૂર! પરન્તુ થોભો! મ્હને કહો કે એ મુદ્રિકા કોણ છે?"

"એક હિતેચ્છુ! છૂપી મદદગાર."

"ખુલાસો."

"હવે પછી."

"થોભ" જવા માંડતાં ગુણવન્તી વેશધારી દવેને અટકાવતાં અહંત બોલ્યા, "ત્હને મળેલી મુદ્રિકા ક્યાં છે?"

ગુણવન્તી તે ન શોધી શકી. "હમણા સુધી તો હતી."

"પછી?"

"હા! બરાબર! બ્હાર મુદ્રિકા સાથે ઝપાઝપીમાં પડી ગયેલી હોવી જોઇએ. હશે! એની સાથે આપણને કશું કામ નથી."

"ગુણવંત! તું આ શું બોલે છે! મુદ્રિકાએ મ્હને આવતાંજ ચોખ્ખું કહ્યું હતું, કે રૂમાલ નામ પૂછીને આપ્યો હતો. લેનારે પોતાનું નામ સુદ્ધાં ગુણવન્તી જણાવ્યું હતું. ધાર કે કદાચ બધું જાણે, એમ બને, પરન્તુ ત્હારૂંજ ધારણ કરેલું નામ તે ક્યાંથી જાણે?"

"તે વિલાસિકાએ મ્હને પ્હેલાંથીજ પોતાના મકાનમાં લઇ જતાં પૂછી લીધું હતું."

"નહિ! વીંટી પણ ત્હારી પાસે નથી. મ્હને ત્હારી આજની વાત પર વિશ્વાસ બેસતો નથી."

બરાબર આજ વેળા બ્હાર મુદ્રિકાએ ચીસ પાડી, અને ગુણુવન્તીએ ગોવિન્દને ફાનસ લઇ બ્હાર આવવા કહ્યું. જમીન ઉપર મુદ્રિકા પડેલી હતી. ગુણુવંતીએ તેને જોઇ. ફાનસનો પ્રકાશ તેના મુખાવિંદ ઉપર પડયો. પોતાના હાથમાંથી છટકી ન્હાસી ગયેલી મુદ્રિકાને પુનઃ મહંતની ઝુંપડીના દ્વાર પાસે બેશુદ્ધ સ્થિતિમાં પડેલી જોઇ તેના આશ્ચર્યનો પાર રહ્યો નહિ! વધુ આશ્ચર્ય તો વળી ગુણુવન્તીને ત્યારે થયું, જ્યારે તેણે મુદ્રિકાના હાથમાં પોતાની ગૂમાવેલી વીંટી જોઇ. ગુણુવન્તીએ તે લેવા હાથ લંબાવ્યો. એજ વેળા મુદ્રિકાની મૂર્છા વળી. ઉઠતાંની સાથેજ તે ગુણુવન્તીને બાઝી પડી.

"ઓ મ્હારી પ્રિયા!" તેના મુખમાંથી શબ્દો સરી પડયા. બીજીજ પળે તે પોતાની ભૂલ જોઇ શકી.

"આ શું? મુદ્રિકા બ્હેન! તમે આ શું કરો છો?"

"માફ કરો! હું બેશુદ્ધિમાં કંઇ ગાંડુ ઘેલું બકી ગઇ." મુદ્રિકાએ પોતાની ભૂલ સુધારી.

હવે ઉર્ફે ગુણુવન્તી મુદ્રીકાના હાથમાં વીંટી આવવી, તથા તેના વિચિત્ર વર્તન પર વિચાર કરતી ઉભી હતી. બીજી બાજુ કાનનો કાચો ગોવિન્દ હાથમાં ફાનસ લઇ ઉભો હતો. મુદ્રિકા ધુળવાળાં અસ્ત વ્યસ્ત કપડાં ખંખેરી, ઠીક કરી, કપાળે કર પ્રહાર કરી "અફસોસ"નો શ્વાસ લઇ રહી હતી.

પ્રકરણ—૮ મું.

"મુદ્રિકાનો માલીક !"

માલીકની મૃત્યુપુરી આ ધર્મશાળા થાય છે,
માનવ–મુસાફર નિત્ય એ'માં આવતા, ને જાય છે.
માલીકના બાળક બધાં... માલીક સૌનો શ્રી હરિ !
પચરંગી પ્રાણી–પુષ્પ–કલિકા... વિશ્વ ઉપવનમાં ભરી.

"મુદ્રિકા ! એ વીંટી તમારી પાસે ક્યાંથી આવી ?" ગુણવન્તી હવે મુદ્દાની વાત પર આવી.

"આપની પાસેથી છટકવા જતાં આંચકાને લઇ એ તમારા હાથમાંથી પડી ગઇ. મ્હેં તે જોઇ, અને લઇ લીધી."

"તો એ મ્હને પાછી આપી દયો. કારણ એ મ્હારી છે."

"પરન્તુ તમારા કરતાં કોઇ અન્ય એની વધુ માલિકી સાબીત કરે તો ?" મુદ્રિકાએ અટપટો પ્રશ્ન કર્યો.

"છતાંએ હું તેને એ ન દઇ શકું."

"કારણ ?"

"એમાં સમાયલા ગુપ્ત ભેદની માહીતી મ્હારે મહંત પાસે મેળવવી છે."

"પરંતુ આ વીંટીમાં ભેદજ છે, એમ તમે શા ઉપરથી કહી શકો છો ?"

"આપનારે એમ કહ્યું હતું. મ્હારૂં તો કેવળ અનુમાન માત્ર છે."

"તો એ આપનારનું કે'વું, તથા તમારૂં અનુમાન બંને સર્વથા

અસત્ય છે. હું તમને ખાત્રીપૂર્વક કહું છું કે એમાં કશોય ભેદ નથી. તેમજ મ્હારા સિવાય અન્ય કોઇને એ કળા પણ ઉપયોગની નથી."

"મુદ્રિકા પડાવવા, તમે તો ગમે એમ કહો, પરન્તુ મ્હારે એ સત્યજ માની લેવું, એની શી ખાત્રી?"

"ખાત્રી મ્હારા શબ્દની ગુણવન્ત! મુદ્રિકાના બોલેબોલ ઉપર વિશ્વાસ રાખ. એ ત્હારી શત્રુ નહિ પણ સખી તથા શ્રેયસ્કારીણી છે." અંધ મહંત કે જેઓ ક્યારના પાછળ આવી આ રમુજી વાદવિવાદ સાંભળી રહ્યા હતા, તે બોલ્યા.

મહંતના સંબોધને ગુણવન્તીના વેશમાં આવનાર ગુણવન્ત છે, એમ મુદ્રિકા સમજી ગઇ. પરન્તુ ડિટેકટીવ દવે ઉર્ફે ગુણવન્તીનું ધ્યાન પેલી મુદ્રિકામાં પરોવાયલું હોવાથી, તથા કાન મહંતના શબ્દો પ્રતિ દોરવાયલા હોવાથી, તેણે કંઇ ન સાંભળ્યું.

"ગમે તેમ હો! પરન્તુ મુદ્રિકા બ્હેન! મ્હને એ ફક્ત આજનાજ દિવસ માટે પાછી આપો. કાલે જરૂર હું આપને તે આ જગાએ પાછી સુપ્રત કરીશ."

"વારૂ! એને લઇ જઇ તમે શું કરશો?"

"કર્યા પહેલાં તે કે'વાનો મ્હારો ઇરાદો નથી."

"તો મ્હારો આપવાનોયે નથી."

"તો બળાત્કારથી મેળવીશ."

"શું? ડિટેકટીવ દવે! જુઓ એક વીર પુરૂષ એક અબળા ઉપર અત્યાચાર કરશે? શરમ છે! ગુણવન્ત! મ્હારાં વ્હાલા ગુણવન્તી બ્હેન! બોલતાં તો જરા શરમાવ." મુદ્રિકાએ મીઠી મજાક આરંભી.

"શું? તમે મ્હને ઓળખો છો?"

"ઘણીજ સારી રીતે."

"અને હું?"

"તમે મ્હને નથી ઓળખી શકતા. છતાં પ્રસંગાનુસાર આગળ જતાં જરૂર ઓળખશો."

"જુઓ મુદ્રિકા બ્હેન! હું સાચેજ કહું છું કે, એ વીંટી મ્હને એક સુન્દરી તરફથી બક્ષીશ મળી છે, એટલે મ્હારે એ સ્મરણચિહ્ન જાળવવુંજ જોઇએ."

"આપની માંગણી દીલગીરી સાથે નાકબૂલ કરૂં છું. ઉલ્ટી એક ભિક્ષા હું તમારી પાસે માગવા ઇચ્છું છું."

"શું?"

"કૃપા કરી મ્હને એ તમને વીંટી આપનાર સ્ત્રી સાથે મેળવો."

"શા માટે?"

"સુન્દરી અને તેની પુત્રીની મુક્તિને માટે!"

"તમે તો ઘણી ખરી વાત જાણતા હો એમ લાગો છો?"

"એટલુંજ નહિ પણ એથીંયે વિશેષ! ગુણવન્તી બ્હેન! મ્હારી સાથે સહીપણાં બાંધો. બહુજ ફાયદો થશે હોં!"

"પણ છેક અણજાણ્યાં સાથે સખીપણાં શાં!" ગુણવન્તીએ અણજાણ્યાનો વિશ્વાસ ન કરવો એમ સૂચવ્યું.

"છેક અજાણ્યા નથી! મ્હને તો તમે ત્રણ ત્રણ વાર મળ્યા છો."

"કોણ કહે છે?"

"હું!"

"ક્યાં ક્યાં? ગણાવો જોઉં!"

"સંભારો ! પત્ર ને પોટલી પ્હોંચાડવા આવનાર હું, વેશ્યા વિલાસિકાના મકાને ગુણવન્તી બ્હેન ! રૂમાલ આપી જનાર પણ હું......"

"રૂમાલ ? કેવો રૂમાલ ?"

"કે'વો એટલે ? રેશમી-રૂમાલ. ?"

"તદ્દન જુઠું ! વિલાસિકાના મકાને મ્હને તમે મળ્યાજ નથી. રૂમાલ પણ નથી આપ્યો."

"તો ?"

"કોઇ દમયંતી નામની સ્ત્રીએ આ મુદ્રિકા આપી હતી."

મેળ મળી રહ્યો. વેશ્યા વિલાસિકાએ ગુણવંતી તેમજ મુદ્રિકાને ઠગી રૂમાલ મેળવ્યો, એમ બંને જાણી ગયા. તે પછી મુદ્રિકા બોલી.

"ચાલો ! એક લેખે એ પણ ઠીકજ થયું."

"શી રીતે ?"

"એ રૂમાલ કરતાં આ મુદ્રિકા આપણને હજારઘણું કામ આપશે."

"એ'વો એ'માં ચમત્કાર છે શું ?"

"હા ! અને તે જો જોવો હોય તો, ચાલો..."

"ક્યાં ?"

"મ્હારી સાથે."

"તમે ક્યાં જવા માગો છો ?"

"એજ વિલાસિકાને ત્યાં. ત્યાંજ બને તો દમયંતીને નહિ તો આ મુદ્રીકાના માલીકને પકડવાનો છે."

"હું તો તમારી આ વાતોમાં કશું સમજતો નથી."

"બધું સમજાશે! તમે એક વાર મ્હારી સાથે ત્યાં ચાલો અને હું કહું એમ કરો."

"પણ મ્હને કંઈક તો કહો."

"સાંભળો! આ મુદ્રિકા તમે જેની પાસેથી મેળવી છે, એજ આજથી બાર વર્ષ ઉપર મહંતે ગુમાવેલી સ્ત્રી સુન્દરી છે. બસ! એટલુંજ...હવે ચાલો..."

"પણ ત્યારે હમણા તો તમે એની માલીકીનો દાવો કરતા હતા?"

"અને તે પણ ખરૂં હતું."

અજાયબ થતો દવે મુદ્રિકાની અકકલ ઉપર ધન્યવાદના ઉચ્ચારો કાઢવા લાગ્યો. મુદ્રકાએ તેને વિલાસિકાના મકાને જઈ "શું કરવું?" તે કક્કો ભણાવી દીધો. થોડી વારે મહંતના ઝુંપડા આગળથી એક દક્ષીણી યુવક તથા એક સ્ત્રી પસાર થઇ ગયાં. તેજ દવે તથા મુદ્રિકા હતાં.

પ્રકરણ–૯ મું.

"વેશ્યા કે વ્હાલી?"

લુચ્ચાને લુચ્ચા મળે! સારાને શુભ સંગ!
તેને તેવું સાંપડે...જેને જેવો રંગ.

"પધારો! પધારો! શેઠજી! આપનું નામ?" દમયંતીએ સન્માન પૂર્વક શેઠને બેસાડયા.

"ગણેશરાવ."

"રે'વાશી ?"

"મહારાષ્ટ્ર ! વ્યાપારાર્થે અહીં આવ્યો છું. સંગીતનો શોખીન હોવાથી, અને તમારૂં નામ આ નગરમાં આગળ પડતું સાંભળવાથી બે ઘડી દિલ બ્હેલાવવા પધાર્યો છીએ." દક્ષિણી વેશધારી દવે બોલ્યા.

"ભલે પધારો ! ઘર આપનુંજ છે."

સીડી નીચે સંતાયેલી મુદ્રિકા નીચેના ખંડમાં હોવા છતાં ઉપર ચાલતી આ તમામ વાત સ્પષ્ટ સાંભળી રહી હતી.

"તમારાં બાઇ કયા છે ?"

"આ આવ્યા, લ્યો !"

વિલાસિકા ત્યાં આવી. નવીન લાલને જોતાંજ પ્રથમ તો તે જરા ખંચાઇ. પરન્તુ પાછળથી વેશ્યાના નિયમાનુસાર પાનદાનીમાંથી એક પાન લઇ ગણેશરાવને આપતાં તે બોલી, "નામદારની શી ઇચ્છા છે ?"

"બે એક સુન્દર સંગીત સાંભળવાની."

"ખુશીથી. દમયંતી સિતાર લાવ."

દમયંતી સિતાર લાવી. તેની નાજુક આંગળીઓ સિતારના તાર ઉપર થેઇથેઇકાર કરવા લાગી. થોડી વારે કોકિલ કંઠ ખૂલ્યો.

ગઝલ.

તમે માનો નહિ માનો, પરન્તુ ભાગ્ય મ્હોટું છે.
ભરોસો એ ઉપર રાખો...વિના એ સર્વ ખોટું છે.
રડાવે એ ! હસાવે એ ! બનાવે રંકને રાજા,
ચઢાવી ઉન્નતિ-ટોચે...રમાડે રંગ એ ઝાઝા...તમે.

ભટકતો ! ભૂપને પળ માત્રમાં ભાવી બનાવે છે,
તજાવી મ્હેલ ! ઝુંપડીમાં ! છુપો વાસો વસાવે છે.
નિરાશોને દઇ આશા ! હમેશા ટળવળાવે છે,
કંઇ આશા ભર્યાં હૈયાં...પલકમાં ભાંગી ! બાળે છે–તમે.
અજબ છે દૈવની ખૂબી...અજાયબ ભાગ્યની આંટી,
ઉકેલે અટપટી ગુંચ કો ! ન એ'ની આપણામાંથી.
અજબ છે રંગ દુનિયાના ! અજબ છે ઢંગ ભાવિના,
કથે છે "પુષ્પ" અવનિમાં અજાયબ ભાગ્યદેવી આ.

અસ્ખલિત વ્હેતી સંગીતધારા અટકી, એટલે તે બોલી.

"કેમ સરકાર ! પસંદ પડયું ?"

"સાધારણ ! વિલાસિકા ! વેશ્યા હોવા છતાં એક રસિક પુરૂષ આગળ આ'વું વૈરાગ્યપૂર્ણ ગાયન ગાવાનું શું પ્રયોજન ? તમારે તો અમારા જેવા નવયુવાન પાસે શૃંગારિક સંગીત–ઝરાં ઠાલવવાં જોઇએ.

મીઠા નજરના બાણને જાદુઇ કટાક્ષો આંખના,
કામે અને પ્રેમે ભરેલાં શબ્દ, ચાળા આપના.
વસ્ત્રો અલંકારો જગાવે જે વિકારી ભાવના,
શૃંગાર–રસ ભરપૂર ગાયન હોય છે વેશ્યા તણા.

ત્હારામાં વેશ્યાનું એકેય લક્ષણ પૂરૂં માલમ નથી પડતું ! તેનું શું કારણ ?" ગણેશે વિલાસિકાની પરીક્ષા કરવા માંડી.

"પરદેશી લાલ ! આપની વાત જો કે સાચી છે, છતાં મ્હારે અત્રે આપને જણાવી દેવું જરૂરનું છે કે હું સાધારણ વેશ્યા નથી. વેશ્યા હોવા ઉપરાંત નૃતિકા, ગાયિકા તેમજ પતિવ્રતા છું. એકજ પતિવ્રતની ભાવનાને હું આજ વર્ષો થયાં પોષતી આવી છું. અને

એજ સતીત્વના પ્રભાવે હજારો વ્યભિચારીઓના જુલ્મમાંથી પણ શિયળધનને અખંડિત જાળવી શકી છું. એજ પવિત્રતાના પ્રભાવે તમે વેશધારીને વેશે અત્રે કોઇ ખાસ કારણસર પધારેલા છો, એમ જાણી શકી છું. ભલે ! મ્હારીયે થોડી વાત સાંભળો...

જગત્ કહેછ વેશ્યા મ્હને...ઓળખતું એ નામ,
સોગનપૂર્વક ! તે છતાં પવિત્ર મ્હારાં કામ.
વ્યભિચારી, વિષયી-જીવન, મ્હારે મને હરામ,
પરણેલા એકજ પતિ ! આ ભવમાં ભગવાન.

જગત્ મ્હને જ્યારે પાપિષ્ઠા તરીકે પિછાને છે, ત્યારે હું પોતે મ્હને પૂણ્યાત્મા સમજી સંતોષ માનું છું. કારણ પાપ પૂણ્યો દુનિયાને દેખાડવાને માટે નથી.

છે નામ, ધંધો નીચ, જો કે કામ કંઇ નીચાં નથી,
મ્હારા તમારામાં રહેલા જીવ પણ જુદાં નથી.
જગને ખુણે અંધારમાં...કંઇ પાપકર્મો થાય છે,
લાખો કરોડો બાળવિધવાઓ કૂપંથે જાય છે.

એથીજ સમાજ અને સંસારમાં ચેપી સડો લાગે છે. જાહેરમાં જાર-કર્મ કરનાર ! તો દુનિયાની આંખો ખોલે છે, જેથી દુનિયા તેમનો સંગ કરતાં બચે છે ! પરન્તુ અંધારામાં ઘરને ખુણે છૂપાં અનાચારો કરી બાલહત્યા જેવા ભીષણ પાપો વ્હોરનાર, આખા આસપાસના વાતાવરણને ચેપી કરનાર, કેટલાં અધમ !

ધારે તો વેશ્યા છતાં... તજી શકે છે પાપ !
ધારે તો વેશ્યા છતાં પવિત્ર રે'છે આપ.
ધારે તો વેશ્યા છતાં તજી શકે કુ-કર્મ,

ધારે તો ધારી શકે... પતિવ્રતાનો ધર્મ."

"તો શું એક વેશ્યા સતી રહી શકે છે? થઇ શકે છે? સતી હોવાનો દાવો ધરાવી શકે છે?"

"શા માટે નહિ? અગ્નિમાં પડયા છતાં ચંદન-કાષ્ટ પોતાની મ્હેંક એ'વીને એ'વીજ રાખી શકે છે. કસ્તુરી પગ નીચે ઠૂંદાયા છતાં પોતાની સુવાસ જાળવી શકે છે. કુંદન ભઠ્ઠીમાં પડયા છતાં શુદ્ધતા ધારી શકે છે.

પારસમણી સ્પર્શે જુઓ તો લોહ કુંદન થાય છે,
(સતકર્મથી) સત્સંગથી પાપાત્મા! પૂણ્યાત્મે પલટાય છે.
સુરદાસ ને ચિન્તામણી સમ કેંક સુધરી જાય છે,
કળિયુગમાં મ્હારા સમી વેશ્યા સતી પણ થાય છે.

પૂર્વની ગુણીકાઓ જ્યારે ગાન, તાન અને નાચમાંજ જીવન સાફલ્ય માનતી હતી, ત્યારે તેઓમાં અત્યારની વેશ્યાઓના જેવા નિન્દ્ય વિષયી, આશયો, યા વિકારી ભાવનાઓ મુદ્દલ ન્હોતી. વારાંગનાઓ, વીરાંગનાઓ અને વરિષ્ઠ સતી થઇ શકે છે. નામ નીચ ધરાવ્યાં છતાં કામ ઉચ્ચ કરી, શિયળધન સંરક્ષી એક પતિવ્રત જાળવી શકે છે."

"આપના એ ઉમદા અને આદર્શ વિચારો, તથા વર્તનને માટે તમને શતશઃ ધન્યવાદ ઘટે છે, પરન્તુ હા! આપના કહ્યા મુજબ હું આ શહેરમાં કોઇ ગૂઢ ઉદ્દેશથી આવ્યો છું. એ આપની વાત સર્વથા અસત્ય છે."

"કદાચ તેમ હશે! વારૂ! હવે આપની શી ઇચ્છા છે?"

"રજા લઇશું."

"ખાલી હાથે ?"

"શા માટે ? લ્યો !" કે'તાંજ ગણેશરાવે પેલી મુદ્રિકા વિલાસિકાની આંગળીએ પ્હેરાવી દીધી.

પોતાની ગફલતમાં ગુમાવેલી વીંટી ગણેશરાવ પાસેથી પાછી મળતાં તે ગણેશરાવને ધારી ધારીને જોવા લાગી.

"કેમ ? મ્હારી સ્હામે શું જોઇ રહ્યા છો ? ચોરીનો તો માલ નથીને ?"

"તેમજ છે. આ વીંટી મ્હારી પોતાનીજ છે, ચોરાયલી છે. આપ એ કયાંથી લાવ્યા ?"

"વાહરે વાહ ! આ'વા ગળે પડવાના ધંધા કરો છો કે ? ; અમારા જેવા પરદેશી વ્યાપારીઓ પાસે તો એ'વી કંઇ કેટલીયે આવે, ને કેટલીયે જાય !"

"તો તમને એ કોણે વેચી ?"

"કોઇએ નહિ."

"તો પછી તમારી પાસે એ કયાંથી આવી ?"

"એક મહિલા-મિત્ર તરફથી ભેટ મળી છે."

"મહિલા-મિત્ર ? તેનું નામ ?"

"નામનું તમારે શું કામ છે ? નજરો નજરજ જુઓ એટલે ખાત્રી થશે." કે'તાંજ દાસી દમયંતી કે જે દાદરમાં ઉભી ઉભી આ પ્રસંગ નિહાળી રહી હતી, તે ત્યાં આવી બોલી.

"કોણ ? દમયંતી ?"

"હા તમારી દાસી !"

વિલાસિકા તથા ગણેશરાવ બંને તેને જોઇ આશ્ચર્યચકિત થઇ ગયા.

"શું જુઓ છો ? ગુણવન્તી બ્હેન ! મ્હેંજ તમને એ મુદ્રિકા આપી હતી." કે'તાંજ દમયંતીએ ગણેશરાવનું પાઘડું ઉથલાવી નાખ્યું. ગણેશરાવ સ્તબ્ધ થઇ ગયો.

"કોણ ? ગણેશ એજ ગુણવન્તી ? યાને એજ ડિટેકટીવ દવે ઉર્ફે ગુણવંત ?" એમ બોલતાંજ વિલાસિકાએ સાડીનો છેડો ખેંચી કાઢયો. ગણેશરાવ ગુણવન્તીના વેશમાંથી હવે ડિટેકટીવના વેશમાં ખુલ્લો પડયો.

" દમયંતી ? "

"ચૂપ રહો ! હું તમારી દાસી નથી ! તમે પણ વેશધારી છો."

"શું હું ?"

"હા. હા. તમે !"

" દાસી ! તું આજ ગાંડી તો નથી થઇને ? "

" હા ! હા ! હા ! ગાંડા તો આ અમારાં ડિટેકટીવ સાહેબ બિચારાં થઇ રહ્યાં છે. કેમ સાહેબ ! ખરૂં ને ? "

દાસી દમયંતીના હસવાએ દવેના ઉકળેલા મગજમાં તેલ રેડયું. પોતાને આ'વી રીતે એક તુચ્છ વેશ્યાની આગળ ખુલ્લો પાડી, માન ભંગ કરનાર, અને હાથમાં લીધેલી બાજી બગાડી નાખનાર દમયંતીને તેણે ગરદનમાંથી ઝાલી. બીજે હાથે પિસ્તોલ કાઢી તેની છાતી આગળ ધરી તે બોલ્યો. "કહી દે ! કે મ્હારો તમામ ભેદ જાણી જનાર વેશધારી તું કોણ ? "

"બંદી મદદગાર !"

પ્રત્યુત્તર મળ્યો. અને તે સાથેજ દવેના હાથ ઢીલા પડયા. દમયંતીએ હસતા હસતા પોશાક ફેરવ્યો.

વાંચક ! એજ આપણી મુદ્રિકા.

હવે દમયંતીના વેશમાં મુદ્રિકા નીકળતાં શરમાયો. મુદ્રિકા બોલી. "હવે ! કામ પાર પડયું છે. કોઇ કામ પ્રસંગે નીચે આવતાં દાસી દમયંતી મ્હારા હાથમાં આવી. જેને બેશુદ્ધ કરી તેનોજ વેશ પ્હેરી જરા રમુજ કરવા હું ઉપર આવી."

"શાબાશ !" દવેએ હર્ષનો પોકાર કર્યો. વિલાસિકા તો આ બધો નાટક જોઇને સ્થંભીજ ગઇ. જ્યાને ત્યાંજ ચ્હોંટી ગઇ.

"ચાલો વિલાસિકા બ્હેન ! હવે તમે પણ કૃપા કરી ઝટપટ અમારી માફક તમારા મૂળ સ્વરૂપમાં આવી જાવ, એટલે પત્યું." મુદ્રિકાએ વિલાસિકાને કહ્યું.

"હું ? કો'ને મ્હને કહો છો ?"

"જી...હા...તમને ! તમને ! બીજા કોઇને નહિ. સમજ્યા ? "

"તમે જાણો છો કે આજ બાર વર્ષ થયાં મ્હને આખું વિલાસપુર વેશ્યા વિલાસિકાના નામે ઓળખે છે ?"

"હા ! ઘણીજ સારી રીતે."

"તો પછી હું કંઇ તમારી માફક વેશધારી નથી. કમળો હોય તે સર્વત્ર પીળુંજ દેખે."

"એમ કે ?" મુદ્રિકાએ લટકો કર્યો.

"હા !"

"હવે બેસો ! તમારૂં સ્ત્રી–ચરિત્ર મારા જેવી સ્ત્રીને ન ઠગી શકે ! એ તો આ'વા બાઇસાહેબોનેજ." બાઇસાહેબોની ગણત્રીમાંથી બાદ એ'વાં બાઇસાહેબ મુદ્રિકાએ દવે તરફ આંગળી બતાવી.

ચતુરા છોડ ચાલાકી...હવે આ ઢોંગ નહિ ચાલે,
જુઠું બોલે ! છતાં દાવો સતીનો ! એ બહુ સાલે.

ઠગારી તું! અમેયે સંગમાં બંને ઠગારાંઓ,
તુંયે છે વેશધારી ને અમે પણ વેશધારીઓ.

"સાપને ઘેર પરોણા સાપ? મ્હેમાન કંઇ કાચી મૂર્તિ નથી. સમજ્યા ને? બારે બંદરની હવા ખાઇ ચૂકેલા છે, ચૌદે કળા ને ચોસઠે વિદ્યામાં ખાં છે."

"એટલે શું તમે ધાંધલ કરવા માગો છો?"

"કોણે કહ્યું? અને શા માટે? એટલી નવરાશ લાવીયે પણ ક્યાંથી? જ્યાં અમારા પોતાનાજ ઘરની પંચાત પૂરી પાધરી થવાના ફાંફાં છે, ત્યાં વળી પારકાની પંચાતમાં પડવા વખતજ ક્યાં મળે? એ તો વારૂ! જરા ઠીક છે. બાકી સમય તો બહુ કીમતી છે. Time is money."

"ત્યારે જાવ! મ્હારા મકાનમાંથી એકદમ બહાર નીકળો... નહિ...તો...."

"શું?"

"પોલીસ પાસે ધક્કા મારી બ્હાર કઢાવવા પડશે."

"પોલીસોનો પરવાનો તો ખિસ્સામાં રાખી ફરૂં છું!" હવેએ સરકારી ચાંદ બતાવ્યો. "ઠીક અમને ન બતાવવાની હોય! એ બીજાને. વારૂ! થોડી વાર પર તમે જે એકપતિવ્રતની વાત કરતા હતા. તે તમારા પાત કોણ?"

"તે જાણીને તમારે શું કામ છે?"

"હશે ત્યારેજ પૂછતા હોઇશું ને! કંઇ વગર કામના તો બકબક નહિ કરતા હોઇએ. સાચું બોલો! તે શ્રેય તમારૂં થશે."

"અને મ્હારી નજ કે'વાની ઇચ્છા હોય તો?"

"તો પણ કે'વું પડશે. ઇચ્છા અનિચ્છાને આ વખતે જોવાની નથી. બાજુએ મૂકવાની છે."

"એક તો પતિનું નામ દેવાયજ નહિ. તેમજ મ્હારે દેવું યે નથી. એટલે મ્હારી નજ કે'વાની પ્રતિજ્ઞા છે."

"ભલે રહી ! ચાલો ! મ્હને મ્હારી આપેલી આ મુદ્રિકા પાછી આપી દ્યો ! એટલે અમે ચાલતા થઇએ."

અહીં વિલાસિકા ગુંચવાઇ. તે બોલી. "આપેલી વસ્તુ પાછી ન મંગાય કે ન લેવાય."

"તો ઘેર આવેલા અતિથિને નારાજે ન કરાય."

"ભલે ! તમે વીંટી લઇ જઇ શું કરશો ?"

"તમને નહિ ! આ બ્હેનને આપીશ." દવેએ મુદ્રિકા પ્રતિ આંગળી કરી.

"કારણ ?"

"વીંટી એમને વેચાતી રાખવી છે."

"બ્હેન ! તમે શું કેવળ પ્હેરવાજ વેચાતી લ્યો છો? "

"ના રે ના !" મુદ્રિકા બોલી.

"તો !"

"મ્હારી છે, અને લઉં છું."

"તમારી ?"

"હા ! કેમ ?"

"ખોટી વાત ! જુઠું બોલી ગળે પડતાં જરા ઇશ્વરનો તો ડર રાખો ! દાનત જરી સાફ રાખો ! વીંટીની માલિક તો હું છું."

"અને કોઇ બીજો એનો હકદાર હોય તો ?"

"બનેજ નહિ."

"ત્યારે સુન્દરલાલને ના કહું ?"

"સુન્દરલાલ !" એ શબ્દે વિલાસિકાના હૃદય ઉપર કોઇ અનેરીજ અસર કરી. તે મુદ્રિકાને ટીકી ટીકીને જોઇ રહી.

"ત...તમે શું બોલ્યા ? ફરી બોલો ! જોઉં !"

"સુન્દરલાલ !"

"હા ! હા ! એજ ! તમે એમને ઓળખો છો ?"

"બહુ સારી રીતે."

"એઓ ક્યાં છે ?"

"તમારે એવા પારકા પુરૂષની પડપૂછ શા માટે ?"

"મુદ્રિકા બ્હેન ! હદ થઇ ! હું મ્હારી હાર કબૂલું છું. એ અભાગી સુન્દરી તે આજ." વિલાસિકા મુદ્રિકાને ચરણે પડી. અશ્રુજળે તેના પગ ધોવા લાગી.

"તો શું વેશ્યા વિલાસિકા નામધારી એ સુન્દરી ! આજ બાર બાર વર્ષો થયાં એવીને એવીજ પવિત્ર છે ?"

"ખરેખર !"

"ખાત્રી શી ?"

"લ્યો આ કટાર ! ને ચીરી જુઓ હૃદય !" સુન્દરીએ સાડીમાંથી કટાર ખેંચી મુદ્રિકાના પગ આગળ મૂકી.

માળા જપે છે, હાથ ને હોઠે પતિનું નામ છે,
રગ રગ વિષે વ્યાપી રહ્યા ! આઠે પ્રહર ભગવાન એ.
સૌભાગ્યશ્રી એ સુન્દરીના હૃદયના વિશ્રામ છે,
પ્રતિપળ ઉરે આરાધ્ય એ પતિ–દેવનું પ્રિય ધ્યાન છે.

"શું સાચુ હશે ?"

"નિઃશંક !

આવે ભરોસો આપને નહિ, તો હૃદય પર ઘા કરો,
ખાત્રી ખુશીથી સુન્દરીના સત્ય-વતનની કરો.

એવી કોણ અભાગિની હશે, કે જેના ભાગ્યમાં મુજ સમાન બાર બાર વર્ષોના લાંબા વિરહો લખાયાં હશે ?"

"એ'વી તો અનેક જડશે, અને હશે. પરન્તુ એમ હોવા છતાં ધૈર્યથી પોતાની પતિવ્રતાને જાળવી રાખનાર, તમારા જેવાં સતીરત્નો બહુજ થોડાં ! ગણ્યા ગાંઠયા ! જવલ્લે કહું તોય ચાલે.

ગાવું, બજાવું, નાચવું, ને નામ વેશ્યા-નાર છે,
જે એક ભવમાં બે ભવો કૂકર્મથી કરનાર છે.
લક્ષ્મી-હરણ વ્યાપાર જે'ના...નયનમાં વિકાર છે,
કૂળાં હૃદયને કોતરી ખાનાર....હા ! ધિક્કાર છે.
વેશ્યા-વિષ-સરિતા વિષે, વહે વિષય જળ-ધાર,
જુવે, પિવા જે જાય તે...ધગધગતા અંગાર."

"ત્યારે તમને શું મ્હારા સતીત્વની ખાત્રી નથી થતી ? તો ! લ્યો હું જાતેજ કરાવું છું." કહી વિલાસિકાએ મર્મસ્થાન ભેદવા કટાર ઉગામી. સુદ્રિકાએ તે લઇ લીધી.

"ના ! સુન્દરી ! હું ત્હને પવિત્ર માનું છુ."

"તો મ્હારી એક ભિક્ષા છે. મ્હને મ્હારા કાન્ત ભેગી કરો. આપનો ઉપકાર જન્મોજન્મ નહિ ભૂલુ."

"અને તેમજ થશે. સુન્દરી ! પવિત્ર ! વેશ્યા ! ત્હારી પવિત્રતાથી પરમાત્મા ત્હારી વ્હારે ધાયા છે. ત્હારી એકનિષ્ઠ પતિભક્તિથી પ્રસન્ન

થઇ તેમણે આજે લાંબે સમયે ત્હને ત્હારા કાન્તનો મેળાપ કરાવ્યો છે. ઉઠ! વ્હાલી સુન્દરી! ખુશી થા! અને જો! ત્હારો અભાગી ને વિયોગી ભરથાર ત્હારી સ્હામેજ ઉભેલો છે."

મુદ્રિકાનો સ્ત્રી-વેશ પલકમાં પલટાયો. હવે અને સુન્દરી તે જોતાંજ રહ્યા! આજ સુધી "ભેદી મદદગાર"ની ભુમિકા ભજવનાર મુદ્રિકા તેજ સુન્દરીનો પરદેશ ગયેલ પતિ સુન્દરલાલ હતો.

વિયોગી, વિરહી અને વિખૂટું પ્રેમી દંપતિ-યુગલ અનહદ આનન્દમાં ગર્ક થઇ ગયું. વિરહીની વામા-વ્હાલમના ઉરસરસી ભેટી પડી. ગુણવંતના મુખમાંથી ઉદ્દગારો બ્હાર પડી ગયા, કે આ તે શું? "વેશ્યા કે વ્હાલી?"

વેશ્યા વિલાસિકા! એજ પરદેશ ગયેલ સુન્દરલાલની પત્ની અને ગૌરીની માતા સુન્દરી!

પ્રકરણ-૧૦ મું.

"ઇશ્વરી સોટી!"

"દયાનો ખ્યાલ ખોટો છે, દયાહીન દૈત્યની પાસે,
મળે ના સ્હેજ પણ ટેકો સડેલા વાંસની સાથે.
ભુજંગો પાસ અમૃત-આશ સ્વપ્નાતુલ્ય! ખોટી છે,
હવે તો હાથ જોડું! શ્રી હરિની ઓથ મ્હોટી છે."

"દુરાત્મા! ત્હારે ચાહે એટલું કષ્ટ આપ, છતાં આ ગૌરી કદાપિ

એકની બે થનાર નથી, પોતાના અવિચળ ટેકથી ડગનાર નથી, મ્હારી આ પવિત્ર માગણી કદી કબૂલનાર નથી.

ચહે તો જીવતી દાટો, ચહે તો આગમાં બાળો,
ચહે તો આ બદન કોમળ ! હમેશા બંદીની બાળો.
શિયળ કાજે સહ્યાં સંકટ ! હતી એ આર્ય અબળાઓ !
કૂણાં હૈયાં બને છે વજ્રના...પ્રમદા ન પ્રબળાઓ.

મારવાડ-કેશરી પ્રતાપી જશવન્તની મહારાણી **મહામાયા** એક સ્ત્રી હતી. **ચાંદબીબી** તથા **ઝાંસીની રાણી** પણ અબળાઓ હતી. છતાં એજ અબળાઓએ એકજ વીરહાકે **મોગલ** અને **બ્રીટીશ** સલ્તનત થર થર કંપાવી હતી. જે અબળાની વીરતા આટલી હદ સુધી દેશને શુરાતન પ્રેરી શકે છે, વીર પ્રસુતા જનનીઓ થઇ વસુંધરાને દેદિપ્યમાન કરે છે, તેજ અબળા જ્યારે પલટાઇને પ્રબળા બને છે, ત્યારે પોતાના પ્રકોપથી સારા જગતને, યા રાજ્યને બાળી ભસ્મીભૂત કરવા સમર્થ બને છે. સતીનો શ્રાપ ! યાને સતી૰ ત્વધારિણીનો એકજ શબ્દ ચૌદ લોકને કંપાવવા માટે બસ છે. પુરાણ અને ઇતિહાસ એના સાક્ષી છે.”

“એમ ? હશે ! **ગૌરી** ! ધાર કે કદાચ ત્હારૂં તમામ કહેવું સત્ય હોય ! તોપણ શું ? હવે દિન પર દિન જમાનો ફરતો જાય છે.

સતી ક્યાં છે ? બતાવો એક તો સાચી પતિ-પ્રેમી,
પતિ ક્યાં છે ? બતાવો એક તો સાચી સતી-પ્રેમી.
સુધર્મિ ખાય છે ધપ્પા...અધર્મિ જીતતાં બાજી,
નીતિ, ને ન્યાય નાઠાં સૌ...બન્યા છે લાંચીયા કાજી.

પાળવાની ગાયો કપાય છે, ને ભેંસો પળાય છે. ભાઇ સ્હામે ભાઇ ન્યાયાલયમાં જાય છે. પ્રીતિ અને પૂણ્ય પૈસા લઇ વેચાય છે, ખરીદાય છે. અફ્સોસ !

વ્હાલ, વિવેક, ગયું બધું, વળી ગયો વિશ્વાસ,
નવનિત-નિર્મળ ના રહ્યું...રહી વેરની છાસ.
પ્રીતિ, નીતિ, ભક્તિ, ને શક્તિ રીતિ અલોપ,
કુસંપ-ક્લેશો ઘરઘરે...સુસંપ તો ઘર કોક.

ગોરી શું આ બધી વાત સત્ય નથી ? એક પતિવ્રત અને એક પત્નીવ્રત પાળનારા સીતા તથા શ્રી **રામચંદ્રજી**ના સમય આજે નથી રહ્યાં. બાળવિધવાઓ લાખો દેખાય છે. વાણીયા બ્રાહ્મણની ઉચ્ચ કોમો પૂર્વજોની પરમ પૂજનીય પ્રાચીન પ્રણાલી ઉપર પૂળો મૂકી પાશ્ચાત્ય કેળવણી લઇ પુનર્લગ્ન કરી સુધરતી જાય છે. કંકુને દેવાતી કન્યાની આજ કોથળીઓ લેવાય છે. બાળલગ્નો બેશુમાર! તેમજ વૃદ્ધલગ્નો અર્થાત મડા સાથે મિંઢળ-બંધ પણ અપાર! પછી કળિનું જોર! ને પાપનું પ્રાબલ્ય ! દિન પ્રતિ દિન વધતું જાય તો એ'માં શું આશ્ચર્ય ? કો'નો દોષ ?

સતીઓ ક્યાંછ ઇતિહાસે, રહી છે નામની ઝાંખી,
શૂરા શમશેર બહાદૂરો...શરાબી, સ્ત્રી રહ્યાં રાખી.
અસલ ક્યાં છે ? નકલ નજરે જયહાં જોઉં ત્યહાં ભાસે,
દુઃખો આવે સુજન પાસે, દૂરીજનથી દૂરે ન્હાસે.

સન્નારી સતીઓ જ્યારે અન્ન, વસ્ત્ર, ને સૌભાગ્યહીન અવસ્થામાં દયાદ્ર ને કંગાલ ભાસે છે, ત્યારે કુલટા, વેસ્યાઓ વિલાસ વૈભવમાં મસ્ત, સદાસૌભાગ્યવતી અને ધનિક કે'વાઇ તેને જગત

વાહ્‌વાહ્‌થી વધાવે છે. સત્યને રસ્તે ચાલનાર ઠોકર ખાય છે, જ્યારે અસત્યને પંથે પળનાર હસતાં દેખાય છે. અર્થાત્ અત્યારે તો સર્વત્ર! તું કહે ન કહે! પરંતુ પૂણ્યવન્તાનો પરાજય અને પાપીઓનોજ જય છે, એજ પંથે પગલાં ભરવામાં ડહાપણુ છે. હાલ તો મ્હને શ્રી અને શ્રેય બંને એજ ધ્યેય રાખવાથી મળી શકે એમ છે."

"તો રાખો! ધણીને સુઝે તે ખરૂં! બાકી દુનિયાની આવી વિચિત્ર દલીલો અને દાખલા પ્રમાણે અનુકરણુ કરવાની વાત તો કેવળ એક પાપ છૂપાવવાનું બ્હાનું છે. ભલે ને આલમ આખી ઉંધે માર્ગે દોરવાઇ પાપી અને અનર્થકારી બને! દુનિયા સારી દિવાની થઇ જઇ અવળું વર્તન કરે! તદપિ સજ્જન તો પોતાની સતવૃત્તિઓથી નજ ફરે! તમે ડાહ્યા રહો, એટલેજ બસ!"

દ્રષ્ટાંત લેવું કોઇનું તો સદ્‌ગુણી લેવું,
દ્રષ્ટાંત દેવું કોઇનું તો જોઇને દેવું.

હસવું ન હસતાં સાથ પણુ રોતાં સહે રડવું,
લઢવું ન ન્હાના સાથ પણુ સરખા સહે લઢવું.

એક અશક્ત યુવાન બાળા ઉપર અત્યાચાર કરવામાંજ ત્હારી વીરતાની કિંમત અંકાઇ જાય છે. વીરતુ ભૂષણુ શું?

પ્રથમ અબળાઓનું રક્ષણુ કરવું,
ગૌ—બ્રાહ્મણુ પ્રતિપાળ બનવું.
બાળક, સ્રી, અશક્ત અને નિઃશસ્ત્ર પર ઘા ન કરવાં,
રણુમાં રૂધિરપિપાસુ ક્રૂરતાની ભીષણુમૂર્તિની,
અને અન્ય વેળા દયાળુ અને ક્ષમતાવાનની ભૂમિકા ભજવવી.

તરવાર કે બળ દાખવો ! તે શત્રુ સંગાથે,
શૂરવીરતા બતલાવવાની રણુ તણી વાટે.
મ્હારી કને શું દાખવ ? હું તો અભાગી નાર છું,
નિઃશસ્ત્ર, શકિતહીન, કોમળ અંગ નિરૂઆધાર છું.

વળી શૂર હોય તે તો સ્હામો આવી ઘા કરે. ત્હારી માફક દગો-પ્રપંચ, રમી વિશ્વાસઘાત ન કરે."

"છતાં પણુ દગો-પ્રપંચ રમનાર કળાવાન અને યુકિતબાજ ગણાય છે."

"અને એક લેખે તેની ગણત્રી ચોર તથા નામર્દમાં થાય છે. શૂરવીરતા તો સ્હામી છાતી ધર્યામાંજ સ્હમજાય છે. બાકી પાછળથી ઘા કરવો એ તો બાયલાનું કામ !"

"ધર્મરાજ યુધિષ્ઠિરના "નરો વા કુંજરો વા" ના વાકયોનુંજ સેવક આ સ્થળે શરણુ સાધ્ય છે."

"મ્હોટાં કરે! એટલું બધુંજ કરવું એવું કોણે કહ્યું ? દેવોને ભૂલ અને પાપ કરવાનો અધિકાર છે."

"કારણુ ?"

"તેઓને તો લીલા કરી આ સૃષ્ટિ-જીવોને નિત્ય નિત્ય કંઇને કંઇ નવનવીન બતાવવાનું છે. એ તો દેવાંશી હતા. શ્રી કૃષ્ણુ જેવા એની સ્હાયમાં હતા. જ્યારે તમો ર્‌હાં એક અલ્પ-બુદ્ધિ-શક્તિવાન પામર પ્રાણી ! ભલા! મ્હેં આગળ એક વાર નથી કહ્યું, કે દ્રષ્ટાંત લેવું તો કોઇના સદ્ગુણનું ! દુર્ગુણનું નાહ ! એવી દેવાંશી વિભૂતિ-ઓના વચનામૃતો પ્રમાણે વર્તવું. અર્થાત મ્હોટાં કહે એમ કરવું, કરે એમ નાહ !"

"હું શિવોહં નો સિદ્ધાંત માનનાર મ્હોટા નાનાનો ભેદ

ગણુતોજ નથી. સર્વ આત્મા સમાન છે. એટલે સૃષ્ટિના સહુ જીવોને એક સરખો અધિકાર છે."

"મૂર્ખ! તો વિચાર! કે, ખુદ ધર્મરાજાને પણ તેમની એ ભૂલ માટે કુદરતી શિક્ષા થઇ હતી. તેમનો સત્યના પ્રભાવે અધ્ધર રહેતો રથ, એક વ્હેંત નીચે ઉતર્યો હતો."

"ભલે! તેમ હો. અંતરની અભિલાષા જે અમૃતનો પ્યાલો! તે હસ્તગત કરી એક વાર મુખમાં ઠાલવ્યા, પછી ભલે મૃત્યુ થાય!"

"પરન્તુ એ અભિલાષા અમૃતના પ્યાલાની નથી, પરન્તુ મ્હોતના ચાળાની છે. જેને તું અમૃત દેખી તેનું પાન કરવા લોભાય છે, તેને બરાબર જો! કામાંધ! વિષયના વાદળાને હૃદય ગગનના દ્વાર-સૂર્યથી દૂર કરી પ્રકાશ પાડ. તેમાં નહાળ. એ'માં તો હલાહલ ઝે'ર ભરેલું છે."

"ગમે તેમ હો! હું જે છું તે છું. અને તેજ સ્થિતિમાં અવશેષ જીવન-કાળની સમાપ્તિ કરવા વિચાર રાખું છું. હવે પલટાવાની જરૂર કે ઇચ્છા મ્હને સુદક્ષ જણાતી નથી. પ્રતિજ્ઞાની પૂર્ણાહૂતિ થવીજ જોઇએ. ગૌરી! જો સાંભળ! જ્યારે મ્હારા પિતાશ્રી મરણશય્યા પર હતા, ત્યારે તેમનો રહી જતો જીવ આ સંસારની ક્ષણિક માયા અને વેર-બંધનમાંથી છૂટો કરવા મ્હેં એક ભયંકર પ્રતિજ્ઞા લીધી હતી. પિતાની આજ્ઞા પાળવી એ પુત્રનો પરમ ધર્મ ગણી મ્હેં તે આજ પર્યંત નિભાવી છે. છેવટ સુધી નિભાવવા વિચાર છે."

"પ્રતિજ્ઞા? એ'વી ભીષણ પ્રતિજ્ઞા તે શી?"

"ત્હારા દાદાનું ખૂન! તેની સાતે પેઢીનું નિકંદન! જીવતાં લગી બ્હારવટીયું ખેડવું."

"પરન્તુ કંઇ કારણ ?"

"એ બહુ ગુઢ અને કરૂણ છે. કેવળ એટલુંજ યાદ રાખ કે તું, હું, અને પ્રત્યેક પોત પોતાની કરણીનાંજ ફળો ભોગવી રહ્યાં છે. મ્હારી અર્ધી પ્રતિજ્ઞા પૂર્ણ થઇ છે. અર્ધીમાં તું એક બાકી હતી. તે તા'રા વડે પૂર્ણ કરવા ઇચ્છા રાખું છું."

"પરન્તુ પિતા, પ્રપિતાની ભૂલને માટે તેના પુત્ર પુત્રીને વેઠવું પડે, એ ક્યાંનો ન્યાય ?"

"આખી દુનિયાનો. જેમ મ્હારા પિતાની ભૂલથી આવી પ્રતિજ્ઞા કરી હું આ દશા ભોગવી રહયો છું, તેવુંજ ત્હારૂં અને તમામનું સમજ."

"તો શું મ્હારો અહીંથી છૂટકારો નહિ થશે ?"

"ગુણવન્તને છોડી, ભૂલી, મ્હને વ્હાવાનું અંતઃકરણપૂર્વક વચન આપે તો !"

"ફરી એની એજ વાત ? વિષયાંધ ! એ તો કદાપી નહિ બને."

"તો પછી મૂક્તિની આશા પણ ફોકટ ! આકાશકુસુમવત્ ! વ્હાલનું સ્થાન વૈર લેશે. પ્રેમમય આંખો, પ્રાણહારક વિષમયતામાં પલટાશે. જે કામ સ્નેહ, અને સમજાવટથી નથી બન્યું, તે શક્તિ અને બળાત્કાર કરી બતાવશે."

"તો શું તું જોરજુલમથી મ્હારૂં શિયળધન લૂંટશે."

"હા ! જો તું સીધી રીતે નહિ સમજે તો !"

"તો શું ઇશ્વર–અર્પિત સૌન્દર્ય અને સ્વરૂપ જેવી દિવ્ય વસ્તુ સુન્દરીઓને સાબર–સીંગના જેટલીજ ભયંકર છે ? ઓ પરમાત્મન્ ! જો એમજ હોય તો મ્હારે એ નથી જોઇતું."

"તો શું તું કદ્રુપી થવાઅને યુવાને બદલે વૃદ્ધાવસ્થા મેળવવા ચ્હાય છે?"

"હા! જો સ્વરૂપ અને સૌન્દર્ય શિયળભંગીજ હોય તો એથી ઉપરોક્ત બે અત્યુત્તમ!"

"તો તેમજ થશે! તને જે જોઇએ છે, તે જરૂર મળી રે'શે. મ્હારા કેદખાનાની કોટડી તને ગમતી અને અણગમતી બંને વસ્તુ અપાવશે. અત્યારે શિયળભંગ! પાછળથી જીંદગીભર કેદખાનું સેવી કૂરૂપ અને વૃદ્ધ-કાય!"

પુષ્પધન્વાના કોમળ કુસુમ-શરોના પ્રહારોથી વિંધાયલો બદમાશ પોતાના હૃદયાવેગને ન રોકી શકવાથી હવે બાળાને ભેટવા દોડયો. કોમળ કદળી-વૃક્ષ સમાન થરથર ધ્રૂજતી ગૌરી હવે શિયળ રક્ષણનો એકે ઉપાય ન જોવાથી ગભરાઇ ગઇ.

"ભીમા!" બદમાશે બૂમ મારી.

તેજ વેળા ભીમાને બદલે એક બીજોજ માણુસ-તે બદમાશની પાસે આવ્યો.

"આજ્ઞા."

"ભીમો! કયાં ગયો છે?"

"એમની તબિયત એકાએક બગડી આવી છે.'

"તું કોણ?"

"હું થોડા દિવસ થયા એમનો મ્હેમાન છું. એમણે મ્હને આપને કહી નોકરી અપાવવાનું વચન આપી રાખ્યો છે, પરન્તુ એમને નવરાશ ન મળતી હોવાથી એ વાત અટકેલી છે. અત્યારે એમનાજ કે'વાથી હું આપને એમની નરમ પ્રકૃતિના સમાચાર કે'વા આવ્યો હતો."

પ્હેલાં તો બદમાશને આ નવીન માણસ પર શંકા આવી. પરન્તુ શંકાનું સમાધાન સત્વરજ કરવાના ઉદ્દેશથી તેણે તેને કહ્યું, ''તા'રૂં નામ ?'' "દેવપ્રસાદ."

"વારૂ! દેવપ્રસાદ ! મ્હેં તને નોકરીમાં રાખ્યો. ચાલ હવે આ છોકરીના હાથ પગ સજ્જડ બાંધી લે."

ખંચાતા દીલે દેવપ્રસાદ દોરડું લઇ આગળ વધ્યો. પરપુરૂષનો પોતાને સ્પર્શ થશે, અને લજ્જા લુંટાશે, એ વિચારે ગૌરી એકાએક બેહોશ થઇ ગઇ. ડંખતા દીલે સ્વામીનો હુકમ શિર ચઢાવવા ખાતરજ દેવપ્રસાદે ગૌરીના હાથ પગ ઢીલા બાંધી દીધા.

તે પછી બદમાશની આજ્ઞાનુસાર દેવપ્રસાદે બદ્ધ એ'વી ગૌરીના વદન કમળ ઉપર પાણી છાંટી તેને શુદ્ધિમાં આણી. પછી તેને ઉભી કરવામાં આવી. પોતાના હાથનો ચાપખો દેવપ્રસાદના હાથમાં આપતાં તે પાષાણહૃદયી દુષ્ટ બોલ્યો.

"દેવા ! એ જયાં સુધી મ્હારી ઇચ્છા મુજબ વર્તવાની ના પાડી, પોતાના ટેકમાં મક્કમ રહે, ત્યાં સુધી એને ફટકાવ."

નિર્દય આજ્ઞા થઇ ચૂકી. દેવાએ ચાપખો હરખાતે હૈયે હાથમાં લીધો. ગૌરી થર થર કંપી રહી હતી. તેની ચાલાક અશ્રુભીની આંખો છૂટવાની બારી શોધી રહી હતી. હૃદય આત્મરક્ષણ અને ગૌરી પોતે શિયળ–રક્ષણનો માર્ગ શોધી રહ્યા હતાં. આખરે વાતને અણી ઉપર આવેલી જોતાંજ ગૌરીએ દેહદાન દઇને, પ્રાણ વિસર્જન કરીને પણ શિયળ ધર્મ સંભાળવા દૃઢ નિશ્ચય કર્યો. કુદરતે એને એના આ કાર્યમાં યશ આપ્યો.

ઢીલું હાથનું બંધન તેણે બળ કરી છોડી નાખ્યું. દેવપ્રસાદના કમરપટામાંથી કટાર ખેંચી કાઢી પોતાના હાથમાં લીધી. જ્યાં દેવપ્રસાદે હાથમાં ચાપખો લઇ "તૈયાર" શબ્દ કર્યો. ત્યાંજ તેણે તે પોતાના મર્મસ્થાનમાં ઘોંચી દીધી.

'મારના ત્રાસે કદાચ ધૈર્ય ખૂટે ! અને પાપ–પંકમાં પગ મૂકી પડું !' એવી ગૌરીને ધાસ્તી હોવાથીજ એણે આ અંતિમ આપઘાતનો ઉપાય અમલમાં મૂકયો. "અફસોસ ! મ્હોત પણ મ્હારે માટે નથી." આ તેના છેલ્લા શબ્દો હતા.

ઇશ્વર કોઇનો જતો નથી, અને ગયો સાંભળ્યો નથી. ગૌરીની જીવનદોરી હજુ લાંબી હતી. પોતાના કમરપટામાથી ગૌરીએ જે પળે કટાર કાઢી, તેજ પળે દેવપ્રસાદ ચેતી ગયો હતો. અને તેનેજ લઇને તેણે ગૌરીનો હાથ તેના હૃદયને વીંધે તે પ્હેલાં પકડી લીધો. પરન્તુ જરા મોડું થયું ! હાથ વાંકો થઇ જતાં ખભા આગળ આશરે ૦। ઇંચ ઉંડો ઘા લાગી ગયો. રકત–વહન થવાથી ગૌરી બેશુદ્ધ બની પટકાઇ પડી.

"ઠીક ! કર્યું ! દેવા !" બદમાસે ગૌરીને મરતાં બચાવી લીધી તે બદલ દેવપ્રસાદને શાબાશી આપી.

"અને તે નહિ કે તમારે માટે ! તમારી વિષય–વાસના સંતોષવા ખાતર !"

"તો ?"

"આ ગુણવંતને પોતાને માટે !

નિરાધાર આ બાલ પર...ત્રુઠયો છે ભગવાન,
દગાબાજ તું દુષ્ટ પર....રઠયો છે એ રામ.

બાયલા! બોલવામાંજ શૂરો છે. પરન્તુ "ગાજ્યા મેઘ વરસે ના!
ભસતા કૂતરા કરડે ના!

વીર કદી વીરત્વના ફૂંકે ન બણુગા લેશ,
નાર કને તરવાર શી? મુખે ચોપડ મેંશ.

અધુરો ઘડોજ વધારે છલકાય છે.

શૂરવીર જો હોય તો...ભર બળીયાથી બાથ,
શાનો બ્હાદુર? બાયલો...જે ઝૂઝે સ્ત્રી-સાથ.
સાચો રજપૂત-સુત તો ગાજે રણમેદાન,
સા'મી છાતીએ મરી...ગરવાં દઇ દે પ્રાણ.

હાથના કર્યાંજ હૈયે વાગ્યાં! ત્હારીજ ચાબુક ને ત્હારોજ હવે વાંસો. તું જાતેજ ફસાયો! જે ત્હેં બનાવ્યો ફાંસો!"

"શું દવે? દેવપ્રસાદના વેશમાં?"

"હા! ઓળખાણ પડે છે?"

"કોણ? મ્હારા નાથ!" પડી પડી ગૌરી બોલી.

"હા વ્હાલી!" જમીન પર પડેલ રક્તથી રંગાયેલ પ્રિયાના અધરોષ્ટ ચૂમતો દવે બોલ્યો.

"શું દગો?" લાલનો એકકો બોલ્યો.

"ના! દગાનો પ્રતિ દગો!"

એમ કે'તાંજ હાથ માંહેની ચાબુકનો માર બદમાશની પીઠ પર અજમાવવો દવેએ શરૂ કર્યો. જમીન પર પડેલી ગૌરી અશક્તિ છતાં માંડ માંડ બળપૂર્વક બોલી..."જો...જો...ઓ વિષયાંધ!

સતીના શ્રાપ લાગે છે! વિષયી! એ વાત નહિ ખોટી,
સતી-સ્હાયે સદા તૈયાર છે! જો ઇશ્વરી સોટી."

પ્રકરણ–૧૧ મું.

"વારયોષિતા કે વિશુદ્ધચરિતા?"

ગંદી જગ્યામાં ઉગતી સહુ શાકભાજી ખાય છે,
જનની–જઠર મેલી જગ્યાથી જીવ–જન્મો થાય છે.
મળ, મૂત્ર પણુ ગૌ–માતના કે'વા પવિત્ર મનાય છે,
ગંદા છતાં ગંગા જળોના આચમન લેવાય છે.
રચનાર રામાયણુ તણા ડાકૂ હતા એ વાલ્મિકી,
સુરદાસને સદ્બોધ–દા ચિન્તામણી વેશ્યા હતી.

"સુન્દરી! મહંતે મ્હને ઘરની વાત કરી છે. પરન્તુ ત્હને તે વીર–લૂટારૂં ઝુંપડીમાંથી ઉંચકી ગયો, તે પછી ત્હારૂં શું થયું? મહંતે મ્હને એટલે સુધી વાત કરી પછી અધુરી મૂકી હતી."

"તેમાંની થોડી હું તમને કહું!" દવે બોલ્યો, "સુન્દરી બ્હેનની છ માસની બાળકી ગૌરીને મહંતે ઉછેરી બાર વર્ષની કરી. અચાનક્ તેઓ અંધ થયા. અને તેને લઇ તેમણે ગૌરીને મ્હને પરણાવી સુખી કરવાનો વિચાર કર્યો. એક રાત્રી લગ્નને માટે નક્કી થઇ. પરન્તુ તેજ રાત્રે ગૌરીને લાલનો એકકો મ્હારે વેશે, દગો કરી પરણી ગયો. જેનો હજુ પત્તો નથી."

"તો શું મ્હારી પુત્રી શત્રુના કેદખાનામાં હજુ જીવે છે?" સુન્દરી અશ્રુભિની આંખે બોલી.

"હા!" પરન્તુ સુન્દરી! તે પ્હેલાં હવે તું મ્હને

ત્હારા જીવન-ઇતિહાસથી જાગ્રુતિ કર ! આ'વી અધમ સ્થિતિને તું કેમ પ્રાપ્ત થઇ ?"

" સાંભળો..."

હરિગીત.

આ રેશમી રૂમાલ હું એ વખત હા ! ગુંથતી હતી,
લાડીલી મ્હારી બાળકી ભર ઉંઘમાં સુતી હતી.
આવ્યો અચાનક ત્યાં અરિ ! મુજને ઉપાડી લઇ ગયો,
લાવણ્ય મ્હારૂં જોઇ ગાંડોતુર મ્હારામાં થયો.
આ નગ્રમાં, આ સ્થાનમાં, રે'તી હતી વારાંગના,
સોંપી મ્હને ! સમજાવવા અફસોસ ! એ'ના હાથમાં.
બહુ બહુ મનાવી પરણવા, એ પાપીએ મુજને તહીં,
પણ મ્હેં જરાયે ધ્યાન એના બોલ પર દીધું નહીં.
ક્રોધે ભરાયો કારમો ! એ એકદા મ્હારા પરે,
વરતાવીયો હા ! કે'ર ! તમને વાત એ શું કહું અરે ?
બેભાન થઇ હું મારથી જ્યારે ખુલી આ આંખ બે,
તવ ભોંયરામાં કેદ ! જોઇ બંદીની મુજ જાતને.
દિનરાત રોતી અભાગિની...એથી બીજું હું શું કરૂં ?
મરવા બહુ ઇચ્છા થતી, પણ બંદીની શાથી મરૂં ?
વેશ્યા વિનોદા દુષ્ટની રાખેલ માયાળુ હતી,
સગ્ગી ગણીને બ્હેન...એ બહુ વ્હાલ મમ પર રાખતી.

અને આખરે મ્હારીજ વિનંતીથી એણે "લાલના એકકાને" પૈસાની લાલચે લલચાવી મ્હને રૂ. બે કરોડે વેચાતી લીધી. પરન્તુ તે પણ એક ભયંકર શર્તે !

"શી !"

વેશ્યા બની મ્હારે અરે ! ગાવું, બજાવું, નાચવું,
પણ એક શર્તે શિયળ-સાચે ધર્મ-ભ્રષ્ટ નહિ થવું.
શૃંગાર, બોલો, ચાલ, સઘળું રાખવું વેશ્યા સમું,
એ'વી ભયંકર શર્તથી બંધાઇ મૂક્તિ પામી હું.

"વારૂ પછી શું થયું ?"

કુદરત તણો એ કોપ ! યા તો ભાગ્યની લીલા કહો,
વેશ્યા વિનોદાએ ગ્રહ્યો સત્પંથ એ પરલોકનો.
થોડા દિવસ વેઠી બિમારી...પ્રાણ એ ત્યાગી ગઇ,
એ'ની બધી સંપત્તિની સ્વામીની હું સ્હેજે થઇ.

અને તે પછી...આજ પર્યંત...

વેશ્યા જીવન ગાળ્યું તથાપી...ધર્મ હું ચુકી નથી,
એકજ પતિવ્રતની પ્રતિજ્ઞા આજ પણ મૂકી નથી.

અને એ મ્હારા જાતિઅનુભવ ઉપરથી હું સમાજને છાતી ઠોકીને કહી શકું છું કેઃ—

વેશ્યા છતાં ! ઇચ્છે થવા ! આદર્શનારી થઇ શકે,
જલકમલવત્ સંસારમાં સ્નેહે સતી થૈ રૂહી શકે.
નિજ શિયળધન સંરક્ષવા જો ચ્હાય સંરક્ષાઇ શકે,
વેશ્યા છતાં દેવી તરીકે વિશ્વમાં પૂજાઇ શકે.
વ્યવસાય ગાયિકા ઉપર...ગુજરાન નિજ ચલવી શકે,
દ્રષ્ટાંત આખા વિશ્વની વારાંગનાને દઇ શકે.

આજ પર્યંત મ્હેં મ્હારી પુત્રી, મહંત તેમજ આપની તપાસ

કરાવવામાં કશી કચાસ રાખી નથી. પરન્તુ એકકાના અહીં હમેશના આગમનને તથા તેના છૂપા જાસૂસોને લઇને, હું ઘણીવાર પકડાઇ જઇ ભયમાં આવી પડતી. આખરે જ્યારે આપનો પત્તો ન લાગ્યો, ત્યારે હારી. "દૈવને ભરોસે" હાથ મૂકી હું શાંત થઇ બેઠી. તે પછી મ્હેં મ્હારૂં ધ્યાન એકકાને મ્હારા રૂપ સૌન્દર્યમાં આંજી, તેનીજ મારફતે તમારી શોધ કરાવવાના નિશ્ચય પ્રતિ લગાડયું. નાથ ! થોડાજ દિવસ ઉપર તેણે મ્હારા ઉપર વિશ્વાસ રાખી સ્વમુખે એક નૂતન બાળા પોતાનો શીકાર થઇ છે. એ વાત મ્હને જણાવી છે. મ્હારી દૃઢ ઇચ્છાથી એણે મ્હને તેને બતાવવા હા પાડી છે. બનતાં સુધી આજેજ હું એને જોવા જઇશ. બનશે તો તે અભાગી બાળાને બચાવવા ભાગ્યશાલિની થઇશ."

"અને એજ મ્હારી પ્રાણેશ્વરી ! તથા તમારી પુત્રી ગૌરી !"

"શું મ્હારી ગૌરી ?" સુન્દરી બોલી પડી.

"હા ! હવે તમે ! હું કહું એમ કરો. આજ રાત્રે એ એકકો જયારે અહીં આવે, ત્યારે તમારે એને પુષ્કળ મદ્ય પાઇ બેભાન બનાવી, પછી એ બાળાને જોવા આવવાની વાત કાઢવી, અને એ હા પાડે, એટલે વસ્ત્ર બદલવાને બ્હાને શૃંગાર-ખંડમાં આવી મ્હને કે'વું."

"પછી !"

"હું તમારે વેશે એની સાથે જઇ, યુકિત પ્રયુકતથી આપની પુત્રીને છોડાવી લાવીશ."

સાસુ સસરા, જમાઇની આ ચાલાકી ઉપર ખુશ ખુશ થઇ ગયા. તે પછી સુન્દરલાલે પોતાની પવિત્ર પત્નીને પુછયું.

"ત્યારે! હેં! મ્હારી અર્પેલ મુદ્રિકા આ ગુણવંતને શા માટે અર્પેલી ?"

"અણજાણ્યામાં! ઉતાવળમાં! અને ભૂલમાં! પાછળથી જ્યારે મ્હેં મ્હારી ભૂલ જોઇ, ત્યારે મ્હને બહુ લાગ્યું હતું, રૂમાલની લાલચે મ્હેં વીંટી ગુમાવી હતી."

એટલામાં દ્વાર ઠોકાયું. સુન્દરીએ લાલના એકકાના આગમનનું સૂચન સર્વને કર્યું. સસરો—જમાઇ બંને છુપાઇ ગયાં. સુન્દરી ઉર્ફે વેશ્યા વિલાસિકાએ તે પછી હસતા હસતા સ્હામા જઇ દ્વાર ખોલ્યું. લાલના એકકાના પનોતાં પગલાં થયાં.

આજે વિલાસિકાના હાવ, ભાવ અને નખરાં નિત્ય કરતાં નવીનજ હતાં. એકકાને પોતાના રૂપ—નીધિમાં અંધ બનાવવા તેણે નયન શરોના તીવ્ર કટાક્ષ—પ્રહારો એક પછી એક છોડવા માંડયા. સુરાહીની પ્યાલીઓ વારંવાર ભરાઇ ખાલી થવા લાગી. છેવટે વીર લુટારૂ છતાં લાલનો એકકો પોતાની શક્તિ, તથા શુદ્ધિ ખોઇ મદ્યના ઘેને ઘેરાયો, અને લથડીયા ખાતો ઉભો થયો. ખરેખર!

સતી સરદારબા! હાર્યો! રમી જુગાર! દારૂમાં,
મૂકી સુલ્તાનની સાથે શરતમાં બ્હેન! દારૂમાં.
લખ્યું મુળરાજને નામે...નિશામાં રાજ સામંતે!
ગુમાવી સલ્તનત ક્ષત્રિય, મોગલ વીર રજપૂતે.
કપાયાં યાદવો કોટી! બની ગુલતાન દારૂમાં,
ગુમાવ્યા પ્રાણ! પીવામાં હળાહળ તુલ્ય દારૂમાં.

વેશ્યા, મદિરા અને જુગાર એ ત્રિપૂટીમાં સપડાનાર હજારો શૂરવીર, ધારે, સ્વક્ષિપ ગુમાવ્યાં છે.

લાલનો એક્કો, પણ વેશ્યા અને દારૂના તાનમાં ડોલવા લાગ્યો. એટલે ધીરે રહી વિલાસિકાએ પોતાની ધારેલી ઇચ્છા વ્યક્ત કરી. રંગમાં આવેલા એક્કાએ હા...પાડી; અને "ઉભા રહો! હું વસ્ત્ર બદલી આવી." કહી વિલાસિકા હર્ષભેર શૃંગારાલયમાં ગઈ.

થોડી વારે ડિટેક્ટીવ દવે વિલાસિકાના વેશે ત્યાં આવ્યો.

"ચાલો!"

આગળ પાછળનો વિચાર કર્યો વિના વિલાસિકાને લઈ લાલનો એક્કો પોતાની ભેદી ગુફામાં આવી રહ્યો. મદ્યના ઘેનમાં મસ્ત એ'વો તે મોડી રાત્રી થવાથી જતાંની સાથેજ ધસધસાટ ઘોરવા પડ્યો. આ બાજુ વિલાસિકા વેશી ગુણવતને શોધ કરતાં કરતાં એક એક્કાના સેવકનો પોશાક હાથ લાગ્યો. પોતાની સાથે આણેલો ડિટેક્ટીવનો પોશાક વિલાસિકાના સ્ત્રી–વેશ ઉપર પ્હેલો ધારણ કરી પછી તેની ઉપર તે હાથમાં આવેલો વીર–વેશ ધારણ કર્યો. હવે તે એક એક્કાનો સરદાર ન હોય! એમ દેખાવા લાગ્યો.

વાંચક! વારયોષિતા વિશુદ્ધચારિતા રહી શકે છે, તે માટે વિલાસિકાનું દ્રષ્ટાંત નથી પૂરતું?

સ્હવાર પડી. એક્કાને વિલાસિકા સાંભરી. પોતાના માણસોને તેની શોધ કરવાનું કહી તે ગૌરીના કેદખાના પ્રતિ વળ્યો. ત્યાં દેવપ્રસાદ નામધારી દવેએ ગૌરીને કે'વી રીતે બચાવી, પોતાનો ડિટેક્ટીવ વેશ પલટી બતાવ્યો, એ બધું આપણે વાંચ્યું. હવે જોઈએ કે દવેના હાથમાં એક્કો સપડાયો કે નહિ?"

પ્રકરણ–૧૨ મું.

"સ્ત્રી–વેશ સાર્થક !"

અજબ શા જાદુઓ એ'વાં સ્ત્રીઓના રૂપમા જોયા !
ચૂક્યાં નિજ ધર્મ, નીતિ ને...પલકમાં પણ ખોયા.

સનનન કરતી ગોળી પિસ્તોલમાંથી છૂટી. લાલનો એકકો ડિટેકટીવ દવેના ચાપખાના મારથી, તથા હાથથી ઉગરી ગયો. ચાલાક દવે પણ વખત વિચારી કેમ જાણે પોતે ઘાયલ ન થયો હોય ! એમ ઢોંગ કરી હાવ–ભાવ સાથે પેટે હાથ દઇ જમીન ઉપર ઉંધે મોઢે પડયો.

"ભીમા ! તુ ક્યારે આવ્યો ?" એકકાએ પોતાના ગોળી છોડનાર શૂરવીર સેવક તરફ હર્ષ પૂર્વક ફરી સવાલ કર્યો.

" હમણાજ. આપને એક અગત્યના સમાચાર જણાવવા હું આ તરફ એકાએક આવી રહ્યો હતો. "

" તો થોડી વાર ઉપર મ્હેં તને બુમ મારી હતી, ત્યારે તું ક્યાં ગયો હતો ? કે ન આવ્યો. "

" આપેજ મ્હેને પાછળથી વેશ્યા વિલાસીકાને શોધી લાવવા કહ્યું હતુંને ? "

"હા ! બરાબર ! હુંજ ભૂલ્યો. "

પાછળથી પોતાને વેશ્યા વિલાસીકા સાંભરતાંજ એકકાએ ભીમાને તેને શોધી ગૌરીના કેદખાના આગળ લઇ આવવા ફરમાવ્યું હતું, અને પોતે ગૌરીને મનાવવા જતાં ડિટેકટીવ દવેના

હાથમાં સપડાયો હતો. પરન્તુ **વિલાસીકાને** શોધવામાં નિષ્ફળતા પ્રાપ્ત કરનાર **ભીમો** અણીને વખતેજ આ સ્નાન-સમાચાર (અશુભ) સ્વામીને જણાવવા આવી લાગ્યો, અને હવે ઉપર પિસ્તોલનો પ્હાર કરી એકકાને ઉગારી લીધો.

" **ભીમા**! કહે તા'રા અગત્યના સમાચાર શા છે?"

" આપણી સાથે દગો રમાયો છે, વેશ્યા **વિલાસીકા** અહીં નથી."

" શું? નથી? કાલ રાત્રે તો તે મ્હારી સાથે અહી આવી હતી.?" એકકાની આંખો એટલું બોલતાં રાતી થઇ ગઇ.

" નહિ! આપ! ભૂલો છો. કદાચ આ વેશધારીનુંજ આ કાવત્રું કેમ ન હોય?" ભીમાએ પાસે પડેલા હવે પ્રતિ આંગળી કરી કહ્યું.

" એમ બનવું અસંભવ છે. વારૂ! ત્હેં વિલાસીકાને પોતાને મકાને જઇ તપાસ કરી?"

" જી...ના."

" તો જો સાંભળ! આ છોકરી તથા ડિટેકટીવ બંને ઘાયલ થયેલાં છે. તેમને પાટા બાંધી તું તેમની યોગ્ય સંભાળ રાખ. હું હમણાંજ વિલાસીકાને મકાને જઇ આવું છું."

" જેવી આજ્ઞા!"

ઉભય કેદીઓની સોંપણ પોતાના શૂરવીર અને વિશ્વાસુ સરદાર ભીમાને કરી એકકો નિર્ભયપણે વિલાસીકાને ત્યાં જવા ચાલતો થયો. ભીમો ગોરીના જખમ ઉપર પાટા બાંધવાના કાર્યમાં રોકાયો. જે દરમ્યાન ચાલાક હવેએ શું કર્યું! પોતાની તરફ ભીમાની પૂંઠ હતી

એટલે ધીરેથી તે ઉઠયો. પોતાનો ડિટેકટીવનો પોશાક તેણે ઉતારી નાખ્યો. પેલા પ્રથમના યોદ્ધાના પોશાકની ઉપર તે પોશાક પાથરી, તેણે ન જાણે હજુ કેદી અને ઘાયલ હવે સૂતેલોજ હોય! એવો દેખાવ કર્યો. હવે તે વેશ્યા વિલાસીકાના મૂળ વેશમાં હતો. અવ્યવસ્ત અને ચુંથાયલો સ્ત્રી–વેશ ઠીક કરી તેણે પ્રશ્ન કર્યો.

" કેમ શું કરી રહ્યા છે? ભીમા?" હવેએ વિલાસીકાના વેશમાં ભીમાની બરાબર પાછળ આવી પૂછ્યું. "

ભીમો જોકે વિલાસીકાને નામથી ઓળખતો હતો, છતાં તેને વિલાસીકાની સાથે જોઇએ તેવો વધારે પ્રમાણમાં પરિચય હજુ પડયો ન હતો. મુખમુદ્રાના કે વચના બારીક ફેરફારે તેના હૃદયમાં શંકા ઉદ્‌ભવી. પાટો બંધાઇ રહ્યો હતો, અને ગારી પણ હવે જરા જરા ભાનમાં આવી હતી.

" પધારો! પધારો! તમે કયાં ગયા હતા? અત્યારે એકાએક કંઇ અહીં આવી ચઢયા?"

" ત્હારા સરદાર સાહેબની સ્વારી કયાં છે?"

" હું અને તેઓ તમને શોધી શોધીને થાકી ગયા, છતાં જ્યારે તમારો પત્તો ન લાગ્યો, ત્યારે તેઓ જાતે તમારે મકાને ગયા છે."

" એમ! ત્યારે તો ભીમા! તું જલ્દી જઇ તેમને અહીં તેડી લાવ. તેઓ હજુ થોડેજ પહોંચ્યા હશે."

" પરન્તુ આ કેદીઓને સાચવે કોણ?"

" ત્હારી પિસ્તોલ તું મ્હને આપતો જા! હું અહીં રોકાઉં છું. એટલામાં તું જલ્દી જા! અને તેમને અહીં તેડી લાવ. લે ત્હારા એ કાર્ય બદલ આ ઇનામ."

ભોળો ભીમો શેઠની રાખેલી વેશ્યાનો પોતાની ઉપર પ્રેમ ઉતરે, એ આશાથી, અને પાંચ રૂપીયા મળ્યાથી રાજી રાજી થઇ આગળ પાછળનો લાંબો ટુંકો વિચાર કર્યા વિના દોડયો. એટલું તો સત્ય છે કે " જાત તેવી ભાત. " આખરે મૂર્ખ અને એક શુદ્રની બુદ્ધિ તે કેટલી ? ટુંકીજ !

ભીમાના ગયા પછી તુર્તજ વિલાસીકાએ પાછો પોતાનો ડિટેકટીવનો પોશાક પ્હેરી લીધો. ચતુરાઇથી સ્રી વેશ સાર્થક ! કરી ડિટેકટીવ હવે એકકાને તેમજ તેના નોકર ભીમાને બંનેને બનાવી પોતાને માથે લીધેલું કામ, ("ગૌરીને છોડાવવાનું, ") પાર પાડી વિલાસીકાને મકાને જવા નિકળ્યો.

પ્રકરણ-૧૩ મું.

" ગિરફતાર. "

લાલના એકકાને અર્થાત્ પોતાના સ્વામીને અર્ધ રસ્તે દોડીને પકડવામાં ફાવેલો ભીમો મહા મહેનતે શ્વાસભેર બોલ્યો, "પા...છા ચાલો ! વિલાસીકા ત્યાં આવી પ્હોંચી છે. "

" ક્યાં ? "

" કેદખાનામાં ? "

" ભીમા ! આ તું શું બોલે છે ? એ ક્યાંથી આવી ? "

" તે મ્હને શું માલમ ? "

" તું ભાનમાં તો બોલે છે ને ! "

" તો શું આપ મ્હને ઘેનમાં સમજો છો ? અરે ! મ્હેં એ'ને બરાબર જોઇ છે, એટલુંજ નહિ, પરન્તુ તેની સાથે વાત પણ કરી છે. "

" અને આપણા કેદીઓ ? "

" તે હાલ તેનેજ કબજે સોંપી આવ્યો છું. "

" અફસોસ ! " એકકાએ કપાળે કર પ્રહાર કર્યો.

" કેમ ? આટલી દીલગીરીનું કંઇ કારણ ? "

" ભીમા ! ભીમા ! તું મ્હને શું પૂછે છે ? અણી ઉપર આવેલી બાજી ત્હારા હાથે બગડી ગઇ.

મ્હોટી હા ! મૂર્ખાઇ કરી...ખોયો જયનો દાવ,
વામાના વિશ્વાસ પર વીરા ! ખત્તા ખાવ.
છે બળ, પણ બુદ્ધિ નથી, નથી ચતુરાઇ—અંશ.
સત્ય કહ્યું ! સૈકા વીતે ! કાગ બને ના હંસ.

ભીમા ! તું આટલા વર્ષ મહારી સાથે રહયો, છતાં ત્હારામાં અકકલનો અંશ સરખોયે ન આવ્યો. ત્હને ભોળવી જવામાં આખરે દુશ્મન ફાવ્યો.

જીતાયો સર થયો ! કિલ્લો ! ગુમાવ્યો સ્હેજને માટે
ફસાયો, કેશરી છટકયો ! રહ્યો કયાં નાર-વિશ્વાસે ?
ગુમાવ્યા દાવ આવેલા, બગાડી જીતની બાજી,
તરી સિન્ધુ અખિલ ! આખર ડુબ્યો ખાબોચીએ પાજી !

અફસોસ ! હું તો ત્હને મ્હારા જેવોજ યુક્તિ બાજ જાણતો

હતો, પરન્તુ આજેજ મ્હારી એ ભૂલ મ્હેં જોઇ છે. ત્હારામાં બળ છે, પરન્તુ તેના છઠ્ઠા ભાગે બુદ્ધિ કે કળ નથી."

"પણ થયું છે શું? તે તો કંઇ સમજાવશો?"

"શું સમજાવું? બોલ! આવનાર વ્યક્તિ વેશ્યા વિલાસીકાજ હતી, એની તું શું ખાત્રી આપી શકે છે?"

"મ્હોટે ભાગે એ...એજ હતી." ખંચાતા દીસે બીમાએ જવાબ વાળ્યો.

"એમ ન બોલ! પૂરતી ખાત્રી વિના એક અબળાના વચન ઉપર વિશ્વાસ રાખી તું મહામહેનતે સપડાયલા બે ભયંકર શિકારોને છોડી આવ્યો. સાથે, સાથે મ્હોતને પણ આમંત્રી લાવ્યો."

"પણ પ્હેલાં ત્યાં તો ચાલો. નજરે જોયા પ્હેલાં ગમે તેટલું બોલવું નકામું છે."

"બીમા! હજુ ત્હને! ત્હારા આ માલિકની જબાન અને કલ્પના ઉપર અવિશ્વાસ હોય તો ચાલ! અને નજરોનજર જો! કે શિકાર સહીસલામત નથી."

બન્ને કેદખાના આગળ આવ્યા. કેદખાનાના દ્વાર ખુલ્લા પડેલા હતા. ત્યાં વિલાસિકા, ગૌરી, કે દવે કોઇજ ન્હોતું. બીમાના મોઢાનું નૂર ઉતરી ગયું. તેને શૂરાતન પ્રેરવા એકકો બોલ્યો.

"કેમ બીમા? જોયું? મ્હારા શબ્દોના સત્યપણાની ખાત્રી થઇ?"

"હા થઇ! ઠોકર જબરી ખાધી."

"ફિકર નહિ! ઠોકર ખાધી તો હવે ફરી યાદ રાખજે. આવેલી નામોશી ત્હારી સમશેરથી ધોઇ નાખજે."

"પ્રભુ! ફરમાવો! બીમાને લાયકનું કામ ફરમાવો! અને પછી જુઓ કે બીમો પોતાની આ ભયંકર ભૂલનો બદલો કે'વો વાળી આપે છે."

" એમ ? તો શું વફાદાર ભીમો છટકેલા શિકારને પાછા પંઝામાં સપડાવવા ફાવશે ? "

" બેશક !

સમશેર આ સોગન લઇ ખુલ્લી કરૂં છું મ્યાનથી,
મોંઘી વફાદારી ગણી છે, ને ગણું છું જાનથી.
લઉં છું પ્રતિજ્ઞા માર્ગ મ્હારે માટ છે મયદાનનો,
સોદો કરો છું હું દવેના જાન સાથે જાનનો.
ક્યાં એ નહિ ? ક્યાં હું નહિ ! બસ એકનું આવી બન્યું,
અવલોકશો ! નક્કી તમે ! આજે થયેલું અવનવું.

ક્યાં તો આજે આપણો શત્રુ આ દુનિયા ઉપર નહિ, ક્યાં તો આ સ્વામીભક્ત ભીમાના તન બદનમાં ચેતન નહિ. બેમાંનું એક તો અવશ્ય !

અવિચળ જે મેરૂ ! ચળે ! પલ્ટે રવિ ને સોમ,
અવની આકાશે જઇ, ગગન પધારે ભોમ.
સતી લૂંટાવે શિયળને... વેશ્યાઓ પૂજાય,
મંદીર ને મસ્જીદમાં અનાચાર ઉભરાય.
કુલટાઓના ઘર વિષે હરિ–કથા વંચાય,
વર્ણ, ધર્મથી ભ્રષ્ટ થઇ...નાસ્તિક દુનિયા થાય.
પલ્ટે દેવો દાનવે ! દાનવ દેવો થાય,
(પણ !) વદયું વચન ભીમા તણું ! મરતાં ફોક ન થાય."

" શાબાશ ! શાબાશ ! શાબાશ ! "

ભીમાના વીરતા ભર્યાં શબ્દોએ નિરાશ એક્કાના હૃદયમાં નવું જોમ ઉત્પન્ન કર્યું. હજુ એક છેલ્લો દાવ રમવા તે પ્રેરાયો. ભીમાને

લઇ પુનઃ એક વાર તે વેશ્યા વિલાસિકાને મકાને જઇ પહોંચ્યો.

ડિટેકટીવ હવે! ગૌરીને લઇને આ પ્હેલાં વિલાસિકાને મકાને આવી પહોંચ્યો હતો. પિતા-માતા અને પુત્રી ત્રણે મળ્યાં, રડયાં, અને એક બીજાને ભેટયાં. અન્યોઅન્ય વિતક-વાર્તાઓ કહી. તે પછી પ્રત્યેકને શું શુ કરવું? તે હવેએ આગળથી સમજાવી દીધું. હવેની યુક્તિ અનુસાર સુન્દરલાલ પોતાનું સોંપેલું કાર્ય કરવા બ્હાર ચાલ્યો ગયો. હવે પોતાનું અધુરૂં કાર્ય પૂરૂં કરે, તે પ્હેલાં તો ગૂપચૂપ આવતા ભીમા અને લાલના એક્કાએ તેમને પકડી લીધા. બંનેના હાથમાં ભરેલી પિસ્તોલો હતી. હવે તેમજ ગૌરીને પોતાને ત્યાં લઇ જઇ કેદ કરવાની આજ્ઞા એક્કા વડે ભીમાને અપાઇ. એક વાર ઠોકરાયલો ભીમો હવે સંભાળપૂર્વક ભરેલી પિસ્તોલ હાથમાં લઇ પ્રતિજ્ઞા પળાવાથી હરખાતો હરખાતો બંને ગુમાવેલા કેદીઓને પાછા મેળવી તેજ કેદખાના તરફ ચાલતો થયો.

જ્યારે આ બાજુ વિલાસિકા પણ કાવત્રામાં સામેલ છે, એમ શંકા પડતાં એક્કાએ તેને ઝાલી.

સુન્દરલાલ સિવાય પુનઃ આ પ્રેમી-ત્રિપૂટી ગિરફતાર થઇ.

પ્રકરણ ૧૪ મું.

"સુન્દરીનું સ્ત્રી-ચરિત્ર!"

ત્રિયા અપાવે! તેજને...ત્રિયા કરે તારાજ,
આધવની મહિલા થકી...ગયું કંસનું રાજ.

*   *   *   *   *

રે ! સ્નેહ ને સૌન્દર્ય એ તો સ્વર્ગના બે પગથીઆં,
એ'ની અગાડી શૌર્ય ને સંપત્તિ બંને વશ થયાં.
પણ એહ પણ જ્યારે બહુ નિજ હદ ઉલંઘી જાય છે,
ત્યારે પછી ભતૃહરિ અને પિંગળા સમ થાય છે.
" પ્રમદાની બુદ્ધિ પાનીએ"...કે'વત અતિ પ્રચલિત છે,
સ્રી–ચરિતથી ! ત્રિલોકમાં...ત્યમ તારૂણીની જીત છે.

પિસ્તોલની નેમ વિલાસિકાના કપોલ ભાગ તરફ તાંકી જીન્ન ઉપર આવેલો લાલનો એકકો એક ભયંકર ત્રાડ મારી બોલ્યો, "સુન્દરી ? શું આખરે તુંયે કાવત્રામાં ભળી ? ત્હારા ઉપર મ્હેં જે વિશ્વાસ મૂકયો, તેનો બદલો ત્હેં બહુ સારી રીતે આપવા ધારી આ'વાં પગલાં ભર્યાં, કેમ ? જલ્દી કહે, વિલાસિકાના વેશે આવી ગૌરી તેમજ ગુણવંતને છોડાવી જનાર કોણ ? તુંજ કે કોઇ બીજી ?"

"ધીરા પડો ! અને પ્રથમ મ્હારી વાત સાંભળો. અવિચારી પુરૂષજ એકદમ જોયા વિના સાહસિક પગલું ભરી પાડે છે. ગૌરી અને ડિટેકટીવ હવેને છોડાવનાર હું નથી."

"તો શું ભીમાએ ત્હને ત્યાં જોયેલી એ વાત ખોટી ?"

"ના ! સાંભળો ! કાલ રાત્રે હું તમારી સાથે આવવાને માટે વસ્ત્ર પરિધાન કરવા મ્હારા શૃગાર ખંડમાં ગઇ હતી, ત્યારે ત્યાં એકાએક હવેએ આવી મ્હને કંઇક સુંઘાડી બેભાન બનાવી દીધી. તે પછી શું થયું ? તેની મ્હને ખબર નથી. છતાં હું ધારૂં છું કે તેજ મ્હારા વસ્ત્રો પ્હેરી આપની સાથે આવ્યો હશે."

"જો એમજ હોય તો પછી બીજે દિવસે પ્રભાતે એ પકડાયો,

ત્યારે એ ત્હારા-અર્થાત્ વિલાસિકાના પોશાકમાં હોવો જોઇએ, તેને બદલે પોતાના ડિટેક્ટીવના પોશાકમાં કેવી રીતે ?"

"રાત્રે આપને ત્યાંજ એણે બી-વેશ ઉપર એ પોતાનો પોશાક પ્હેર્યો હશે."

"ત્યારે બીમાએ એને ગોળી મારી, ઘાયલ કર્યો, તે પછી ત્હારા (વિલાસિકાના) વેશે આવી એને છોડવી જનાર કોણ ?"

"કોઇ નહિ ! દવેએ તમને દેખાડવાજ એ ઢોંગ કર્યો હતો. બીમાના અસાવધ પણાનો લાભ લઇ એણે પડયા પડયા પાછો પોતાનો બી-વેશ- (વિલાસિકાનો) કાઢી, પાછળથી આવી વિલાસિકાના વેશે બીમાને ઠગ્યો, ને ગૌરીને ન્હસાડી ગયો."

"તું એ બધું કયાંથી જાણે ? તથા દવેને ગૌરી ન્હાસીને ત્હારેજ ત્યાં કયાંથી આવ્યા ?"

"હા ! એ પણ સાંભળો ! પ્રથમ જુઓ, આ બે વસ્તુને તમે ઓળખી શકો છો ?" આટલું કહી ચતુર સુન્દરીએ એકાને પોતાની ચોળીના ગજવામાંથી એક રેશમી રૂમાલ કાઢી બતાવ્યો, અને આંગળીએથી ચમકારા મારતી પેલી "મહંતની મુદ્રિકા."

વાંચક ! ગૌરીની પાસે રહેલી મહંતની મુદ્રિકા તેની માતા પાસે કયાંથી આવી ? એ પ્રશ્ન ત્હને અત્રે સહજે ઉદ્ભવશે ! બન્યુ એવું હતું કે માતા-પુત્રીના પ્રથમ મિલને દવેના કે'વાથી ગૌરીએજ રૂમાલની સાથે એ દ્વિતીય ચમત્કારી અને ભેદી અંગુઠી માતાને રાખવા આપી દીધી હતી. આમ કરાવવામાં પણ દવેનો એક હેતુ હતો, અને તે હમણાજ જણાશે.

રૂમાલ તથા વીંટીને પોતાના હાથમાં લઇ થોડી વાર આમ તેમ

ફરતી જોયા પછી એક્કાએ કહ્યું, " આ રૂમાલ પરની ગુંથણી તથા ભરેલા શબ્દો બંને મ્હનેજ લાગુ પડે છે. તેમજ આ મુદ્રિકાના ઉપર જડેલું લાલ માણેક ! કે જેનો ઘાટ લાલના એક્કાને બરાબર મળતો આવે છે, એજ પુરવાર કરવા બસ છે ' કે એ વીંટી મ્હારી પોતાની છે."

" પરન્તુ ખાત્રી ? "

" એવીજ એક વીંટી મ્હારી આંગળીએ પણ છે, લે... જો...." કહી એક્કાએ એજ જાતની બીજી વીંટી પોતાની આંગળીએથી કાઢી સુન્દરીને બતાવી.

ખરેખર બંને વીંટીઓ બરાબર એક સરખી હતી.

" વિલાસિકા ! એ તા'રી પાસે ક્યાંથી આવી ? "

" પ્હેલાં પિસ્તોલ ઉંચી મૂકો ! અને પછી સાંભળો. આ બંને ચીજનો ભેદ હું જાણતી નથી, તેમ ડિટેકટીવ દવે સાથે પણ મ્હારો પરિચય થોડાજ દિવસ થયા થયો છે, છતાં મ્હારા પ્રેમમાં અંધ થયેલ દવે હાલ થોડા દિવસ થયા અત્રે ગાયન સાંભળવા આવે છે. એના સ્વમુખેથી મ્હેં આપનું નામ બહુ વાર સાંભળ્યું, અને એ બાતમી મેળવવા મ્હેં નિશ્ચય કર્યો. હું તમને મળેલી છું, એ વાતથી એ અજ્ઞાન હોવાથી આજે તમે કહો છો તે છોકરી (ગૌરી) સાથે એકાએક એ અહીં આવી ચઢયો. મ્હને આજનો દિવસ બંનેને આશ્રય આપવા કહ્યું, અને મ્હેં પણ એ કબુલ્યું. એની સાથે જે છોકરી હતી, તેના વસ્ત્રો લોહીવાળાં હોવાથી હું તેને મ્હારા શૃંગારભુવનમાં લઇ ગઇ. ત્યાં એણે વસ્ત્રો બદલ્યાં. મ્હેં બારીક તપાસ રાખી હતી. છોકરીએ

હું ન જોઉં એમ પોતાની આંગળીએથી આ વીંટી ઉતારી પોતાના આ રૂમાલમાં સાચવીને લપેટી. તે રૂમાલ પોતાના ગજવામાં સંભાળથી મૂક્યો. પરન્તુ આ બધું મ્હેં જોઇ લીધું. મ્હને એ રૂમાલમાં રાખેલી વીંટીમાં કંઇ ભેદ યા ચમત્કૃતિ હોવાનું લાગતાં, મ્હેં સંભાળપૂર્વક એ મેળવવા પ્રતિ લક્ષ દોડાવ્યું. ત્યાં તો દૈવેજ એને ભૂલાવી. એ કમરે ઘાયલ થઇ હતી, એના કહેવાથી મ્હેં તેને પલંગ ઉપર સુવડાવી તે જગ્યાએ પાટો બાંધ્યો, અને તેજ વેળા આ બે ચીજો તેના ગજવામાંથી તે ન જાણે એમ કાઢી લીધી. પાછળથી જ્યારે એ બંને ચીજો ઉપર તમારીજ છાપ જોઇ, ત્યારે મ્હેં એને તમારા કામની ધારી છૂપાવી રાખી. તે પછી તે છોકરીને તેનો છોડાવનાર ડિટેકટીવ, પોતે કેવી રીતે તેને છોડાવવામાં ફાવ્યો, તે વાત કરતો હતો, જે મ્હેં સંતાઇને સાંભળી લીધી. તમે આવી પ્હોંચો ત્યાં સુધી ગમે એમ કરી એ બેઉને અહીં રોકી રાખવાના વિચારે, મ્હેં એમને મ્હારે ઘેર આજનો દિવસ આગ્રહ પૂર્વક રહી જવા સમજાવ્યા. ત્યાર પછી તમે અણુચિંતવ્યા આવી એમને હાથ કરવામાં ફાવ્યા."

"વાહ! આ મુદ્રિકા એ ઔરી પાસે ક્યાંથી આવી ?" એકકાએ નિર્ભયપણે પોતાની પિસ્તોલ નીચે મૂકતાં પૂછ્યું.

"તે મ્હને શું ખબર ?"

"વિલાસિકા! લાલના એકકાનું નામ ધર્યા પછી, મ્હેં આ બે વીંટીઓ એકી સાથે કરાવી હતી. જેમાંની એક તેજ વેળા મ્હેં કોને આપી હતી? નથી સાંભરતુ...એ વાતને બહુ વખત થઇ ગયો. હા...પરન્તુ કોઇને આપી હતી, એ તો ચોક્કસ!"

" હશે ! પાછી મળી એટલે થયું ! "

" હા ! અને તે પણ હારા આ ચરિત્રે ! સુન્દરી ! બોલ ! આજની અણમૂલ મદદ કરવા બદલ તું શું ચાહે છે ? "

" આપની યાદગીરી તરીકે એજ મુદ્રિકા ! "

તમ આંગળીએ શોભતી, એ મુદ્રિકા મુજને ગમી,
આપો ! મ્હને ! એથી સદા રૂહે યાદગીરી આપની.

" ભલે ! ખુશીથી લે ! પરન્તુ એટલું યાદ રાખજે, કે એ જ્યાં સુધી હારા હાથમાં રે'શે, ત્યાં સુધીજ હારૂં જીવન છે. જ્યાં એ જશે, ત્યાં હારે પણ જીંદગીથી હાથ ધોવા પડશે. આવી ભયંકર શર્તભરી મુદ્રિકા પ્હેરવી છે ? બોલ ? "

" હા ! "

લાલના એકકાએ મુદ્રિકા સુન્દરીના હાથમાં પાછી આપી દીધી. પોતે ઘેર જવા પાછો ફર્યો. આનન્દમાંને આનન્દમાં સુન્દરીની પાસે મૂકાયલી પિસ્તોલ તે વિસરી ગયો. રૂમાલ તેના ગજવામાં હતો.

ચપળ ચક્ષુવાળી સુન્દરીએ તે ક્યારનીય ઉપાડી લીધી હતી. જેવી એકકાની પીઠ ફરી, તેવોજ પિસ્તોલનો બ્હાર થયો. એકકાનું ખૂન કરવા સુન્દરીનો ઇરાદો હતો, અને તેને માટેજ તેણે ગોળી છોડી હતી. પરન્તુ એકકાના સુભાગ્યે કહો ! કે સુન્દરીના દુર્ભાગ્યે કહો ! પરન્તુ પિસ્તોલ ખાલી હોવાથી બ્હાર નિષ્ફળ ગયો. સુન્દરીના મુખનું નૂર ઉતરી ગયું. એકકો ફર્યો. સુન્દરીના હાથમાં પોતાની ખાલી થઇ ગયેલી પિસ્તોલ જોઇ.

" સુન્દરી તું શત્રુ? હા ! કે'વો ભયંકર વિશ્વાસઘાત? " અંગારા ઝરતી આંખે એકકો બોલ્યો.

જો કે એકકો હવે પોતાના જીવનનો જરૂર અંત લાવશે, એમ સુન્દરીને ખાત્રી થઇ ગઇ હતી, તે છતાં તે ન ડરી. મૃત્યુને મુખ વિકાસી સ્હામે આવેલું જોતાંજ તે અબળા ટળી પ્રબળા બની. ગજવામાંથી બીજી પિસ્તોલ ખેંચી કાઢી એકકો સુન્દરીને પકડવા ધસ્યો. વદયો, " આજ સુન્દરીનું સ્ત્રી ચરિત્ર ! કેમ ? "

પરન્તુ સુન્દરી અત્યંત સાવધ હતી. એકકાના હાથમાં ભરેલી પિસ્તોલ છતાં તે જરાય ન બ્હીની. ત્રિકાળ વીરાંગના સ્વરૂપીણી સુન્દરીએ તેને છેક પાસે આવવા દીધો. પોતાનો છેવટનો ઉપાય તેણે અજમાવ્યો. એકકાના માથા સ્હામે ખાલી પિસ્તોલ પોતાના પૂર જોરથી તાંકીને તેણીએ છૂટી મારી.

પરન્તુ જમાનાનો ખાધેલ, બ્હાદૂર લૂટારૂ લાલનો એકકો એમ એક સ્ત્રીથી ગાંજ્યો જાય એમ ન હતો. તેનામાં અન્ય ગુણો ગમે એવા નિન્દ્ય હતા, છતાં અપૂર્વ વીરતા ને ઘાવ છટકવવાની કાર્ય કુશળતા એ બંને તો અદ્વિતીય અને અનુકરણીય સાથે પ્રશસ્ય હતાં.

સુન્દરીના હાથમાંની પિસ્તોલ છૂટતાંજ તે ચાલાકીથી નીચો નમી ગયો. પિસ્તોલ તેના માથા ઉપરથી પસાર થઇ ગઇ. સ્હામેજ અંડનું પ્રવેશ દ્વાર હતું. જેના બંને હાથ લોહની બેડીઓથી બંધાઇ શોભા આપી રહ્યા છે, એવો ભીમો એકાએક આજ વેળા પોતાના શેઠની મદદે આવવા અંદર દાખલ થતો હતો, તેના મુખમાથી કેવળ એકજ શબ્દ બ્હાર પડયો,

" ન્હાસો...ન્હાસો..."

બીજીજ પળે સુન્દરીની છટકેલી પિસ્તોલ ભીમાના કપાળના બરાબર મધ્ય ભાગમાં વેગપૂર્વક વાગી. બ્રહ્માંડ ફૂટી ગયું. મરણતોલ

ભીમો લોહીલોહાણુ થઇ જમીન ઉપર પડયો, અને એજ અરસામાં સુન્દરીને ચોટલેથી સાહી લાલનો એક્કો પોતાના વફાદાર સેવકની સન્મુખ આવી રહ્યો.

એક્કાએ સુન્દરીને ચોટલેથી સાહી હતી. તે ન્હાસી શકે એમ ન્હોતું. " કોણ મ્હારો ભીમો ? સુન્દરીની પિસ્તોલથી જખ્મી ?" કહી હતાશ બદમાશ તરફડીયા મારી મરતાં ભીમાની તરફ સજળ નયને જોઇ રહ્યો.

" કહે ભીમા ! આ કેમ બન્યું ? "

પરન્તુ ભીમો એ બધી બનેલી બીના કે'વા જેટલો કાળ થોભી શકે એમ ન્હોતો. કેવળ તે એટલુંજ બોલ્યો, " હવે...આવે છે... તમે ન્હાસો. "

લાલના એક્કાએ હવે ન્હાસવા વિચાર્યું. નીચે હવે આવી પ્હોંચ્યો. કમાડ તૂટવાના ભયંકર ધ્વનિ–કડાકા કર્ણે પડવા લાગ્યાં. એક્કાએ ખૂની સુન્દરીને પોતાના ખભા ઉપર નાખી. છેવટની વેળાએ તેણે ભીમાના મ્હોં પર નજર નાખી લીધી. તેનો જીવ જતો ન હતો. એક્કો ભીમો સાંભળે એમ મ્હોટેથી બોલ્યો, "ભીમા ! તું જા ! ત્હારો ખૂની હજુ મ્હારા પંઝામાં છે. જીવતો રહીશ, તો વેરની વસુલાત યાને ખૂનનો બદલો લઇશ. " ભીમાના પ્રાણ ગયા. શૂરવીર એક્કાની આંખમાંથી આખી જીંદગીમાં આ પ્હેલીજ વાર બે આંસુ ટપક્યાં. પોલીસોના માણસો સાથે હવે કમાડ તોડી સીડી ઉપર ચઢી આવ્યો. એટલામાં બદમાશ છતાંયે વીર લુટારૂ સુન્દરીને ખભા પર ઉઠાવી બારી વાટે પલાયન થઇ ગયો. મરેલા ભીમાને પ્રવેશ દ્વાર પાસે પડેલો જોતાંજ એક્કાને એણે અહીં આવી

ચેતાવી દીધેલો હોવો જોઇએ એમ દવે ચેતી ગયો. મરતો મરતો એ વફાદાર સ્વામીભક્ત સેવક પોતાની પ્રતિજ્ઞા પાળી બદલો ચુકાવતો ગયો. પરન્તુ બીમાને કોણે માર્યો ? તે હજુ દવે સમજી શક્યો નહિ. ખરૂં પૂછો તો ડિટેકટીવ દવે હવે જેટલો એકકાને પકડવા આતુર હતો, એથી વધુ ગુમાવેલી ગૌરીની માતા સુન્દરીને સારૂ હતો. ગોરીને સાથે લઇને બદમાશની પૂંઠ પકડી શકાશે નહિ, એમ મનમાં ખચીત જણાયાથી દવેએ ગોરીને ધીરે ધીરે મહંતની ઝુંપડીએ જવા કહ્યું. ગૌરી ત્યાં ચાલતી થઇ, તે પછી દવે સુન્દરી અને બદમાશની શોધમાં આગળ વધ્યો.

પ્રકરણ-૧૫ મું.

" છેલ્લો દાવ! "

" ઓ હો ! વિહારી ! આજ કંઇ બહુ દિવસે ! આમ હાંફળો-ફાંફળો ક્યાં દોડે છે ? હેં ! બોલ તો ખરો ? છે શું ? આટલા દિવસ ક્યાં ગયો હતો ? દર્શને દુર્લભ ? " ડિટેકટીવ દવે એકકાની પૂંઠ પકડતાં રસ્તે જતાં પોતાના પૂરાણા મિત્ર વિહારીને આથડી પડયો.

" ગુણવંત ! ગુણવંત ! તું મ્હને બચાવ ! " એકે શ્વાસે વિહારી બોલ્યો.

" કો'નાથી ? "

" લાલના એકકાથી ! "

' શું ? "

" ખરૂં કહું છું. ત્હાર ગૌરીને ખોળવા જતાં હુંય એના પંઝામાં સપડાયો. આજ દિન સુધી કેદ રહ્યા પછી એક ભયંકર શરત કરી છુટી આવ્યો છું. અફસોસ! પરન્તુ તે પળાશે કે કેમ? તેની શી ખાત્રી?"

" તો શું તું પણ આજ સુધી એકકાનો કેદી હતો?"

" હા!"

" મૂક્તિની શરત તો જણાવ."

" મ્હારા મિત્ર દવેને કહી મ્હારે એકકો પકડાય, તો પણ ગમે ઉપાયે તેને સજામાંથી મૂક્ત કરાવવો."

" શું? બદમાશને મુક્તિ!"

" લાચાર! પરન્તુ ગુણવંત! તે સાથે તેણે પણ બે અણમુલ વસ્તુ ત્હને સોંપવા કબૂલી છે."

" તે શું?"

" મ્હારૂં-ત્હારા મિત્રનું જીવન! અર્થાત્ મ્હને મૂકત કરવો, અને કોઇ આજેજ મેળવેલી સુન્દરી નામક સ્ત્રીને સ્વાધીન કરવી."

" શું સુન્દરી?"

" હા!"

" નહિ તો?"

" બંનેનું મ્હોત!"

" ત્હને શા વિશ્વાસે છોડયો?"

" મ્હેં ઇશ્વરના સોગન ખાધા છે. ગુણવંતને સમજાવવામાં નિષ્ફળ થાઉં, તો સ્વહસ્તે પાછા જઇ જીવનભર કેદખાનું સેવવા સ્વિકાર્યું છે."

" ના ! ના ! તેમ નહિ બને ! મિત્રને ખાતર ! મ્હારી પ્રિયતમાની માતા સુન્દરીના જીવનને ખાતર ! હું એ એકકાને તનતોડ પ્રયત્ને માફી અપાવીશ. પરન્તુ એક શર્તે ! "

" શી ? "

" તેણે એ પછી લુટફાટનો ધંધો મૂકી દઇ, સાધુ-જીવન ગાળવું. "

" હું એને કહીશ. "

" તો જા ! હા પાડ અને કહે કે સુન્દરીને લઇ આવી દવેને મહંતની ઝુંપડીમાં મળે. "

" તેણે તો લેખિત સહી સાથે કરારની કબૂલાત માંગી છે. " ગજવામાંથી કાગળ તથા ઇંડીપેન કાઢી દવેએ સુન્દરી અને વિહારીની મૂક્તિનું સાટું, બદમાશની મૂક્તિ સાથે કર્યું. કરારનામાનો કાગળ ગજવામાં નાખી વિહારી અને ગુણવંત ચાલ્યા. થોડે લગી બંનેનો રસ્તો એકજ હતો. તેઓ વાત કરતા જતા હતા, એજ અરસામાં સ્હામેથી મહંતને લઇ સુન્દરલાલ પોલીસો સાથે ત્યાં આવી લાગ્યો. દવેની ત્યાંજ મુલાકાત થઇ.

" આ કોણ ? " સુન્દરલાલ દવેને વિહારી બદલ પ્રશ્ન પૂછે તે પ્હેલાંજ વિહારીએ દવેને સુન્દરને માટે પૂછ્યું.

"એજ ત્હારી શર્તમાં મૂકાયલી સુન્દરીનું જીવન-સૌભાગ્ય ! સુન્દરલાલ !" દવેએ વિહારીને સુન્દરની ઓળખાણ કરાવી.

"અને એઓ ?" સુન્દરે પ્રશ્ન કર્યો.

"મ્હારા જુના ! અને એકકાના કેદખાનાની આજપર્યંત હવા ખાઇ આવેલા સ્નેહી ! એમનું નામ વિહારી !"

આજ વેળા, એકદમ ત્યાં એક ગાડી આવી ઉભી રહી. અંદરથી ગૌરી અને સુન્દરી હેઠા ઉતર્યા. બધાં મળ્યાં. આ વેળા હવેએ વિહારીની શર્તો ગુપ્ત રાખી.

"સુન્દરી ! તું કેવી રીતે છૂટી આવી ?" હવેએ પૂછ્યું. સુન્દરીએ બીમો પોતાની પિસ્તોલથી મર્યો, વગેરે તમામ વાત કહી. "તે પછી બદમાશ મ્હને આડે અવળે રસ્તેથી મહંતને ઝુંપડે લઇ ગયો. ખાલી ઝુંપડામાં મ્હને પલંગ સાથે બાંધી, દ્વાર બંધ કરી એ ક્યાંક ચાલ્યો ગયો."

"પછી તુ શી રીતે છૂટી ?"

"તે મ્હને પૂછો." ગૌરી હવે વચ્ચે પૂરાઇ. "તમે મ્હને મહંતને ઝુંપડે જવાનું કહ્યું હતું. મ્હને ઘા વાગેલો હોવાથી મ્હેં ગાડી કરી લીધી. મહંતના ઝુંપડાનું દ્વાર બંધ હતું. અંદરથી કોઇનો રૂદન ધ્વનિ સંભળાતો હતો. મ્હેં તે ગાડીવાનની મદદથી ઉઘાડી માતાને બંધનમૂક્ત કરી. તે પછી તમને પાછા મળવા અમે બંને ગાડીમાં બેસી મકાને (વિલાસિકાના) આવતા હતા, ત્યાંજ તમે મળ્યા."

"ચાલો ! એ પણ ઠીક થયું. બધા સાથે મળ્યાં ! એટલેજ બસ!"

"ત્યારે હવે એકકાને ક્યાં શોધવો છે ?" પોલીસ સુપ્રીન્ટેન્ડન્ટે હવેને કહ્યું.

"ક્યાંયે નહિ ! એ અત્રેજ હાજર છે." એમ કે'તાંજ સુન્દરી છલંગ મારી વિહારીના શરીર પર ધસી ગઇ. તેની બનાવટી મૂછ તથા વાળો કાઢી નાખ્યા.

"કોણ ? વિહારીના વેશમાં બદમાશ ?"

"નહિ ! હવે ! હું સાચોજ વિહારી છું. વેશધારી નથી. તુંજ

મૂર્ખ કે આટલો વખત સુધી ત્હારી મિત્રતા બાંધી તને ફસાવ્યો છતાં તેં મ્હને ન ઓળખ્યો."

હવે ઝાંખો પડી ગયો. "છેલ્લો દાવ." રમવા આવેલો લાલનો એક્કો આખરે એક અબળાથી પકડાયો.

"સુન્દરી! ત્હેં શા પરથી એ'ને પકડયો?"

"એની આંગળીએ જે વીંટી છે, તેજ મ્હારી આંગળીયે છે. તેના ઉપર મ્હારી નજર ગયાથી."

લાલના એક્કાને સુન્દરીને પોતાની વીંટી આપવાની ભૂલ હવે જણાઇ. તે પકડાયો હતો, છતાં છૂટવા સ્હેજ પણ ફાંફા મારતો ન હતો. જરાય જોર કરતો ન હતો.

"ત્હારૂં બધું બળ કયાં ગયું? એક્કા? હવે ન્હાસે ત્યારે ખરો?" હવેએ એક્કાને કહ્યું.

"હવે ન્હાસવાની શી જરૂર?"

"કારણ?"

"મ્હારા છૂટકારાનો ભાર જ્યારે તેં માથે લીધો છે? મ્હારૂં બળ તો ત્હેં અને સારા જગતે અત્યાર સુધી જોયું, પરન્તુ હવે તો મ્હારે ત્હારી બુદ્ધિ, બચાવ કરવાની રીત, અને વચન-પાલકતા જોવાનું રહ્યું છે. જો કે હું કંઇ ત્હારાજ બળ કે બોલ ઉપર વિશ્વાસ રાખી સ્વહસ્તે પકડાયો નથી, પરન્તુ બોલવામાં બ્હાદુર હવે વચન પાળવામાં કે'વોક છે, તે શુમારજ જોવા શાન્તિ ધારણ કરી રહ્યો છું. જ્યારે તું બેવચની, અને નિર્બળતા પુરવાર કરી આપશે, ત્યારે હું મ્હારૂં બળ, અને બુદ્ધિ-કૌશલ્ય અજમાવી લઇશ."

"તો શું એક બળવાન લુટારૂએ મ્હને છેતર્યો? બનાવ્યો? મૂર્ખ બનાવી મૂર્ખતાનો લાભ લીધો?"

"એ'માં શું પૂછવું? દવે! હવે એ વિચારો જવા દે! ત્હારી શર્ત મુજબ હું હવે મ્હારૂં અવશેષ જીવન ગૃહસ્થ તરીકે ગાળવા ઇચ્છું છું. જો તું બચાવી લઇ, ત્હારૂં વચન પાળી, મ્હને મ્હારી એ ભાવનામાં ઉત્તેજન બક્ષે, તો તો ઠીક! નહિ તો પુનઃ બાહુબળ અજમાવી પાછો એજ વ્યવસાય! એજ મ્હારો અંતિમ નિશ્ચય!"

"બચાવીશ! એક્કા! તું બેફિકર રહે! ગમે તેવો તોય તું એક વીર છે. જો ત્હારે સુધરવુંજ હોય, તો પ્રાણુના ભોગે પણ ત્હને મૂકત કરાવી વચન પાળીશ. ત્હારી છળ કપટની કરેલી મિત્રતા હું સચ્ચાઇમાં ફેરવી સંભાળીશ. પણ હાલતો તું જે થાય તે જોયાજ કર!"

ચાલાક એકકો આખરે "છે બુદ્ધિ કોઇના બાપની?" એ કે'તી અનુસાર દવેને બનાવી મૂકિતનો "છેલ્લો દાવ" રમી ગયો.

પ્રકરણ-૧૬ મું.

"ન્યાય—ફાંસી!"

ભૂખ્યો મરે વનરાજ તદપિ તૃણ તે ખાતો નથી,
ત્યમ વીર! સાચો જે! દયા પર જીવવું ચ્હાતો નથી.
ધડ થાય શિષથી વેગળું...હા! ત્યાં સુધી ઝૂઝે સહી,
પણ માફીનો ઉચ્ચાર મુખમાં! કે કદી ઝુકે નહિ.

ન્યાય દરબાર ભરાઇ ચૂક્યો હતો. ન્યાયાસને ન્યાયાધિશ વિરાજી રહ્યા હતા. ન્યાયાધિશના કે'વાથી એકકાએ પોતાનો ટુંક, અખિલ જીવન–ઇતિહાસ કે'વો શરૂ કર્યો. તેના કંઠમાં કર્કશતા જરાય ન્હોતી. મોઢા ઉપર એજ વીરોચિત તેજ! પગ સરખા ન્હોતા ધ્રુજતા! બહાદુર તો ખરો! એટલું તો નિઃસંશય!

" આજથી પંદર વર્ષની આ વાત છે, કે જ્યારે મ્હારા પતા મરવા પડેલા હતા. હું તે વેળા વીસ વર્ષની તરૂણાવસ્થામાં હતો. મ્હારા પિતાએ તે વેળા મ્હને નીચેની વાત કહી હતી. તે વેળા મ્હારૂં નામ રણધીર હતું!"

" બેટા! રણધીર! તું ધનવાનનો પુત્ર છે, છતાં તને આજે કોડી વિનાનો મુકી જાઉં છું. કારણ? આપણા ગામના શ્રીમાન શેઠ રત્નકિશોરજ આ તમામ પાયમાલીના મુળ છે. મ્હારી તમામ જમીન એમણે વેચાતી રાખી લીધી. જ્યારે હું એમની પાસે એના નાણા લેવા ગયો, ત્યારે પ્રભુ જાણે! કરેલો કરારનો કાગળીયો હિસાબ જોવા માંગી હસ્તગત કર્યો. તે પછી તેણે નાણાં ન આપ્યા, કરારનો કાગળ ગુમાવ્યાથી મા'રૂં કશું ચાલ્યું નહિ. ત્હારી માતાની મરણ ક્રીયા પાછળ પણ એક પૈસા સરખો ખર્ચવા ન રહ્યો. આખરે ઘર વેચી તે સૌ કર્યું. આજ આ ઝુંપડી નિવાસી તે એનોજ પ્રતાપ! હું તો હવે વૃદ્ધ થયો છું. કશું કરી શકું એમ નથી. મરવા પડયો છું. બેટા! હવે મ્હારૂં એમ કે'વું છે કે જો તું રજપૂતના બુન્દનો પાકેલો હોય તો એ વાણીયાનું વેર લેજે, અને ઓ ન્યાયાધિશ! મ્હેં પણ આવેશપુર્વક શરમાંને શરમાં એ ભયંકર પ્રતિજ્ઞા તાત સમક્ષ કરી. તેમનો આ દુનિયામાં રહી જતો જીવ મોકળો કર્યો. બીજેજ દિવસે

હું શેઠને બંગલે ગયો. મ્હેં તેમને રૂપીઆ ન આપે તો ઘર સળગાવી મુકવાની બ્હીક બતાવી. પરન્તુ લક્ષ્મીમાં અંધ બનેલ શેઠે તે ન ગણકાર્યું. આખરે બે ત્રણ દિવસ પછી મ્હેં મ્હારા જેવા એક ન્હાનપણુના કદાવર સોબતીને શોધી કાઢયો. અમે બંનેએ એકાએક રાતના બંગલા ઉપર હલ્લો કરી, શેઠ અને તેમની સ્ત્રીને મારી નાખ્યા. બંગલો સળગાવી મુકી, ધનમાલ લુંટી લીધો.''

"પછીની વાત મ્હને કે'વા દો." વૃદ્ધ મહંતે વચમાં કહ્યું.

"કહો !"

"હું તે વેળા શેઠને ત્યાં તુર્તનોજ નોકર રહ્યો હતો. મ્હારા શેઠનું લૂણ હલાલ કરવા હું તેની પુત્રવધૂ સુન્દરીને લઇ નાઠો. સરકાર તરફથી આ બદમાશને પકડવા ડિટેકટીવ દવેને નીમવામાં આવ્યો. તેણે મ્હને જંગલમાં ઝુંપડું બાંધી ગુપ્ત રે'વા ભલામણ કરી, અને હું સુન્દરીને લઇ ત્યાં રહ્યો.

"જો કે મ્હેં લુંટ તો કરી," એકકાએ આગળ ચલાવ્યું, "પણ અંતે હું પકડાયો. મ્હને ત્રણ વર્ષની સખ્ત કેદની શિક્ષા થઇ. પરન્તુ મ્હારો વફાદાર સ્નેહી ભીમો ન્હાસી છૂટયો હતો, તેણે લુટારૂની ટોળી જમાવી. એકજ વર્ષમાં બહૂ બહૂ પ્રયત્નો કર્યા પછી હું ભીમાની મદદથી જેલમાંથી નાઠો. કેદીની નિશાની તરીકે મ્હારા જમણા હાથ પર લાલના એક્કાનો ડા'મ હતો, તે નિશાનીથી મ્હને પકડવા પેપરોમાં મ્હોટા મ્હોટા ઇનામો છપાયાં. અને મ્હેં પણ ત્યારથી સરકાર સા'મે ખુલ્લી છાતીએ લાલના એક્કાના પ્રસિદ્ધ નામે બ્હારવટીયું ખેડવું શરૂ કર્યું. મ્હેં તે પછી શેઠની પુત્ર-વધૂ જીવતી છે, એમ સાંભળતાં ભાળ કાઢી. અને મહંતને ઝુંપડેથી તેને ઉઠાવી લાવ્યો."

મહંત વચ્ચેજ બોલી ઉઠયા, " તેજ વેળા, તે એક રેશમી રૂમાલ ગુંથી રહી હતી. એ સગર્ભા સુન્દરીએ એક છ માસની બાળકી તે વેળા મ્હારે ચરણે ધરી હતી. પોતાના નિકંદન કાઢનારની યાદગીરી રાખવા તેણે લાલનો એકકો નામ ! ચિત્ર સાથે રૂમાલમાં ગુંથ્યું હતું. પુત્રી બે વરસની થઇ. મ્હેં એનું નામ ગૌરી પાડયું. આ વેળા યુવાન ડિટેકટીવ ગુણવંત વારંવાર મ્હારે ત્યાં આવતો હતો, મ્હેં એને સુન્દરીના ગૂમ થવાના સમાચાર કહ્યા હતા. બીજા આઠ વર્ષ પછી એક દિવસ જયારે હું જંગલમાં ફળ લેવા ગયો, ત્યારે કોઇના કારી બાણોનો હું ભોગ થઇ ગયો. મ્હેં મ્હારી આંખો ગુમાવી. પશુ ધારી ભૂલેલો તે શિકારી મ્હને આ ઝુંપડી સુધી મૂકી ગયો. પોતાની યાદગીરી તરીકે એક મુદ્રિકા પણ આપતો ગયો."

" અને એજ ગૌરી પાસે આવેલી મ્હારી મુદ્રિકા ! તમારી આંખો ફોડનાર શિકારી તે હુંજ ! મ્હારી એક સરખી બે વીંટીઓમાંથી મ્હેંજ એ વેળા એક આપને આપેલી, એ હવે મ્હને બરાબર સાંભર્યું." લાલના એકકાએ ખુલાસો કર્યો.

" અને મ્હેં એ મુદ્રિકા ગૌરીને ગુણવંત સાથે પરણાવતાં કન્યાદાનમાં આપી." મહંતે કહ્યું.

" સાંભળો ! જેલમાંથી છૂટતાંજ મ્હેં એક વેશે લાલના એકકાને નામે, અને બીજે વિહારીને નામે, દવેની મિત્રતા બાંધી. દશ બાર વર્ષના સ્નેહે ગૌરીના લગનનો ભેદી પત્ર મ્હેંજ દવેના ટેબલ ઉપરથી વાંચ્યો, અને ગુણવંત જાય, તે પ્હેલાં મહંતને ઝુંપડે જઇ ગૌરીને પરણી જવામાં ફાવ્યો." લાલના એકકાએ કહ્યું.

" હા ! અને તે પછી તૃષાતુર સુન્દરલાલ પરદેશથી પાછો ફરતાં મ્હારે ઝુંપડે અચાનક આવી મળ્યો. મ્હારી સલાહ અનુસાર એણે મુદ્રિકાની ભૂમિકા ભજવી, અને રૂમાલ હિ. દવેને વિલાસિકાના મકાન આગળ પ્હોંચાડવા ગયો. " મહંત બોલ્યા.

" ત્યારે મ્હારા ટેબલ ઉપરનું કવર લઇ જનાર કોણ ? " દવેએ પ્રશ્ન કર્યો.

" તે પણ સેવક વિહારી ! મ્હેંજ મ્હારી ગુફાથી તમારા મકાન સુધી છુપી સુરંગ ખોદેલી છે. " એકકાએ કહ્યું.

" ત્યારે મી. દવે ! તમે કહ્યું, કે તમે અને ગૌરી ભીમાના હાથમાં સપડાયા તો પછી ભીમાના હાથમાં બેડી ક્યાંથી ? તમે છુટયા કેવી રીતે ? " ન્યાયાધિશે પ્રશ્ન કર્યો.

" ભીમો અમને બંનેને કેદ કરી અર્ધ રસ્તે પ્હોંચ્યો, ત્યાં મ્હેં ગૌરીને આંખના અણસારાથી સમજાવી, ભીમાને મ્હેં મ્હને છોડી દેવા કહ્યું. ગૌરીને પરણવાની લાલચે ભીમાએ આખરે વાત કબૂલી. અમને બંધન મૂ.ત કરવામાં આવ્યા. ગૌરીના હાથમાં હાથ મૂકવા મ્હેં ભીમાનો હાથ મ્હારા હાથમાં લીધો, અને વરવાના ઉમંગમાં આંધળા બનેલાને ચતુરાઇથી સંતાડેલી બેડીનો એક છેડો કળ દાબી સેરવી દીધો. એટલામાં ચાલાક ગૌરીએ મ્હારા ગજવામાંથી પિસ્તોલ કાઢી ભીમા સા'મી ધરી. મ્હેં ભીમાને બીજે હાથે બેડી પ્હેરાવી. પરન્તુ બળવાન ભીમો તે છતાંયે દગો થયેલો જોઇ મ્હને જમીન ઉપર પટકી ન્હાસી ગયો. પોતાના શેઠ લાલના એકકાને તેણે મરતાં મરતાં ચેતાવી દીધા. દવેએ કહ્યું.

તમામ કેસ સાંભળ્યા પછી ન્યાયાધિશે નીચેના મુદ્દા ઉપર કેદીને ગુન્હેગાર ઠરાવ્યો.

(૧) શેઠ રત્નકિશોર તથા તેની સ્રીનું ખૂન !

(૨) સુન્દરી તથા ગૌરીને દીધેલાં દુઃખ તથા બળાત્કાર.

(૩) મહંતની આંખો ફોડવી.

(૪) જેલ તોડી ન્હાસી જવું.

ગુન્હો સાબિત થયો. ન્યાયાધિકારીના મુખમાંથી બેજ શબ્દો બ્હાર પડયા. જેની તમામને આશા હતી.

"ન્યાય—ફાંસી !"

પરન્તુ એક્કાની મુખમુદ્રામાં આથી જરાય ફેરફાર ન થયો, તે હતો એમજ હસમુખો હતો. કેવળ એકજ વ્યકિતનું દિલ એક્કાને શિક્ષા કર્યાથી દુભાયું હતું. અને તે કોણ ? ગુણવંત ઉર્ફે કરારથી બંધાયલો, વચન બદ્ધ વીર ડિટેકટીવ દવે !

પ્રકરણ ૧૭ મું.

"વીર લૂટારૂ !"

નિજ બાહૂબળ પર ઝૂઝનારો ! વીર વિજયી થાય છે,
જીવતાં જગે પૂજાય ! મરતાં નામ સંભારાય છે.

ન્યાયાધિશને અંગલે આજે ડિટેકટીવ દવે આવેલો હતો. કારણ? આજે બપોરે બાર વાગે લાલના એકાને ફાંસી દેવાવાની હતી.

"કેમ? દવે? આજ કંઇ અત્યારમાં આ તરફ?" ન્યાયાધિશે પ્રશ્ન કર્યો.

"એક યાદ આપવા."

"તે શું?"

"પંદર વર્ષના પરિશ્રમે કાર્ય તો સફળ કર્યું, પરન્તુ મ્હારૂં ઇનામ હજુ મ્હને નથી મળ્યું!"

"વાહ વાહ! તે માટે આટલી બધી તસ્દી લેવાની કંઇ જરૂર! ખરેખર આટલી યુવાન વયમાં તમે ઘણીજ સારી સેવા બજાવી છે. ઇનામ તમને ઘેર પ્હોંચતુ કરીશું. એને માટે બેફીકર રે'વું."

"નહિ! પરન્તુ હું કંઇ વિચિત્રજ અને મહાન ઇનામની આશાએ અત્યારે અત્રે આવ્યો છું."

"તો ભલે! કહી દો તેયે પૂરી પડશે."

"લ્યો આ પત્ર! અને લાલના એકકાની ફાંસીની શિક્ષા રદ કરી મૂકિતનો પરવાનો લખી આપો."

"દવે...આ....શું?"

"ઇનામ! મ્હારૂં ઇનામ! શું હું એ ઇનામને પાત્ર નથી?"

"પરન્તુ......"

દવેએ ન્યાયાધિશને પોતે કેવી રીતે વચનથી બંધાયો હતો, તે સર્વ સંક્ષેપમાં કહ્યું.

"એક વીરની વીરતાનો નાશ કરવા કરતાં તેને યોગ્ય દિશાએ વાળી ઉપયોગમાં લેવાથી તે વધુ લાભદાયી નહિ બની શકે?" દવેએ સમજાવવા માંડયું.

"પરન્તુ દુનિયા અને સરકાર એમ સમજશે ?"

"ફૂળો! ઉગે અને તે ચાખીએ, તે પછીજ ઝાડ નકામું છે કે કામનું તે કહી શકીએ. પગલું ભર્યા વિના આગળથીજ ન ઉચ્ચારવો! એ તો નામર્દનું કામ !"

"તમારૂં ધાર્યું કરવાને હવે કેવળ એકજ ઉપાય છે."

"શો ?"

"એને બદલે જો તમે પોતે ફાંસીએ ચઢવા તૈયાર થાવ તો."

"કબુલ !"

ન્યાયાધિશે સહી કરી. દવે પોતાની જીંદગી વેચી મૂક્તિનો પરવાનો લઇ દોડયો.

ફાંસીને માચડે જ્યાં એકકાને ઉભો રાખવામાં આવ્યો હતો, ત્યાં અણીના પ્રસંગે દવે આવી લાગ્યો. એકકાને પરવાનાથી મુક્ત કરી પોતે ફાંસીની દોરી સ્વહસ્તે ગળામાં ઘાલી ઉભો.

"આ શું ?" એકકો તેમજ તમામ પોકારી ઉઠયા.

"વચનને ખાતર !" દવે બોલ્યો, એકકો દવેને બાઝી પડયો. તેના ચરણ ચૂમી તે ગદ્દગદ્ કંઠે બોલ્યો, જો કે હું બળમાં અધિક છું, છતાં સાચો વીર તો તુંજ ! કે જે વચનને ખાતર પોતાના પ્રાણને પણ વ્હાલો નથી કરતો.

છે વીર સાચો તેજ ! જે નિજ વચનથી ફરતો નથી,
નિજ બોલ ખાતર ! પ્રાણની પરવા જરા કરતો નથી.
વિશ્વાસ ! બીજું વચન ! ત્રીજું વ્હાલ ! ત્રણ સંભાળીએ,
હિંમત વિના નહિ બોલીએ ! જો બોલીએ ! તો પાળીએ.

ધન્ય છે ! ગુણવંત ! ત્હારી વીરતા ને કૌશલ્ય જોઇ હું જેટલો

સચીત્ર-વર્ષમાં એક હજાર પૃષ્ટ- જરૂર મંગાવો

છુપી પોલીસ વાર્તામાળા વાર્ષીક લવાજમ રૂા. ૩

પુષ્પ પેલું—ખુની કોણ? ત્રણ ચીત્રો સાથે પૃષ્ટ ૧૨૦

,, બીજું—ભેદી પુતળું ,, ,, ,,

હવે પછી	દીવાળી પછી બહાર પડશે
લાલનો એકકો !	હીરાનો હાર
ચમત્કારી ચક્ર !	મોતીની માળા
પારસની પુતળી !	મહાદેવીનું મંદિર
લોહીનો પંજો !	આકાશી તારો
ઝેરીલી નાગણ !	નયનોનાં જાદુ
કરોડોનું કંકણ !	ભેદી ભોયરૂં

આર્ટ પેપર પર સચીત્ર મનહર કવર

લવાજમ અગાઉ, મનીઓર્ડરથી મોકલી આપો, ગ્રાહકોની સગવડ ખાતર નીચે મુજબ છુટ રાખી છે, છ આનાની પોષ્ટલ ટીકીટો એક કવરમાં મોકલી આપનારને એક નકલ બુક પોષ્ટથી મોકલીશું.

જો—સુજ્ઞ ગ્રાહકો અમારા આ સાહસને વધાવી લેશે તો દરેક પુસ્તકમાં વધારે પૃષ્ટો તથા ચીત્રો મુકીને સુશોભિત કરવામાં આવશે.

તુર્તમાં ગ્રાહક થનારને **મહાભારત** નાટક ભાષણ સાથે ભેટ આપવામાં આવશે.

એજંટો જોઇએ છે. ઘણુંજ સારૂં કમીશન મળશે.

ઠા. **હરીલાલ અને માણુલાલ બુકસેલર્સ**

ટાવરરોડ તારઓફીસ સામે—સુરત.

અમારા તરફથી બહાર પડેલાં પુસ્તકો

ન્યુ ફોનોગ્રાફ ગાયનમાળા પૃષ્ટ ૮૦ ૦—૮—૦

ન્યુ ફોનોગ્રાફ ગાયનમાળા ભાગ ૧ થી ૧૦ પૃષ્ટ ૧૬૦ ૧—૦—૦

જળસમાધી વા. **દેવી શારદા** પાંચ ચીત્રો (હરીગીતમાં) ૦—૮—૦

રાજા ભરથરી સંગીત પાંચ ચીત્રો સાથે ,, ૦—૮—૦

ખ્યાલસાગર કલગી તુરાના પ્રખ્યાત ખ્યાલોનો સંગ્રહ ભાગ પહેલો ૦—૪—૦

,, ,, ભાગ બીજો ૦—૪—૦

ખૂની કોણ છૂપી પોલીસની સચીત્ર વાર્તા. ૦—૮—૦

ભજન રત્નાકર ઉભાં ભજનોનું ઉત્તમ પુસ્તક ૦—૬—૦

વીનાશીની વામા ઐતિહાસીક નવલકથા નવ ચીત્રો સાથે. ૩—૦—૦

બૃહત ગરબાવળી સ્ત્રીઓ માટે ઉત્તમોત્તમ ગરબાઓનું પુસ્તક પૃષ્ટ ૩૫૨

બોલતી મેના યાને પ્રખ્યાત ગાયનમાળા. ૧—૦—૦

મધુરી કોયલ ,, નાટય ગઝલ સંગ્રહ. ૦—૨—૦

સુરતની મઝા ,, ખુશીની સજા. ૦—૨—૦

કનૈયાની બંસી ,, ગોપીની ફરીઆદ. ૦—૨—૦

મધુરી બંસરી ,, સંગીત દીલઆરામ. ૦—૨—૦

સંગીત વીણારવ ,, મધુરો ગુર્જર. ૦—૨—૦

હુરક દીવાના ,, આશકે મસ્તાના. ૦—૨—૦

દોરંગી દુનીયા ,, મધુરો આલાપ. ૦—૨—૦

ફેરીઆઓને તથા વેપારીઓને સારો લાભ.

મોટાં સુચીપત્ર માટે અર્ધા આનાની ટીકીટ બીડો, જવાબ માટે અર્ધા આનાની ટીકીટ બીડવી.

ઠા. **હરીલાલ** અને **પ્રાણલાલ બુકસેલર્સ** ટાવરરોડ તાર ઓફીસ સામે—**સુરત.**

આશ્ચર્ય, અને પ્રસન્ન થઇ શકયો છું. એથી હજાર ગણો પ્રસન્ન તારી વચનપાલકતાના ગુણે થયો છું.

શાબાશ! સાચા વીર! ઉજાળી જનેતા-કૂખને,
સાર્થક કર્યું! જીવ્યું, અને પીધું જનેતા-દૂધને.

એકકો સહર્ષ દવેને ભેટી પડયો.

ત્યાંજ ન્યાયાધિશની મોટર આવી રહી. દવેને મૂકત કરવામાં આવ્યો. ન્યાયાધિશની કસોટીમાંથી ગુણવંત પસાર થયો.

"પ્રિય સુહૃદ!" દવેએ હવે એકકાને પૂછ્યું, "હું હવે એટલુંજ જાણવા માગું છું, કે તું બાહુબળ પર ઝઝુમવાની વાત કરતો હતો, તો આ'વા પ્રસંગે ક્ષમા અથવા તો દયાની ભિખ વિના મુકિતની આશા શી રીતે રખાય?"

દવેના શબ્દોનો આંતરિક મર્મ-પ્રહાર વીર લુહાર સમજી ગયો. તે બોલ્યો..."દવે! દવે! તું એમ ન ધારીશ, કે તું એકલોજ આપ્યું વચન પાળી શકે છે. તું એકલોજ પ્રાણ દઇ શકે છે. ના... ના. એક રજપૂત બચ્ચો કોઇની દયાના દાન પર, કે ભીખના જીવન પર જીવવા રે'તોજ નથી. જો હું યે પ્રાણ દઇ શકું છું. બળાત્કારથી શત્રુના ચરણોમાં મસ્તક ઝૂકાવી પ્રાણદાન માંગતાં પ્હેલાં આ શૌર્ય ભર્યો રસ્તો લઇ શકુ છું."

ગુણવંતના હાથ માંહેની હીરાની મુદ્રિકા એકકાએ છલંગ મારી એક આંચકા સાથે કાઢી લીધી. જોત જોતામાં તે ચૂસી ગયો. ઝે'ર ચઢવા માંડયું. આંખે અંધારા આવતાં તે જમીન પર પડયો. મરવાની છેલ્લી ઘડી સુધી તેના વીર-વદન ઉપર શૌર્યનું તેજ ઝળકી રહ્યું હતું. ગમે તેવો બદમાશ છતાં તે મર્યો તો વીર-મ્હોતે.

અને આ'વાં વીર-મૃત્યુ કંઇ બધાના ભાગ્યમાં નથી લખાતાં ! આ'વી વીર-વજ્ર છાતી બધાં નથી કરી શકતાં ! એ'માંયે હિંમત સાથે ધૈર્ય જોઇએ છે.

સઘળાં આ વીર-મૃત્યુ પ્રતિ જોઇ રહ્યાં. " તમારા બંનેમાં વીર કોણ ? " ન્યાયાધીશના મુખમાંથી ઉદ્દગાર બ્હાર પડયા.

" ટેકીલું વચન પાળી શકે તે ! ક્ષમા દઇ શકે તે ! પ્રાણ પાથરી શકે તે ! "

લાખના એકડાના આ છેલ્લા શબ્દો હતા.

" નહિ ! અંત ઘડી સુધી પણ પોતાના બાહુબળ ઉપર અડગ શ્રદ્ધાથી ઝૂઝનાર ! મોતના મુખમાં પણ શાન્ત, મૂર્તિશી હિંમતપૂર્વક ઉભો રે'નાર ! સ્વભાવ ભિન્ન હતે અંગે જીવની પરવા તજનાર ! ધુંજ ! ધુંજ ! લાખનો એકડો ઈર્ષ્ય વીર લુટારૂ ! "

ભૂખ્યો મરે છે કેશરી પણ તૃણને અડતો નથી,
રણપર ચઢયો રજપૂત ! તે પાછો પછી પડતો નથી.

શૂરવીર સાચો જીવતા ! ઇચ્છે ન શત્રુની દયા,
કીર્તિ ગુમાવી જીવવું ! જીવતા રહ્યાં ? એ ના રહ્યાં.

જનની પ્રસવે પુત્ર તો ! આ'વા રત્નો વીર !
ઝૂઝે જે બાહુબળે ! આછાં મૂકી શીર.

વીર ! લુટારૂ ત્હારી અપૂર્વ વીરતા માટે ખરેખર ! તું ધન્યવાદને પાત્ર છે.

રાવણ મર્યો પણ રામ સાથે આજ તેનું નામ છે,
ગુણવંત સાથે તેમ ત્હારૂ પણ રહેલું નામ છે.

ઇતિહાસને પાને લખાશે ધન્ય ત્હારી વીરતા !
કાયમ રહેશે ! તું જશે ! પણ નામ ! ત્હારી વીરતા.

અને આ અભિમાન ધરાવવા લાયક શબ્દો છેલ્લા ડચકાં ખાતા; એકકાના કાનમાં પડયા. વીર લુટારૂ ! મર્યો, પરન્તુ ગૌરવ બચ્યો !

જે વીરતાનો ગુણ ! એ નિઃશંક હા ! અણમૂલ છે,
ઉપયોગ કરવાં આવડે ના ! એજ કેવળ ભૂલ છે.

જો !

સદ્વ્યય કરતે શૌર્યનો ! પૂજત જગત તમામ,
અમર થતે ઇતિહાસમાં ..."વીર-લુટારૂ" નામ.

વાંચક ! આ'ના વીર-લુટારૂના મૃત્યુ પૂરે કંઇ નહિ તો ! કેવળ ત્હેની વીરતાને ખાતર પણ બે આંસુ અવશ્ય પાડ !

" ઉપસંહાર. "

અને,

— સ્પષ્ટિકરણ —

(૧) " વિહારી " નાજ વેશમાં લાલના એકઠામે ડિટેકટીવ દવેના ઘરમાંથી પત્ર ઉપાડી લઇ, ત્યાં પોતાની છબી મૂકી હતી.

(૨) પ્રકરણ ૭મામાં મુદ્રિકા વીંટી જોતાં બેહોશ થઇ, તેનું કારણ તે વીંટી પોતાની હતી, અને તે ગુણવંતીની પાસે હતી એટલે કદાચ " મ્હારી પત્ની સુન્દરીજ ગુણવંતીના વેશમાં હોય " એમ મુદ્રિકાના વેશમાં રહેલા સુન્દરલાલે કલ્પના કરી. પરન્તુ પાછળથી મુખ-દર્શન કર્યા પછી એ વાત ખોટી લાગી.

(૩) પ્રકરણ ૭માના અંત ભાગમાં " અફસોસ " ના ઉદ્દગાર મુખમાંથી નીકળવાનું કારણ! પોતે જે ગુણવંતીને સુન્દરી ધારી હતી, તે અન્ય સ્ત્રી નીકળી તેથી, અને તેજ ભ્રાન્તિમાં તે ગુણવંતીને સુન્દરી ધારી " ઓ મ્હારી પ્રિયા " કહી ભાજી પડી હતી. પરન્તુ, પાછળથી મુખ જોતાં પોતાની ભૂલ સુધારી પોતે બેશુદ્ધિમાં બોલી એમ ફેરવી નાંખ્યું હતું.

" છેવટ ! "

ગુણવંતી અને ગૌરીને " લાલના એકકાનો " અગણિત ધન-ભંડાર તથા તેની પાસેથી રૂમાલ પ્રાપ્ત થયો. ગુણીયલ દંપતિ યુગલે વસન્તની વાટ જોવા લાગ્યું. વૃદ્ધ અંધ મહંત ગૌરીના ધર્મ પિતા તરીકે અવશેષ જીવન પ્રભુભક્તિમાં પસાર કરતા રહ્યા.

સુન્દરી અને સુન્દરલાલ પુત્રી-જમાઇને સુખી જોઇ હર્ષિત થયાં બધાંય એક સંપથી એક સાથે રહ્યાં.

" પ્રભો! અર્પે! પ્રત્યેકને એવો મંગલ-સમય! "

સમાપ્ત.

સુરત લીમડાચોકમાં આવેલા મગનલાલ વ.ના દેશી મિત્ર પ્રેસમાં નાથુભાઇ દેવચંદ છાપી.

સચિત્ર ઐતિહાસિક નવલકથા

વિનાશીની વામા!



યાને રામશાજીનો સર્વનાશ.